# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

'જો હું અમેરિકન હોત તો...' કંગના રનૌતે આપ્યું ટ્રંપને સમર્થન...

પેજ-09

વાઈડ બોલ પર એમએસ ધોનીનો પત્ની સાક્ષી સાથે ઝઘડો થયો હતો



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 35.00 | 22.00 |
| વડોદરા | 36.00 | 22.00 |
| સુરત | 35.00 | 23.00 |

પેજ 5



અમેરિકામાં ચૂંટણીનાં પરિણામો વચ્ચે સેન્સેક્સ 901 પોઇન્ટની તેજી...

07 NOVEMBER-2024 THURSDAY

હિજાબના વિરોધમાં દેખાવો કરનારી વિદ્યાર્થીની ગુમ! ઈરાનમાં...



પેજ 10

| શેરબજાર | | |
|---|---|---|
| સેન્સેક્સ | 80378.13 ▲ | 901.50 |
| નિફ્ટી | 24484.05 ▲ | 270.75 |
| સોનું | 76,395.00 ▼ | 2,112.00 |
| ચાંદી | 90,107.00 ▼ | 4,541.00 |


વર્ષ-13 । અંક-349 । વિક્રમ સંવત-2081 । કારતક સુદ-06 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પનો જાદુ ફરી એકવાર કામ કરી ગયો

# ટ્રમ્પની વિકટ્રી સ્પીચ : ઈતિહાસની સૌથી મોટી રાજકીય ક્ષણ

## MY FRIEND દિલથી તમને ખૂબ-ખૂબ અભિનંદન : USના Big Boss માટે મોદીએ ટ્વીટ કર્યું

(એજન્સી) વૉશિંગ્ટન । તા. 06

અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પનો જાદુ ફરી એકવાર કામ કરી ગયો છે. તેમણે આ ચૂંટણી જીતીને કમલા હેરિસને હરાવ્યાં છે. આવી સ્થિતિમાં સ્પષ્ટ છે કે હવે અમેરિકાની કમાન ડોનાલ્ડ ટ્રમ્પના હાથમાં રહેશે. તેઓ અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ બનશે. ટ્રમ્પના ખાસ મિત્ર ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેમને ટ્વીટ કરીને અભિનંદન પાઠવ્યાં છે. જીતની જાહેરાત બાદ ડોનાલ્ડ ટ્રમ્પ હવે તેમના સમર્થકોને સંબોધવા માટે પહોંચી ગયા છે. મતદાતાઓને સંબોધિત કરતાં ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા ફરી એકવાર મહાન બનવા જઈ રહ્યું છે. તેમણે પોતાના મતદારોનો પણ આભાર માન્યો છે. તમને જણાવી દઈએ કે ચૂંટણીપ્રચાર દરમિયાન બંને પ્રતિસ્પર્ધીનું સંપૂર્ણ ધ્યાન 7 સ્વિંગ સ્ટેટ્સ પર હતું, જે તમામમાં ટ્રમ્પ આગળ છે. ડોનાલ્ડ ટ્રમ્પ પણ આમાંથી બે જીત્યા છે. વિશ્વની આ સૌથી જટિલ ચૂંટણીપ્રક્રિયામાં રાષ્ટ્રપતિ બનવા માટે બહુમતનો આંકડો 270 છે, કારણ કે અહીં કુલ 538 ઈલેક્ટોરલ કોલેજો છે અને જીતવા માટે 270 કે તેથી વધુની જરૂર છે. આગામી પ્રમુખ ઈલેક્ટોરલ કોલેજ દ્વારા જ ચૂંટવામાં આવશે. ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી જીત્યા વોટિંગ-કાઉન્ટિંગ વચ્ચે અમેરિકન મીડિયાએ મોટો દાવો કર્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની ચૂંટણી જીતી ગયા છે અને તેઓ અમેરિકાના 47મા રાષ્ટ્રપતિ બનશે. અમેરિકાના ફોક્સ ન્યૂઝ ચેનલ દ્વારા આ દાવો કરવામાં આવ્યો હતો, જેમાં ટ્રમ્પને 277 ઈલેક્ટોરલ વોટ મળ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.




### અમેરિકાના પ્રમુખપદે ફરી ચૂંટાવા બદલ હું ટ્રમ્પને અભિનંદન નહીં આપું : પુતિન

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીના પરિણામો સામે આવી ગયા છે. પરિણામોની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી, જોકે તેમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીત સ્પષ્ટ જોવા મળી રહી છે અને તેઓ ફરી અમેરિકાના પ્રમુખ બનવાનું નિશ્ચિત થઈ ગયું છે. ભારત સહિત વિશ્વભરમાંથી ટ્રમ્પને જીતના અભિનંદન મળી રહ્યા છે. જોકે ટ્રમ્પની જીતને લઈ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન નાખુશ હોવાનું જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી ખુશ થયા હોવાનું સામે આવ્યું છે.

### ઝેલેન્સકીએ ટ્રમ્પને પાઠવ્યા અભિનંદન

ટ્રમ્પની જીત અંગે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીનું પણ નિવેદન સામે આવ્યું છે. તેમણે ડોનાલ્ડ ટ્રમ્પને અભિનંદન પાઠવવાની સાથે યુક્રેનને વધુ સમર્થન આપવાની અપીલ પણ કરી છે. તેમણે કહ્યું છે કે, 'અમે ટ્રમ્પના તે નિવેદનનું સમર્થન કરીએ છીએ, જેમાં તેમણે 'તાકાતના દમ પર શાંતિ' સ્થાપવાની વાત કહી હતી. ઝેલેન્સ્કીએ એમ પણ કહ્યું કે, 'મારી અને રાષ્ટ્રપતિ ટ્રમ્પ વચ્ચે સપ્ટેમ્બરના શાનદાર બેઠક યોજાઈ હતી.

### ટ્રમ્પની નીતિ જોયા બાદ જ અભિનંદન પાઠવીશું : ક્રેમલિન

રશિયાના રાષ્ટ્રપતિએ કહ્યું છે કે, 'અમેરિકાના ફરી પ્રમુખપદે ચૂંટાવા બદલ હું ટ્રમ્પને અભિનંદન નહીં આપું. ક્રેમલિન તરફથી કહેવામાં આવ્યું છે કે, 'અમે ટ્રમ્પની નીતિઓ જોયા બાદ જ તેમને અભિનંદન આપવાનું વિચારીશું. ટ્રમ્પના રાષ્ટ્રપતિ પદનું મૂલ્યાંકન તેમના યોગ્ય પગલાંઓના આધારે જ કરવામાં આવશે. અમે ટ્રમ્પને તેમના કાર્યોના આધારે પારખીશું.

## 6 ભારતીય મૂળના ડેમોક્રેટ નેતા પણ ચૂંટાયા

## સુહાસ સુબ્રમણ્યમે ઈતિહાસ રચ્યો

અમેરિકાના પ્રમુખ તરીકે ડોનાલ્ડ ટ્રમ્પની જીત લગભગ નક્કી છે. હવે ફક્ત સત્તાવાર જાહેરાત જ બાકી છે, પરંતુ અમેરિકન નાગિરકોએ ટ્રમ્પને 47માં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટી લીધા છે. ટ્રમ્પે વર્તમાન ઉપ પ્રમુખ અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસને હરાવ્યા છે. જો કે, આ ચૂંટણીમાં ભારતીય મૂળના 6 ડેમોક્રેટ નેતાએ બાજી મારી છે. જેમાં વર્જિનિયાથી સુહાસ સુબ્રમણ્યમ, કેલિફોર્નિયાથી અમી બેરા, ઈલિનોઈથી રાજા કૃષ્ણમૂર્તિ, કેલિફોર્નિયાથી રો ખન્ના, વોશિંગ્ટનથી પ્રમિલા જયપાલ અને મિશિગનથી શ્રી થાનેદાર સાંસદ તરીકે ચૂંટાવામાં સફળ રહ્યા છે. ભારતીય-અમેરિકન વકીલ અને ડેમોક્રેટ નેતા સુહાસ સુબ્રમણ્યમે વર્જિનિયા અને સમગ્ર ઈસ્ટ કોસ્ટમાંથી ચૂંટાઈને ઈતિહાસ રચ્યો છે. સુબ્રમણ્યમે રિપબ્લિકન પાર્ટીના માઈક ક્લેન્સીને હરાવ્યા હતા. તેઓ હાલમાં વર્જિનિયાના સેનેટર છે. આ પહેલા સુહાસ સુબ્રમણ્યમ વ્હાઈટ હાઉસમાં પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના સલાહકાર તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

### ભારતીય મૂળના નેતાઓ યુએસ ચૂંટણીમાં પ્રભુત્વ જમાવ્યું

શ્રી થાનેદાર 2023થી મિશિગનના 13મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટના ડેમોક્રેટ સભ્ય છે. હવે તેમને બીજી વખત હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવના ઉમેદવાર તરીકે ચૂંટાયા છે. એવી જ રીતે, 2017થી ઈલિનોઈસ રાજ્યના ડેમોક્રેટ સાંસદ રાજા કૃષ્ણમૂર્તિ પણ ચૂંટાઈ ગયા છે. પરિણામ આવ્યા બાદ કૃષ્ણમૂર્તિએ જણાવ્યું હતું કે 'મારા માતા-પિતા અમારા પરિવારના ભવિષ્ય માટેનું સ્વપ્ન લઈને આ દેશમાં આવ્યા હતા. અમને વિશ્વાસ છે કે, અમેરિકામાં અમે સફળતા હાંસલ કરી શકીએ છીએ. ઘણો મુશ્કેલ સમય હોવા છતાં અમે એ સાબિત કરી બતાવ્યું છે. કોંગ્રેસમાં અમારું ધ્યેય સપના પૂરા કરવા માંગતા લોકો માટે રાજકીય લડત લડવાનું છે.' આ ઉપરાંત કેલિફોર્નિયાના 17મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટનું પ્રતિનિધિત્વ કરતા ડેમોક્રેટ રો ખન્ના અને વોશિંગ્ટન સ્ટેટના 7મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટનું પ્રતિનિધિત્વ કરતા ડેમોક્રેટ પ્રમિલા જયપાલ પણ ફરી ચૂંટણી જીતી ગયા છે. આ ઉપરાંત વ્યવસાયે ડૉક્ટર ડૉ. અમી બેરા પણ મૂળ ભારતીય ડેમોક્રેટ નેતા છે.

## બુલડોઝરથી જેનું ઘર તોડ્યું તેને 25 લાખ આપો : સુપ્રીમ

### તમે રાતોરાત કોઈનું ઘર તોડી ન શકો, સુપ્રીમ કોર્ટે યોગી સરકારની ઝાટકણી કાઢી

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

ઉત્તરપ્રદેશના મહારાજગંજમાં હાઈવેની બાજુમાં બનેલા ઘરને કોઈપણ પ્રક્રિયાનું પાલન કર્યા વિના બુલડોઝર વડે તોડી પાડવા બદલ સુપ્રીમ કોર્ટે યોગી સરકારની સખત ઝાટકણી કાઢી છે. CJI ડીવાય ચંદ્રચૂડે કહ્યું હતું કે તમે લોકોના ઘર આ રીતે તોડવાની શરૂઆત કેવી રીતે કરી શકો? તમે કોઈનું ઘર રાતોરાત તોડી ન શકો. આ અરાજકતા છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારના અધિકારીઓને રોડ પહોળા કરવાના નામે ગેરકાયદે મકાનો તોડી પાડવાના આરોપોની તાત્કાલિક તપાસ કરવા અને જવાબદાર અધિકારીઓ સામે ખાતાકીય અને વહીવટી કાનૂની પગલાં લેવા જણાવ્યું. આ ઉપરાંત અરજદારને 25 લાખ રૂપિયાનું વચગાળાનું વળતર આપવાનો આદેશ પણ આપ્યો છે.



### 2020માં દાખલ કરાયેલી અરજી પર સંજ્ઞાન લીધું

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચૂડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેંચે 2020માં સુઓ મોટુ કોગ્નિઝન્સ પર દાખલ કરેલી અરજી પર સુનાવણી કરી. આ અરજી મનોજ ટિબરેવાલે દાખલ કરી હતી. 2019માં મહારાજગંજ સ્થિત તેમનું ઘર તોડી પાડવામાં આવ્યું હતું. યુપી સરકારે કોર્ટને કહ્યું હતું કે અરજદારે 3.7 ચોરસ મીટરમાં અતિક્રમણ કર્યું હતું.

### અકબરુદ્દીન ઓવૈસીએ ફરી '15 મિનિટ'નો ઉલ્લેખ કર્યો



(એજન્સી) સંભાજીનગર । તા. 06

ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)ના ધારાસભ્ય અકબરુદ્દીન ઓવૈસી મંગળવારે સંભાજીનગર (ઔરંગાબાદ) માં પ્રચાર કરી રહ્યા હતા. આ દરમિયાન અકબરુદ્દીને કહ્યું- 'પ્રચારનો સમય 10 વાગ્યાનો, હાલ 9:45 વાગ્યા છે, હજુ 15 મિનિટ બાકી છે...' અકબરુદ્દીને ચૂંટણી સભામાં આવેલા લોકોને કહ્યું, 'અરે ભાઈ, 15 મિનિટ બાકી છે, ધીરજ રાખો, ન તો તે મને છોડી રહી છે અને ન હું તેને છોડી રહ્યો છું. ચાલી રહી છે, પણ શું ગુંજ છે.' ઓવૈસીના આ વિવાદાસ્પદ નિવેદનને 12 વર્ષ પહેલા આપેલા ભાષણ સાથે જોડવામાં આવી રહ્યું છે. હકીકતમાં, 2012માં પણ અકબરુદ્દીને 15 મિનિટનું ઉશ્કેરણીજનક નિવેદન આપ્યું હતું. ત્યારે તેણે કહ્યું હતું કે, 'જો તમે 15 મિનિટ માટે દેશમાંથી પોલીસ હટાવો તો તમને ખબર પડી જશે કે શક્તિશાળી કોણ છે.'

## હરદોઈમાં અકસ્માતમાં 11ના મોત

### ઓટો રીક્ષા પલટી જતા પૂરપાટ ઝડપે આવી રહેલી ટ્રકે કચડી નાંખ્યા... રસ્તા પર મૃતદેહો વેરવિખેર પડ્યા





(એજન્સી) હરદોઈ । તા. 06

ઉત્તરપ્રદેશમાં મોટો અકસ્માત સર્જાયો છે. બિલ્હોર કટરા નેશનલ હાઈવે પર અચાનક સામે આવેલા બાઈક સવારને બચાવવા માટે DCM ચાલકે બ્રેક લગાવી. જેના કારણે DCM રોડ પર ફસાઈ ગયો. જેને લઈને મુસાફરો સવાર ઓટો રિક્ષાએ પણ અચાનક બ્રેક લગાવી. તેનાથી ઓટો રિક્ષા પલટી ગઈ. ઓટોમાં સવાર 11 લોકોના મોત થઈ ગયા, જ્યારે ત્રણ લોકો ઈજાગ્રસ્ત થઈ ગયા. એક બાઈક સવાર પણ ઈજાગ્રસ્ત થયો. બે ઈજાગ્રસ્તોને મેડિકલ કોલેજ હરદોઈમાં દાખલ કરાવવામાં આવ્યા છે. એકને લખનઉં રિફર કરાયા છે. એકની સારવાર સીએચસીમાં ચાલી રહી છે. મૃતકોમાં પાંચ મહિલાઓ, બે યુવક કિશોર, બે બાળકો અને એક માસૂમ સામેલ છે. જેમાં સાસુ-વહૂ, મા-દીકરી, મહિલા અને દીકરો પણ સામેલ છે. બિલગ્રામ કોતવાલી વિસ્તારના બિચપુરિયા અલ્લીગઢ નિવાસી રમેશ (40)ની બહેન ગીતાનું મોત મંગળવાર મોડી રાત્રે મહમૂદપુર ગામમાં થઈ ગયું હતું. આ દરમિયાન બિલગ્રામ તરફથી આવી રહેલ DCMએ અચાનક બ્રેક લગાવી. જેના કારણે DCM ફસાઈ ગયો અને બાઈકને ટક્કર મારી દીધી. સામેની સાઈડથી આવી રહેલા ઓટો ચાલકે પણ DCM ફસાયેલું જોઈને બ્રેક લગાવી અને નજીક જઈને પલટી ગયો. ઘટનામાં બાઈક સવાર રમેશ સહિત ઓટોમાં સવાર 13 લોકોમાંથી સાતના ઘટના સ્થળે મોત થઈ ગયા.

## શું 370 ફરી લાગુ થશે?

### J&K વિધાનસભામાં પ્રસ્તાવ પાસ

### BJP ધારાસભ્યોએ હોબાળો કર્યો, દસ્તાવેજોની કોપી ફાડી : CM ઓમરનું પૂતળું બાળ્યું

(એજન્સી) શ્રીનગર । તા. 06

જમ્મુ-કાશ્મીર વિધાનસભાએ રાજ્યના સ્પેશિયલ સ્ટેટસ (આર્ટિકલ 370)ને ફરીથી લાગુ કરવાનો પ્રસ્તાવ પસાર કર્યો છે, જોકે ભાજપના ધારાસભ્યોએ એનો વિરોધ કર્યો હતો અને પ્રસ્તાવની નકલો ફાડી નાખી હતી. ધારાસભ્યોએ વેલ નજીક જઈને નારેબાજી પણ કરી હતી. ભાજપે આરોપ લગાવ્યો કે સ્પીકરે મંત્રીઓની બેઠક બોલાવી અને ઠરાવનો ડ્રાફ્ટ જાતે તૈયાર કર્યો. આ પછી ધારાસભ્યો બેન્ચ પર ચઢી ગયા અને હોબાળો કર્યો. હોબાળાના કારણે ગૃહની કાર્યવાહી ગુરુવાર સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. ભાજપ-અધ્યક્ષ સત શર્માના નેતૃત્વમાં પાર્ટી કાર્યકર્તાઓએ પાર્ટી કાર્યાલયમાં એકઠા થઈને જમ્મુ-કાશ્મીર સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. દેખાવકારોએ મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા અને ડેપ્યુટી સીએમ સૂરીન્દર ચૌધરીનાં પૂતળાં પણ બાળ્યાં હતાં. ભાજપે આરોપ લગાવ્યો કે નેશનલ કોન્ફરન્સ જમ્મુ-કાશ્મીરના લોકોને ગેરમાર્ગે દોરી રહી છે.



### ભાજપનો આરોપ- સ્પીકરે પોતે જ ડ્રાફ્ટ બનાવ્યો હતો

જમ્મુ વિધાનસભામાં વિપક્ષના નેતા સુનીલ શર્મા સહિત ભાજપના તમામ ધારાસભ્યોએ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. શર્માએ કહ્યું હતું કે તેમની પાસે માહિતી છે કે સ્પીકરે મંગળવારે (5 નવેમ્બર)ના રોજ મંત્રીઓની બેઠક બોલાવી હતી અને પોતે ડ્રાફ્ટ તૈયાર કર્યો હતો. તેઓ આ દરમિયાન સ્પીકર હાય-હાય અને પાકિસ્તાની એજન્ડા નહીં ચાલે જેવા નારા લગાવતા રહ્યા. શર્માએ એ પણ પૂછ્યું કે જ્યારે LGના અભિભાષણ પર ચર્ચા થવાની હતી તો પ્રસ્તાવ કેમ લાવવામાં આવ્યો? તેમણે કહ્યું હતું કે આ પ્રસ્તાવ તેમને મંજૂર નથી. એ પછી તેમણે એની કોપી ફાડીને વેલમાં ફેંકી દીધી. હંગામાની વચ્ચે વિધાનસભા સ્પીકર અબ્દુલ રહીમ રાથરે પ્રસ્તાવ પર વોટિંગ કરાવ્યું. ત્યાર બાદ પ્રસ્તાવ બહુમતથી પાસ કરી દેવામાં આવ્યો. ભાજપના ધારાસભ્યોના આરોપો અંગે પ્રમુખ અબ્દુલ રહીમ રાથરે કહ્યું હતું કે જો તમને મારા પર વિશ્વાસ ન હોય તો અવિશ્વાસની દરખાસ્ત લાવો.

### નેશનલ કોન્ફરન્સે મેનિફેસ્ટોમાં વચન આપ્યું હતું

કેન્દ્ર સરકારે 5 ઓગસ્ટ 2019ના રોજ જમ્મુ-કાશ્મીરનો વિશેષ દરજ્જો નાબૂદ કર્યો હતો. આ સમય દરમિયાન એને બે કેન્દ્રશાસિત પ્રદેશો, જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વહેંચવામાં આવ્યું હતું. તાજેતરમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સે તેના મેનિફેસ્ટોમાં તેની પુનઃસ્થાપના માટે પ્રયત્નો કરવાનું વચન આપ્યું હતું. ઠરાવ પસાર કર્યા પછી સીએમ ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે વિધાનસભાએ પોતાનું કામ કર્યું છે.

## પીએમ વિદ્યા લક્ષ્મી યોજનાને મંજૂરી... વિદ્યાર્થીઓને મળશે 10 લાખ સુધીની લોન

# હાયર એજ્યુકેશન લોન પર 75% ક્રેડિટ ગેરંટી મળશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 06

વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટ બેઠકમાં આજે ઘણાં મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યાં છે. આ બેઠકમાં તેજસ્વી બાળકોના અભ્યાસમાં મુશ્કેલી ન પડે, તે માટે સરકારે પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવ દ્વારા કેન્દ્ર સરકારના વિવિધ નિર્ણયો વિશે જાણકારી આપવામાં આવી છે. કેન્દ્ર સરકારે પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપી દીધી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય છે કે, તેજસ્વી વિદ્યાર્થીઓના અભ્યાસમાં મુશ્કેલી ન પડે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, પીએમ વિદ્યાલક્ષ્મી યોજનાનો લાભ એજ્યુકેશન લોનમાં મળશે. જરૂરિયાતમંદ બાળકો ભણતર માટે બેન્કમાંથી સસ્તા દરે 10 લાખ રૂપિયા સુધીની એજ્યુકેશન લોન લઈ શકશે. આ યોજનાથી હવે પૈસાની કમીના કારણે કોઈ બાળકને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે મુશ્કેલીનો સામનો નહીં કરવો પડે.



### 860 સંસ્થાના 22 લાખ વિદ્યાર્થીને ફાયદો

નવી દિલ્હીમાં બુધવારે મળેલી મોદી કેબિનેટની બેઠકમાં PM વિદ્યાલક્ષ્મી યોજનાને મંજૂરી આપવામાં આવી હતી. આમાં ભારત સરકાર ઉચ્ચ શિક્ષણ માટે 7.5 લાખ રૂપિયા સુધીની લોન પર 75% ક્રેડિટ ગેરંટી આપશે. 8 લાખ રૂપિયાની વાર્ષિક આવક ધરાવતા પરિવારનાં બાળકોને પણ 10 લાખ રૂપિયા સુધીની લોન પર 3% વ્યાજ સબસિડી આપવામાં આવશે. 4.5 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા વિદ્યાર્થીઓને પહેલેથી જ સંપૂર્ણ વ્યાજ સબસિડી મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં કહેવામાં આવ્યું હતું કે આ યોજનાનો ઉદ્દેશ હોશિયાર વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડવાનો છે.

**બેન્ક અને નાણાંકીય સંસ્થામાંથી લોન લેવું બનશે સરળ :** એજ્યુકેશન લોન ગુણવત્તાયુક્ત ઉચ્ચ શિક્ષણ સંસ્થા (QHEI) માં પ્રવેશ લેતા વિદ્યાર્થીઓના અભ્યાસક્રમ સંબંધિત ટ્યુશન ફી અને અન્ય ખર્ચાઓને આવરી લેશે. આ વિશે અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, બેન્ક અને નાણાંકીય સંસ્થાઓ પાસેથી કોલેટરલ ફ્રી, ગેરેન્ટર ફ્રી લોન લઈ શકાશે.

**શું છે પીએમ વિદ્યાલક્ષ્મી યોજના?** અશ્વિની વૈષ્ણવે વિદ્યાલક્ષ્મી યોજના વિશે જણાવતા કહ્યું કે, જે પરિવારની વાર્ષિક કૌટુંબિક આવક 8 લાખ રૂપિયા છે. એવા પરિવારના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પીએમ વિદ્યાલક્ષ્મી યોજના હેઠળ 10 લાખ રૂપિયા સુધીની લોન પર 3% વ્યાજ સબસિડી આપવામાં આવશે. 7.5 લાખ રૂપિયા સુધીની લોન પર ભારત સરકાર 75% ક્રેડિટ ગેરંટી આપશે.

### કેરળમાં મહિલા કોંગ્રેસ નેતાઓના રૂમ પર દરોડા

### પાર્ટીએ કર્યો વિરોધ

(એજન્સી) કેરળ । તા. 06

કેરળ પેટાચૂંટણી પહેલા પોલીસે મંગળવારે મોડી રાત્રે મહિલા કોંગ્રેસના નેતાઓના રૂમ પર દરોડા પાડ્યા હતા. ચૂંટણી પ્રચાર માટે પલક્કડ આવેલા કોંગ્રેસ નેતા બિંદુ ક્ષ્ણ અને શનિમોલ ઉસ્માન એક હોટલમાં રોકાયા હતા. આ દરમિયાન પોલીસે તેમના રૂમની તલાશી લીધી હતી. પોલીસને શંકા છે કે ચૂંટણી પ્રચારમાં કાળા નાણાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જોકે, પોલીસને તપાસમાં કંઈ મળ્યું ન હતું. કોંગ્રેસે આ દરોડાનો વિરોધ કર્યો છે. જેના વિરોધમાં કોંગ્રેસના નેતાઓએ બુધવારે પોલીસ વડાની ઓફિસ બહાર વિરોધ રેલી કાઢી હતી. તેણે હોટલના સીસીટીવી ફૂટેજની તપાસની માગ કરી છે.ભાજપના નેતાઓના રૂમની તલાશી લેવાઈ નથી.

# રાજપીપળાનીમાં કામલ ફાઉન્ડેશનની નર્સિંગ સ્કૂલમાં વિદ્યાર્થીઓને થયેલા અન્યાય મુદ્દે ધારાસભ્ય ચૈતર વસાવાએ કર્યું હલ્લાબોલ

■ ત્રણ લાખ ફિ લીધા બાદ પણ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ, સ્કોલરશીપ અને પરીક્ષાથી વંચિત રાખવામાં આવ્યા

■ આજે આ બાળકોના ચાર વર્ષ બરબાદ થઈ ગયા હવે તેમને સ્કોલરશીપ પણ નહીં મળે અને સરકારી નોકરી પણ નહીં મળે

■ એડમિશન સમયે ડોક્યુમેન્ટ ઉઘરાવી લાખોની ફી લઈને પણ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને અંધરામાં રાખવામાં આવ્યા

ભરત શાહ : રાજપીપળા



રાજપીપળાની માં કામલ ફાઉન્ડેશનની નર્સિંગ સ્કૂલમાં વિદ્યાર્થીઓ સાથે અન્યાય થઈ રહ્યો હોય તેની જાણ થતાં આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ રાજપીપળા સ્થિત માં કામલ ફાઉન્ડેશનની નર્સિંગ સ્કૂલની મુલાકાત લીધી, આ દરમિયાન ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ નર્સિંગ કોલેજના હોદ્દેદાર સાથે વાત કરતા જણાવ્યું હતું કે, તમારી આ કોલેજમાં જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેમને સરકારી જગ્યામાં લેવામાં આવતા નથી અને અહીંયા ભણેલા વિદ્યાર્થીઓને સરકાર સ્કોલરશીપ પણ આપતી નથી. આ કોલેજના લોકોએ શરૂઆતથી જ સ્પષ્ટતા કરવાની હતી કે અહીંયા અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળશે નહીં અને સરકારી નોકરી પણ નહીં મળે. આ બાળકોના મા-બાપે કાળી મજૂરી કરીને તેમને ભણાવ્યા છે અને આજે આ બાળકોના ચાર વર્ષ બરબાદ થઈ ગયા અને હવે તેમને સ્કોલરશીપ પણ નહીં મળે અને સરકારી નોકરી પણ નહીં મળે. અહીં વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી છે કે તેઓની પરીક્ષા પણ નથી આપવા દેવી. પૈસા લઈ લીધા હોવા છતાં પણ પરીક્ષામાં બેસવા દેવામાં આવ્યા નથી. ચૈતર વસાવા એ જણાવ્યું કે આવનારા સમયમાં હું કલેક્ટર સામે અને જિલ્લા સંકલન સમિતિ સમક્ષ આ મુદ્દે રજૂઆત કરીશ અને એ માહિતી પણ મંગાવીશું કે આ રીતની કેટલી કોલેજો આપણા વિસ્તારમાં ચાલી રહી છે. સૌથી મોટો મુદ્દો એ છે કે આ કોલેજ દ્વારા વિદ્યાર્થીઓને એડમિશનના સમય પર કોઈપણ પ્રકારની જરૂરી માહિતી આપવામાં આવતી નથી. હજુ એક મહત્વપૂર્ણ સવાલ છે છે કે આવી ઘણી બધી કોલેજો સરકાર માન્ય છે કે નહીં તે પણ તપાસ નો વિષય છે. શિક્ષણનું ખાનગીકરણ કર્યું, તેના કારણે આદિવાસી વિસ્તારના ભાઈઓ અને બહેનોનું જીવન અંધકારમય બન્યું છે. ત્રણ-ચાર જગ્યાએ આવી કોલેજોની શાખાઓ ચાલતી હોય છે અને ત્રણ લાખ જેટલી માતબર ફી લેવામાં આવતી હોય છે અને આજે ત્રણ વર્ષ પૂરા થઈ ગયા બાદ વિદ્યાર્થીઓને પરીક્ષામાં પણ બેસવા દેવામાં આવતા નથી, સર્ટીફીકેટ નથી આપતા, સ્કોલરશીપ પણ નથી આપતા તેની મતલબ શું..? આ બાબતે અમે માં કામલ ના ડાયરેક્ટર ડો. અનીલકેસર સાથે વાત કરી તો તેમના જણાવ્યા મુજબ આ આ મુદ્દે અગાઉ બે ત્રણ મહિના પહેલા ધારાસભ્ય ચૈતરભાઈ સાથે ગાંધીનગર મુલાકાત કરી હતી અને સ્કોલરશીપ સહિત ની તકલીફ બાબતે જણાવ્યું હતું ત્યારે ચૈતરભાઈ એ હું ઉપરી કક્ષા એ આ માટે રજૂઆત કરીશ તેમ જણાવ્યું હતું છતાં હજુ આ મુદ્દે કંઈ કર્યું નથી અને આજે એમણે લગાવેલા આક્ષેપો ખોટા છે, હું ભૂતકાળ આ આ માટે તેમને મળી ચૂક્યો છું. છતાં આજે કેમ આમ થયું એ સમજાતું નથી.

## વન્યજીવ વ્યવસ્થાપન નું જે થવાનું હોય તે થાય આપણે મોજ કરવી વન્યપ્રાણી સંરક્ષણ કાયદાની ઐસીતૈસી

કિશોર આર. સોલંકી : જાફરાબાદ

દેશનાં મહામહિમ રાષ્ટ્રપતિ થી લઈ ને એક સામાન્ય નાગરિક સુધી તમામ ની દેશનાં વનો અને વન્યજીવોને સુરક્ષિત રાખવા ની ફરજ બને છે. ત્યારે, સમગ્ર વિશ્વમાં એકમાત્ર એશિયાઈ સિંહ ગુજરાતમાં હોય ત્યારે, સિંહનું યોગ્ય વ્યવસ્થાપન થવું જોઈએ, આ વ્યવસ્થાપન ને સરકારે પ્રાથમિકતા આપવી જોઈએ. પરંતુ, સિંહો માટેનાં યોગ્ય વ્યવસ્થાપનની જગ્યાએ સિંહોને પ્રવાસન નું એક રમકડું બનવી દેવામાં આવ્યા છે. સરકારને સિંહ સંરક્ષણ કે વ્યવસ્થાપન કરવામાં લેશ માત્ર રસ નથી, રસ છે તો માત્રને માત્ર સિંહો નું પ્રદર્શન કરવામાં... સિંહો નું પ્રદર્શન તો સરકાર કરી જ રહી છે. સાથે સાથે રાજ્ય નાં મંત્રી સંત્રી અને તેમના ચેલા ચપટા પણ પોતાના પદ, હોદ્દા નું પણ પ્રદર્શન કરી રહ્યા છે. સરકારમાં બેસી આ મંત્રી સંત્રી અને તેમના ચેલા ચપટા ઓ પ્રજા નાં પૈસે સરકારી ગાડીઓ નાં લ્હાવ લશ્કર લઈને શું સાબિત કરવા માંગે છે...??? આટલી મહેનત સિંહ સંરક્ષણ માટે કરી હોત તો સિંહ માટે બનાવટી સફારી પાર્ક નાં નિર્માણ ની જગ્યાએ સિંહો માટે કુદરતી નિવાસ સ્થાન અને યોગ્ય વ્યવસ્થાપન કરી શક્યા હોત. પરંતુ, એકવાર સત્તામાં આવ્યા પછી તો મંત્રી સંત્રીઓ માત્ર ને માત્ર પોતાનું પ્રદર્શન જ કરી રહ્યા છે. જ્યારે દેશનાં મહામહિમ રાષ્ટ્રપતિ થી લઈ દેશનાં સામાન્ય નાગરિક ની વનો અને વન્યજીવો ની સુરક્ષા અને સંવર્ધનની જવાબદારી છે. ત્યારે, આ મંત્રી સંત્રિઓ એ પણ પોતાની જવાબદારી સમજી વનમાં અને વન્યજીવો સામે પોતાના હોદ્દા નું પ્રદર્શન નાં કરે અને સિંહના વ્યવસ્થાપન માટે યોગ્ય પગલાં ભરે તે અત્યંત જરૂરી છે. હવે, માનનીય PCCF & HOFF, Forest Department, Gujarat State ને વિનંતી છે કે, બરડા અભ્યારણ્ય માં સિંહો નાં પ્રદર્શન માટે જે સફારી શરૂ કરવામાં આવી છે, તે સફારી નાં દરવાજા માંથી સરકારી ગાડીઓ નો કાફલો લાલ, પીળી લાઈટો લબુક ઝબુક કરતો જઈ રહ્યો છે. તે કયાં સમયે જઈ રહ્યો છે??? કોનો કાફલો છે??? વન્યપ્રાણી સંરક્ષણ કાયદા માં કયા ક્યાં નિયમો નો ભંગ કર્યો છે??? વનવિભાગ નાં વડા તરીકે આપ આ રીતે સફારી પાર્ક માં ઘુસપેઠ ને યોગ્ય માનો છો??? આ તમામ પ્રશ્નો નો જવાબ ખુલાસો આપ દ્વારા તાત્કાલિક કરવામાં આવે તેવી અમારી માંગણી છે. અંતે, સરકાર સિંહનું યોગ્ય વ્યવસ્થાપન કરે, સિંહ ની સાથે રહેતા ખેડૂતો, સ્થાનિકો નાં પણ હિત સચવાય અને કોઈપણ વન્યપ્રાણી સંરક્ષણ કાયદાનો ભંગ કરે તેની સામે સખત કાર્યવાહી થાય પછી તે કોઈપણ હોય, કોઈપણ હોદ્દા પર બેઠો હોય. ત્યારે જ સિંહ વન્યપ્રાણી રહેશે નહિતર સરકાર નાં હાથનું રમકડું જ બની રહેશે.આશા રાખીએ કે,વનવિભાગ નાં વડા ઉપરોક્ત પ્રશ્નો નાં જાહેરમાં જવાબ આપશે અને વન્યપ્રાણી સંરક્ષણ કાયદાનું પાલન કરાવશે. બાકી, આ તમામ માહિતી સાથે આવનારા સમયમાં નામદાર હાઈકોર્ટમાં ચાલતી PIL માં તો આવરી લેવામાં આવશે જ.

## મોબાઈલ સીમકાર્ડ તેમજ જુના-નવા મોબાઈલ ફોન ખરીદ-વેચાણ કરતી વખતે વિવિધ દસ્તાવેજો ચકાસી રજીસ્ટર નિભાવવા અંગેનું જાહેરનામું

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

મહીસાગર જિલ્લાના ડીસ્ટ્રીબ્યુટર/રીટઈલર વિક્રેતા ધ્વારા મોબાઈલના સીમકાર્ડ વેચાણ કરતી વખતે ખરીદનાર વ્યક્તિનું માન્ય ઓળખપત્ર તથા રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો ચકાસવા તેમજ સરનામાંની માહિતીનું રજીસ્ટર નિભાવવા અંગે અને જિલ્લામાં બોગસ દસ્તાવેજોના અધારે સીમકાર્ડ ખરીદ કરી તે ધ્વારા બનાવટી કોલ ધ્વારા ધમકી આપવાના, ખંડણી માંગવાનાં, અપશબ્દો બોલવાના, મહિલાઓની જાતિય સતામણી કરવાના તથા ખોટી માહિતી આપવાના કિસ્સાઓ વધી રહેલ હોવાથી તેને અંકુશમાં લાવી શકાય તે માટે જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.વી.લટા દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું. મહીસાગર જિલ્લાના વિસ્તારમાં મોબાઈલમાં ઉપયોગમાં લેવામાં આવતા સીમકાર્ડ વેચાણ કરતા ડિસ્ટ્રીબ્યુટર/ રિટેઈલર વિક્રેતાઓ સીમકાર્ડ વેચાણ કરતાં પૂર્વે તે ખરીદ કરનાર વ્યક્તિનું ફોટો ઓળખકાર્ડ, રહેઠાણના પુરાવા વિગેરે દસ્તાવેજો મેળવી રાખવાના રહેશે તથા તે અંગેનુ રેકર્ડ રાખવાનુ રહેશે. તેમજ રજીસ્ટર નિભાવવાનું રહેશે. ઉક્ત જાહેરનામામાં દર્શાવ્યા મુજબ મોબાઈલ ખરીદતી વખતે વેપારીએ અનુક્રમ નંબર, મોબાઈલ ફોનની વિગત/કંપની, IMEI નંબર, મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત અને આઇ.ડી. પ્રુફની વિગત વગેરે વિગતો દર્શાવતું નિયત નમૂનામાં રજીસ્ટજર નિભાવવાનું રહેશે. તદ્ઉપરાંત, નવા/જુના મોબાઈલ વેચતી વખતે વેપારીએ અનુક્રમ નંબર, મોબાઈલ ફોનની વિગત/કંપની, IMEI નંબર, મોબાઈલ વેચનાર/ખરીદનારના નામ, સરનામાની વિગત અને આઇ.ડી. પ્રુફની વિગત વગેરે વિગતો દર્શાવતું નિયત નમૂનામાં રજીસ્ટવર નિભાવવાનું રહેશે. તેવી જ રીતે, નવું સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ અનુક્રમ નંબર, સીમકાર્ડ ખરીદનારના નામ, સરનામાની વિગત, આઇ.ડી. પ્રુફની વિગત અને સીમકાર્ડ ખરીદનારની સહી વગેરે વિગતો દર્શાવતું નિયત નમૂનામાં રજીસ્ટ,ર નિભાવવાનું રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## પાણી માનવીના જીવનમાં આશિર્વાદરૂપ છે : ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખ

એસ્પિરેશનલ નર્મદા જિલ્લામાં તા.20મી નવેમ્બર- 2024 સુધી ચાલનારા જળ ઉત્સવ અભિયાનનો નાંદોદ તાલુકાના જીતગઢ ગામેથી ઉત્સાહભેર પ્રારંભ કરાયો

ભરત શાહ : રાજપીપળા



નીતિ આયોગ દ્વારા એસ્પિરેશનલ ડિસ્ટ્રીક્ટ અને એસ્પિરેશનલ બ્લોકમાં તા.૦૬થી ૨૦મી નવેમ્બર-૨૦૨૪ દરમિયાન ૧૫ દિવસ સુધી ચાલનારા જળ ઉત્સવ અભિયાનનો નાંદોદ તાલુકાના જીતગઢ ગામની પ્રાથમિક શાળા ખાતેથી ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખની ઉપસ્થિતિમાં જલ બંધન પાણીના સંગ્રહ સ્થળોની પૂજા કરી અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. ભારત દેશમાં ૨૦ એસ્પિરેશનલ જિલ્લા પસંદ કર્યા છે તેમાં નર્મદા જિલ્લાની પસંદગી થઈ છે તે આપણું સદભાગ્ય છે. નર્મદા જિલ્લાના નાગરિકોમાં જળ વ્યવસ્થાપન, જળ સંચય અને ટકાઉપણાના મહત્વ પ્રત્યે જાગૃતિ અને સંવેદનશીલતા કેળવાય તે માટે આયોજિત જળ ઉત્સવ અભિયાનના લોન્ચિંગ કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોને સંબોધતા ધારાસભ્ય ડો.દર્શનાબેન દેશમુખે જણાવ્યું કે, પાણી માટે કોઈ ઉત્સવ થાય તે આ સરકારનો દુરંદેશી એક અદભૂત પ્રયાસ છે. આ કાર્યક્રમના માધ્યમથી લોકજાગૃતિ અને ભાવિ પેઢીના જીવનને ટકાવવા આ આવશ્યક અને જરૂરી છે. સમગ્ર જીવ સૃષ્ટિના જીવનમાં પાણીનું આગવું મહત્વ રહેલું છે. પરંતુ આજના ગ્લોબલ વોર્મિંગના સમયમાં ઋતુઓમાં બદલાવ આવ્યો છે. જંગલો કપાઈને નાશ થતાં ગરમીનું પ્રમાણ વધ્યું છે અને તેના કારણે વરસાદ ઓછો પડવાથી જળ સ્તર ખૂબ નીચા ગયા છે. આવા સમયે આકાશમાંથી પડતા વરસાદી પાણી વહી જતા હતા તે પાણીનો સંચય કરી તળાવ, કૂવા, ખેત તલાવડી, પાળાના માધ્યમથી સંચય કરીને પાણી બચાવીએ જેથી આપણી ભાવી પેઢીને આવનાર સમયમાં પાણી માટે કોઈ મુશ્કેલી ન સર્જાય. ધારાસભ્ય એ ઉમેર્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં જળ સંચય માટેના રાજ્યના વિવિધ જિલ્લાઓમાં અનેક પ્રયાસો થઈ રહ્યા છે. સરકારી શાળાઓમાં રેઈન વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ લગાવીને પાણી બચાવવાનું કાર્ય થઈ રહ્યું છે જેનાથી બાળકો પણ પાણી બચાવતા શીખી રહ્યા છે, ત્યારે આપણે પણ પાણીનો સદઉપયોગ કરતા શીખીએ અને આપણી આવનારી ભાવી પેઢીને પાણીની અમૂલ્ય ભેટ આપીએ. નર્મદા જિલ્લામાં સરદાર સરોવર નર્મદા બંધ અને કરજણ ડેમ જેવા બે મહત્વના જળાશયો આવેલા છે જેના કારણે ખેતી, ઘર વપરાશ અને પીવા માટે પુરતા પ્રમાણમાં લોકોને પાણી મળી રહે છે. ધારાસભ્ય એ જણાવ્યું કે, પાણી બચાવવા માટે આપણા વડીલોએ જે શીખ આપી શીખવી ગયા તેને આપણે અનુસરીએ.

## 8% ભેજ રહે ત્યાં સુધી મગફળીને સુકવવી,મગફળીને સારી, ચોખ્ખી, પૂરતા હવા-ઉજાસવાળી જગ્યામાં પ્લાસ્ટિક અથવા કંતાનની બેગમાં સંગ્રહ કરવો

માહિતી બ્યુરો, પાલનપુર

બનાસકાંઠા જિલ્લાના ખેડૂત ભાઈઓને જણાવવાનું કે, મગફળીના પાકમાં આફલાટોક્સીનનો ઉપદ્રવ અટકાવવા માટે મગફળી ઉતારા સમયે અને ઉતાર્યા બાદ લેવાના થતા વિવિધ પગલાંઓ આ મુજબ છે. દાતા વડે ડોડવાને નુકસાન ન થાય તેનું ધ્યાન રાખવું. ડોડવા સાથેના આખા છોડને વ્યવસ્થિત તડકે સુકવવા. જ્યાં સુધી છોડ, પાંદડા, સુયા બટકણા થાય ત્યાં સુધી સુકવવા. અપૂર્ણ વિકસિત ડોડવાને તોડી અલગ રાખવા તેને સારા વિકસિત ડોડવા સાથે ન ભેળવવા. જો ઓપનેરનો ઉપયોગ કરતા હોય તો યોગ્ય કાણાવાળી જાળી રાખવી. યાંત્રિક નુકસાન વાળા અને જીવાતવાળા ડોડવા અલગ રાખવા. ૮% ભેજ રહે ત્યાં સુધી મગફળીને સુકવવી.મગફળીને સારી, ચોખ્ખી, પૂરતા હવા-ઉજાસવાળી જગ્યામાં પ્લાસ્ટિક અથવા કંતાનની બેગમાં સંગ્રહ કરવો.ઘણી વખત એસ્પરજિલસ ફ્લેવસનો ચેપ કીટકો દ્વારા પણ લાગે છે. આવા સમયે કીટકનાશક દવાનો છંટકાવ કરી તેનો ફેલાવો અટકાવી શકાય.ઉતારા પછી તરત જ પ્રોપીયોનીક એસીડ ૫% અથવા સોર્બીક એસીડ (૦.૧%), ક્લોરોથેલોનીલ (૦.૧૫%) અથવા ૧% સોડીયમ બાયસલ્ફાઈડ (૦.૭૫% સોડીયમ હાઈડ્રોક્સાઈડ)નો છંટકાવ ડોડવા પર કરી ફૂગના ઉપદ્રવથી બચાવી શકાય. વધુમાં દવાના વપરાશ વખતે દવા ઉપર આપવામાં આવેલ લેબલ મુજબ જે તે પાક માટે તે ભલામણમાં જણાવ્યા મુજબની કાળજીઓ રાખવા અને અનુસરવા જણાવવામાં આવે છે. આ અંગે વધુ જાણકારી આપના વિસ્તારના ગ્રામસેવક/ વિસ્તરણ અધિકારી/ ખેતી અધિકારી/ તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક/જિલ્લા ખેતીવાડી અધિકારી/નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)/ નાયબ ખેતી નિયામક(તાલીમ)નો સંપર્ક કરવા બનાસકાંઠા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા એક યાદીમાં જણાવ્યું છે.

## થરાદના ગડસિસરમાં આનંદ સ્મૃતિ કપ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું



(એજન્સી) થરાદ । તા. 06

થરાદ તાલુકાના ગડસિસર ગામમાં બ્રહ્મ સમાજના યુવાનો દ્વારા આનંદ સ્મૃતિ કપ સિજન 2 નું ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું જેમાં બ્રહ્મ સમાજના યુવા ખેલાડીઓએ ભાગ લીધો હતો જે ટુર્નામેન્ટમાં છ ટીમોએ ભાગ લીધો હતો દરેક ટીમ ઑક્સનથી બની હતી જેમાં બ્રહ્મ સમાજના આ વિસ્તારના નામ ચિહ્ન ખેલાડીઓએ પોતાના પ્રદર્શન દ્વારા પ્રેક્ષકોને ખુશ કર્યા હતા જે આયોજન ગોવિંદભાઈ ડીઘારી, એલ. આર જોશી દ્વારા કરવામાં આવ્યું હતું જેમાં ફાઈનલમાં શ્રીધર ઈલેવન અને શુંધલ ઈલેવન વચ્ચે રમાઈ હતી જે ફાઈનલ મેચમાં અમ્પાયરની સેવા વિક્રમભાઈ માંગરોળ અને અરવિનભાઈ વાવડી દ્વારા આપવામાં આવી હતી જે ટુર્નામેન્ટ ભાઈચારાની ભાવના સાથે રમાઈ હતી જેમાં તમામ સમાજના યુવાઓનો સાથ સહકાર જોવા મળ્યો હતો.



નખત્રાણા ખાતે સર્વ જીવ કલ્યાણ અર્થે શ્રી સર્વ જીવ કલ્યાણ સમિતિ આયોજિત શાસ્ત્રી શ્રી જગદીશભાઈ જોશી (ચાવડકા) વાળાના વ્યાસાસને શ્રી મદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞના આજે પાંચમા દિવસે રામ તેમજ કૃષ્ણ જન્મોત્સવની ધામધૂમથી ઊજવણી કરવામાં આવી હતી . પ્રસ્તુત તસવીર કૃષ્ણ જન્મોત્સવની છે.
તસવીર: મહેશ એલ.સોની : નખત્રાણા

## જાફરાબાદ બંદરચોકમાં આવેલ યુરનલ બ્લોકમાં પડેલ મસમોટા ખાડા : પરંતુ પાલિકાના ધ્યાન ઉપર આવતું નથી

કિશોર આર. સોલંકી : જાફરાબાદ



જાફરાબાદ બંદરચોકમાં આવેલ યુરનલ બ્લોક માં પડેલ ખાડા ના કારણે રાત્રીના સમયે અંધારપટ માં કોઈ મુસાફર શૌચાલય માં જાય અને આ પડેલા જીવલેણ ખાડો કોઈ મુસાફર નો પગ ભાંગી નાખે તેવો ખાડો પડ્યો હોવા છતાં પાલિકા ના જવાબદાર અધિકારી ના ધ્યાન ઉપર આવતું નથી આ બાબતે અગાઉ અખબાર ના માધ્યમથી પેપરમાં સમાચાર પ્રસિદ્ધ થયા હતાં અને આ પેપર ના કટિંગ ચિફ ઓફિસર ના વોટ્સ નંબર ઉપર મોકલેલ તથા આ બંદરચોક શૌચાલય માં પડેલા મસમોટા ખાડા બાબતે જાગૃત નાગરિક દ્વારા પાલિકા ચિફ ઓફિસર ને મોબાઈલ દ્વારા આ શૌચાલય માં પડેલા ખાડા વિશે જણાવેલ અને ચિફ ઓફિસ દ્વારા જાગૃત નાગરિક ને જણાવેલ કે આ બંદરચોક ની શૌચાલય માં પડેલા ખાડો ટુંક સમયમાં પુરી દેવામાં આવશે પરંતુ આજદિન સુધી આ શૌચાલય માં પડેલો ખાડો પુરવામાં આવ્યો નથી તો શું કોઈ મુસાફર આ પડેલા ખાડા માં હાથ-પગ ભાંગે ત્યારે પુરવામાં આવશે કે પછી કોઈ સિનિયર સિટીઝન કે કોઈ મુસાફર આ શૌચાલય માં પડેલા ખાડા ના લીધે પગ મૂકતાં પડી જતાં કોઈ મોટી જાનહાનિ સર્જાય અને કોઈ ગંભીર રીતે પડે અને માથું ફાડી જાય મસમોટા ખાડા પડતા રાત્રીના સમયે મુસાફર જનતા અધવચ્ચે ખાડા ના લીધે કોઈ સિનિયર સિટીઝન કે રાહદારીઓ મુસાફર લોકો રાત્રીના સમયે આ શૌચાલય મસમોટા ખાડા ના લીધે કોઈ મોટી જાનહાનિ થઈ શકે છે. કારણ કે રાત્રીના સમયે અંધારપટ હોવાથી આ શૌચાલય માં પડેલા ખાડા ના લીધે હાથ પગ ભાંગી જાય તેવી રીતે અધવચ્ચે જોખમ રૂપ ખાંડા નગરપાલિકા ના જવાબદાર અધિકારી ના ધ્યાન ઉપર આવતું નથી આ યુરનલ બ્લોક શૌચાલય બંદચોકમાં આવેલ હોવાથી અહીં જુનું બસસ્ટેશન હોવાથી મુસાફર તેમજ મોટી સંખ્યામાં રાહદારીઓ અહીં ના લોકો વેપારીઓ આ શૌચાલય માં જતા હોય છે. પરંતુ પાલિકા ની જાણવણી ના થતી હોય તેવો ઘાટ જોવા મળી રહ્યો છે.

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.વી.લટા દ્વારા ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયત્રણો મુકતું જાહેરનામું બહાર પડાયું

જગદીશ ત્રિવેદી : લુણાવાડા

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા અસામાજિક તત્વો સ્થાનિક વિસ્તારોમાં કોઈના મકાન ભાડે રાખી રહેતા હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈ ને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સી.વી.લટા દ્વારા ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાંક નિયત્રણો મુકતું જાહેરનામું બહાર પડાયું. મહીસાગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન ખાસ સત્તા આપેલ વ્યક્તિ જ્યારે મકાન ભાડે આપે ત્યારે સબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યક્તિને મકાન ભાડે આપી શકશે નહી. ભાડે આપેલ મકાનની વિગત ભાડુઆત અને સબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

## નાંદનપેડા ગામે બાબ અને બહાઉલ્લાહનાં પવિત્ર જન્મદિવસની હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરી

સુશીલ પવાર : ડાંગ



ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાનાં નાંદનપેડા ગામ ખાતે બાબ અને બહાઉલ્લાહનાં પવિત્ર જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં 350થી વધુ લોકો આ કાર્યક્રમમાં સહભાગી થયા હતા. બાબ અને બહાઉલ્લાહ દ્વારા માનવતા માટે લાવવામાં આવેલા દિવ્ય પ્રકાશની દિશાનું પ્રતીક દીપ પ્રગટાવીને પ્રાર્થના ઓ થી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી,આ કાર્યક્રમમાં સુમિત્રાબેન આહિરે દ્વારા બે પવિત્ર જન્મદિવસનાં મહત્વ પર એક હૃદયસ્પર્શી સંદેશો આપ્યો હતો અને સમજાવ્યુ હતુ કે,ભગવાનના તમામ અવતારોનો એકમાત્ર હેતુ માનવતાને એકતા અને શાંતિ તરફ લઈ જવાનો છે.રામ, કૃષ્ણ, ઈસુ ખ્રિસ્ત, પયગંબર મુહમ્મદ, બાબ અને બહાઉલ્લાહ બધા એક જ ભગવાન દ્વારા મોકલવામાં આવ્યા હતા.જેનુ મિશન તમામ મનુષ્યોને પ્રેમ, એકતા અને શાંતિના સિદ્ધાંતો શીખવવાનો હતો.તેમજ મહિલા જૂથ એ પણ ગરબા ગીતો "દીપ જલે" અને "છોગાળા" પર તેમના ઉત્સાહી અને આનંદી નૃત્ય દ્વારા ઉજવણી અને એકતાનું વાતાવરણ ઊભુ કર્યું હતુ.અને બીસીસીના બાળકો દ્વારા નાટક રજૂ કરવામાં આવ્યુ હતુ,જેમાં સોશિયલ મીડિયાની અસરનું સર્જનાત્મક રીતે નિરૂપણ કરવામાં આવ્યુ હતુ.આ કાર્યક્રમની ઉજવણીમાં બહાઈ ધર્મના સિદ્ધાંતોને પણ સામેલ કરવામાં આવ્યા હતા.

## દાહોદમાં છેલ્લા 10 વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોનું મેપિંગ કરીને રોડ એન્જિનિયરિંગના સુધારાઓ કરાવવામાં આવ્યા

દીપક રાવલ : દાહોદ



દાહોદ જિલ્લા પોલીસે માર્ગ અકસ્માતના બનાવો સંદર્ભે ગંભીરતાપૂર્વક મલ્ટી ડાયમેન્શનલ એનાલિસીસ કરી માર્ગ અકસ્માતમાં ઘટાડો કરવા માટે સંવેદનશીલ કામગીરી કરી છે. જેને પરિણામે દાહોદ જીલ્લામાં ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે ૮૫ વાહન અકસ્માતોમાં ઘટાડો થયો છે, એટલુ જ નહિ, ૬૯ માનવ જીવન બચાવવામાં સફળતા મળી છે. ટ્રાફિક અવેરનેસ, ડ્રંક એન્ડ ડ્રાઈવ, હેલ્મેટ-સીટ બેલ્ટ સહિતની ખાસ ડ્રાઈવ ઉપરાંત ડ્રોન કેમેરાના ઉપયોગથી અસરકારક ટ્રાફિક મેનેજમેન્ટની પ્રશંસનીય કામગીરી માટે દાહોદ જિલ્લા પોલીસ વડા શ્રી ડો રાજદિપસિંહ ઝાલા અને તેમની સમગ્ર ટીમને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ અભિનંદન પાઠવ્યા છે. લોકોમાં ટ્રાફિક આવેરનેસ લાવવાની સાથોસાથ રોડ એન્જીનીયરિંગ અને પોલીસ એન્ફોર્સમેન્ટ કામગીરી પર વિશેષ ભાર મુકવામાં આવ્યો. જેમાં અગાઉના ૧૦ વર્ષમાં સર્જાયેલા માર્ગ અકસ્માતોનું મેપિંગ કરીને સુધારા યોગ્ય રોડ એન્જિનિયરિંગના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના સુધારાઓ સૂચવવામાં આવ્યા હતા. દાહોદ જિલ્લામાંથી પસાર થતા ધોરી માર્ગો ઉપર સર્જાતા ગંભીર અકસ્માતો અટકાવવા માટે જીલ્લામાં ફાળવેલી ઈન્ટરસેપ્ટર વાન દ્વારા હાઈવે પેટ્રોલીંગ રાખી સ્પીડ ગનના માધ્યમથી હેલ્મેટ, ઓવર સ્પીડ, રોંગ સાઈડના કેસ ઉપરાંત બ્રેથ એનલાઈઝરની મદદથી ડ્રંક એન્ડ ડ્રાઈવના મહત્તમ કેસ કરવામાં આવ્યા છે. તેની સાથોસાથ જિલ્લાના સીસીટીવી નેટવર્ક એવા નેત્રમ મારફતે વધુમાં વધુ ઈ-ચલણના કેસ કરવામાં આવી રહ્યા છે. જેનાથી ટ્રાફિક સબંધી ગુન્હાઓ, ટ્રાફિક પેટર્ન, ડ્રાઈવિંગ બિહેવીયર, રોંગ સાઈડ સ્પોટ, રાત્રે બ્લેક સ્પોટ આઉટ કરવા સહિતની વિશેષ કામગીરી કરવામાં આવી. બીજી તરફ દાહોદ જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં દાહોદ પોલીસ દ્વારા સેમીનાર, રેલી તેમજ પેમ્ફલેટ વિતરણ કરી ટ્રાફિક અંગે જનજાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. દાહોદ જીલ્લા પોલીસ દ્વારા વર્ષ-૨૦૨૪માં સપ્ટેમ્બર માસ સુધીમાં ઓવર સ્પીડના ૧૫,૦૬૫ કેસો, રોંગ સાઈડ ડ્રાઈવીંગના ૧૩,૩૭૨ કેસ, રશ ડ્રાઈવિંગના ૧૫૩૮ કેસ અને ડ્રંક એન્ડ ડ્રાઈવના કેસ કરીને ટ્રાફિક નિયમનનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યુ છે. દાહોદ જિલ્લા પોલીસ, વહીવટી તંત્ર તેમજ દાહોદ આર.ટી.ઓ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ અસરકારક કામગીરીને પરિણામે વર્ષ-૨૦૨૪માં માર્ગ અકસ્માતના બનાવોમાં નોંધપાત્ર ૮૫ બનાવોનો ઘટાડો લાવવામાં સફળતા મળી છે. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે અકસ્માતના બનાવોમાં થયેલા ઘટાડા સાથે દાહોદ પોલીસ કુલ ૬૯ માનવ જીવન બચાવી શકી છે.

# વિદ્યાર્થીને મરવા મજબૂર કરનાર શિક્ષકો સસ્પેન્ડ

## લોધિકાના મોટાવડામાં ધો-11ના વિદ્યાર્થીના આપઘાત કેસમાં આચાર્ય સહિત 3 શિક્ષક 17 દિવસથી ફરાર; આગોતરા જામીન નામંજૂર

(એજન્સી) રાજકોટ | તા. 06

રાજકોટના લોધિકા તાલુકાના મોટાવડા ગામે ધો-11 કોમર્સના વિદ્યાર્થી ધ્રુવીલ વરૂએ 19 ઓક્ટોબરે 3 શિક્ષકોના ત્રાસથી સુસાઈડ નોટ લખી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. જે ઘટનામાં વિદ્યાર્થીને મરવા મજબૂર કરનારા આચાર્ય સચિન વ્યાસ, કાયમી શિક્ષક મોસમી શાહ અને જ્ઞાન સહાયક વિભૂતિ જોષી સામે 20 ઓક્ટોબરે લોધિકા પોલિસે FIR દાખલ કરી હતી. જો કે, ત્યારથી એટલે કે, 17 દિવસથી ત્રણેય શિક્ષકો ફરાર છે. આ દરમિયાન આ ત્રણેય શિક્ષકોએ ગોંડલ કોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. જો કે, તેમની અરજી કોર્ટમાં નામંજૂર થઈ છે. બીજી તરફ રાજકોટના જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે ત્રણેય શિક્ષકને સસ્પેન્ડ કર્યા છે અને તેમનો રિપોર્ટ રાજ્ય સરકારને મોકલી આપ્યો છે.

રાજકોટ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે, લોધિકાના મોટાવડાની સરકારી શાળામાં અભ્યાસ કરતા ધોરણ-11ના વિદ્યાર્થી ધ્રુવીલ વરૂએ આપઘાત કરી લીધાની ઘટનામાં સ્કૂલના આચાર્ય સહિત ત્રણેય શિક્ષકોનો લેખિત ખુલાસો પૂછવામાં આવ્યો હતો. પરંતુ તેમને હજુ સુધી જવાબ આપ્યો નથી અને તેમની સામે પોલીસકેસ પણ નોંધાયો છે. ત્યારે આ બંને બાબતને ધ્યાનમાં લઈને ત્રણેય શિક્ષકોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને તેમનો રિપોર્ટ રાજ્ય કક્ષાએ મોકલી દેવામાં આવ્યો છે અને હવે ત્યાંથી જ આ શિક્ષકોને કઈ જગ્યાએ મૂકવા તેનો નિર્ણય થશે.

આ અંગે લોધિકા પોલીસ સ્ટેશનના પીઆઈ શર્માને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, મોટાવડા ગામની સરકારી શાળાના વિદ્યાર્થીએ આપઘાત કરી લીધાની ઘટનામાં ત્રણેય શિક્ષકોએ ધરપકડથી બચવા માટે આગોતરા જામીન મૂક્યા હતા. પરંતુ તે કોર્ટ દ્વારા નામંજૂર થયેલા છે. ત્રણેય શિક્ષકો રાજકોટ રહે છે પરંતુ તેમના ફોન બંધ આવે છે અને તેમના ઘરે તપાસ કરવામાં આવતા ત્યાં પણ હાજર મળી આવ્યા નથી. તેમને ઝડપી લેવા માટે તપાસ ચાલુ છે. સુસાઈડ નોટમાં જેમનો ઉલ્લેખ કરાયો છે તે 3 શિક્ષક સામે વિદ્યાર્થીને મરવા મજબૂર કરવા બદલ બીએનએસ કલમ 108 તથા 54 મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ફરિયાદી ભરતભાઈ ડુંગરભાઈ વરૂ ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું મારા પરિવાર સાથે રહું છું અને પશુપાલનનો વ્યવસાય કરી મારા પરિવારનું ગુજરાન ચલાવું છું.

મારા પરિવારમાં મારાં પત્ની જયાબેન તથા એક દીકરો નામે ધ્રુવિલ (ઉ.વ. 16) છે. તથા એક 13 વર્ષની દીકરી છે જે છાપરા પ્રાથમિક શાળામાં ધોરણ 8માં અભ્યાસ કરે છે. મારો દીકરો ધ્રુવિલ મોટાવડા ગામની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં ધોરણ 11 સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરતો હતો. જેને સ્કૂલેથી આવવા જવા માટે અમારા ગામના ભાણુભા ઝાલાની સ્કૂલવાન બંધાવેલી હતી.

તા.19.10.2024ના રોજ મારા દીકરા ધ્રુવિલને 6 માસિક પરીક્ષા ચાલુ હોઈ સવારે 7.30 વાગ્યે સ્કૂલે જવા માટે નીકળી ગયેલ હતો અને હું સવારના 9 વાગ્યે મારા માલઢોર ચરાવવા છાપરા ગામની સીમમાં ગયો હતો. ત્યારે બપોરના બે વાગ્યાના અરસામાં મારા દીકરા ધ્રુવિલના મોબાઈલમાંથી સોહમનો ફોન આવેલ કે ધ્રુવિલને મજા નથી તમે જલદી ઘરે આવો જેથી હું મારા માલઢોર મારા નાના ભાઈ વિજયભાઈને સાચવવાનું કહી હું મારા ઘરે આવ્યો હતો. ત્યારે મારી પત્ની જયાબેન તથા આડોશપાડોશના ઘણા બધા મારા ઘરે હાજર હતા અને મારી પત્ની રડતી હતી. મેં મારાં પત્નીને ધ્રુવિલ ક્યાં છે તે બાબતે પૂછતા તેણે કહેલ કે, ધ્રુવિલે ગળેફાંસો ખાઈ લીધો છે. રાજેશભાઈ અને બીજા માણસો તેને દવાખાને લઈ ગયા છે. મેં ઘરમાં જોયેલ તો અમારા ઘરના પહેલા રૂમમાં ખુરશી અને તેની ઉપર ત્રણ ઓશિકા રાખેલાં હતાં. તથા છતના નકુચામાં ચૂંદડી બાંધેલી હતી. જેથી મેં મારી પત્નીને આશ્વાસન આપેલ કે, ધ્રુવિલને દવાખાને લઈ ગયેલ છે તેને સારું થઈ જશે.

---

**ન્યૂઝ કોર્નર**

### સુરેન્દ્રનગરમાં હિટ એન્ડ રનની બે ઘટના, બેના મોત

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લામાં અકસ્માતમાં બે હિટ એન્ડ રનની ઘટનામાં બે લોકોના મોત થયા હોવાની ઘટના સામે આવી છે. મોઢવાણા વચ્ચે શક્તિમાંના દર્શનાઅર્થે જતાં યાત્રિકને કાર ચાલકે ટક્કર મારતાં સારવાર દરમિયાન એક યુવકનું મોત થયું છે. જ્યારે માલવણ-પાટડી હાઈવે ઉપર અજાણ્યા વાહને બાઇક ચાલકને ટક્કર મારતાં બાઈકચાલકનું ઘટનાસ્થળે જ મોત થયું છે. બીજા બનાવમાં તારીખ 3 ના રોજ સુરેન્દ્રનગરથી પાટડી શક્તિમાંના દર્શનાઅર્થે ચાલીને યાત્રીઓ જઈ રહ્યા હતા જેમાં રાત્રીના સમયે કાર ચાલકે ચાલીને જતા યાત્રી મેહુલ કમેજડિયા ને ટક્કર મારી ફરાર થયો હતો. યાત્રિકને ટક્કર લાગતા માથાના હાથના અને પગના ભાગે ગંભીર ઈજા પોહચી હતી. ઈજાગ્રસ્તને ખાનગી વાહન માફક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

### બોટાદની ગાયનેક હોસ્પિટલના ડોક્ટર સામે આક્ષેપ

બોટાદ | બોટાદની ખાનગી હોસ્પિટલમાં ગાયનેક ડોક્ટરની ગંભીર બેદરકારી સામે આવી છે, મહિલાની ડિલિવરી દરમિયાન બાળકને હાથે ફ્રેક્ચર થયું હતું. ત્યારે પરીવારે બાળકને અન્ય હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા બાદ બીજા દિવસે ફ્રેક્ચર અંગે જાણ થઈ હતી. આ અંગે ગાયનેક ડોક્ટરે સ્પષ્ટતા કરી કે, બાળકને ફ્રેક્ચર છે તેની જાણ મહિલાના પરિવારને પહેલેથી જ કરી દેવામાં આવી હતી.

સગર્ભા મહિલાના પતિએ જણાવ્યું હતું કે, છેલ્લા છ મહિનાથી ખુશ્બુ હોસ્પિટલમાં તેની પત્નીની સારવાર ચાલી રહી હતી. ખુશ્બુ હોસ્પિટલમાં સોનોગ્રાફી પણ કરવામાં આવી હતી, પરંતુ એકપણ વાર તેઓને બાળક ઊંધું છે તેવું જણાવ્યું નથી, ડિલિવરીના દિવસે પણ અમોને બાળક ઊંધું છે તેવું જણાવ્યું નથી, ડિલિવરી દરમિયાન મહિલા નર્સ કે ડોક્ટર દ્વારા ડિલિવરીમાં બેદરકારી રાખી હોવાના કારણે બાળકનો હાથ ભાંગી ગયો હતો.

---

## પાછળ સંગઠન કે ષડ્યંત્ર તે જાણવા સેન્ટ્રલ એજન્સી સાથે પોલીસની તપાસ શરૂ...

# સુરતમાં 6 મહિનામાં 5 વાર બોમ્બની ધમકી : યુરોપના અલગ અલગ દેશોમાંથી થ્રેટ મેઈલ આવ્યા...!

**સુરત | ક્યારેક હોટલ, ક્યારેક મોલ, ક્યારેક એરપોર્ટ, એક પછી એક બોમ્બની ધમકીઓ મળતાં સુરત પોલીસ સતર્ક થઈ ગઈ છે. આ સતત ધમકીઓ પાછળ કોઈ અસામાજિક તત્ત્વ છે કે સુનિયોજિત કાવતરું તેની તપાસ કરવામાં આવી રહી છે. પોલીસનું માનવું છે કે, સતત બોમ્બની ધમકીઓ પાછળ કોઈ સંગઠન હોય શકે છે અને તે ષડ્યંત્રના ભાગરૂપે કરવામાં આવી રહ્યું છે. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.**

**છેલ્લા કેટલાક મહિનાઓમાં સુરતમાં બોમ્બના ધમકીભર્યા વારંવાર ઈ-મેલ અને ફોન કોલ આવ્યા છે. વીઆર મોલને બે વાર આવી ધમકી મળી છે. સુરતમાં આવી વારંવારની ધમકીઓને કારણે પોલીસ સતર્ક છે.**

**સુરત પોલીસનું માનવું છે કે, આ સુરતની શાંતિ ભંગ કરવાનું કાવતરું હોઈ શકે છે. આ અફવાઓ પાછળ કોણ છે? પોલીસે આ મામલાની તપાસ માટે એક વિશેષ ટીમ બનાવી છે. આ ટીમમાં સાયબર ક્રાઈમ, ક્રાઈમ બ્રાંચ અને સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપના અધિકારીઓનો સમાવેશ થાય છે. આ અંગે જણાવ્યું હતું કે આવી અફવાઓ એક મોટો પડકાર બની ગઈ છે, પરંતુ સુરક્ષામાં કોઈ ખામી નહીં આવે. આ એક સંગઠિત અપરાધ હેઠળ કરવામાં આવી રહ્યું છે, અમે ટૂંક સમયમાં તેના મૂળ સુધી પહોંચીશું.**



### પ્લેનમાં ટિસ્યૂ પેપર પર બોમ્બનું ધમકીભર્યું લખાણ મળ્યું

આ અંગે અનુપમસિંહ ગેહલોતે વધુમાં જણાવ્યું હતું કે, આ અંગે અમે કેન્દ્રીય તપાસ એજન્સીની મદદ લઈ રહ્યા છીએ. ખાસ કરીને પ્લેનમાં જ્યારે એક ટિસ્યૂ પેપર ઉપર ધમકી લખી આપવામાં આવી હતી, અમે તમામ પ્લેનના યાત્રીઓના હેન્ડરાઈટિંગ સેમ્પલ લીધા છે જે મોકલવામાં આવ્યા છે. ટિસ્યૂ પેપર પર લખવામાં આવેલા લખાણથી કોઈ યાત્રીના લખાણ મેચ થાય છે કે નહીં તે અંગે રિપોર્ટ આવ્યા પછી જ સ્પષ્ટ થઈ શકશે. ઈન્ડિગો ફ્લાઈટમાં જે થ્રેડ કોલ અમને મળ્યા તેમાં તપાસ કરતા જાણવા મળ્યું છે કે, સોશિયલ મીડિયા X ઉપરથી વીપીએન વાપરીને કોલ કરવામાં આવ્યો હતો.

### 9 એપ્રિલ: વીઆર મોલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

સુરતનો સૌથી મોટા વીઆર મોલને ધમકી મળતાં પોલીસે ખાલી કરાવ્યો હતો. મોલમાં બોમ્બ બ્લાસ્ટ કરવાની ધમકી મળતાં પોલીસ તુરંત એક્શન મોડમાં આવી હતી. 3 ટીમ સુરત સિટી, સુરત રૂરલ અને નવસારી પોલીસની ટીમ મોલમાં તપાસમાં લાગી હતી. સાડા ત્રણ વાગ્યાથી મોલમાં તપાસ શરૂ કરી હતી, જે મોડી રાત સાડા આઠ કલાક સુધી ચાલી હતી. પાંચ કલાકમાં પોલીસે મોલનો ખૂણેખૂણો સ્કેન કરી લીધો હતો. જો કે, પોલીસની તપાસ દરમિયાન બોમ્બ જેવું કંઈ મળ્યું ન હતું.

**22 ઓક્ટોબર:** સુરતથી ગોવા જતી ફ્લાઈટમાં બોમ્બ મૂક્યાની ધમકી મળી હતી. સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી ફ્લાઈટ ટેકઓફ થયા બાદ સોશિયલ મીડિયા થકી ફ્લાઈટમાં બોમ્બ મૂક્યો હોવાનો મેસેજ મળ્યો હતો. આથી, લેન્ડ થવાની સાથે જ ફ્લાઈટનું ગોવાના એરપોર્ટ પર CISF દ્વારા ચેકિંગ કરાયું હતું.

### 19 ઓગસ્ટ: વીઆર મોલને ફરીથી બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી

સુરતના VR મોલને ફરી એકવાર મેઈલથી ધમકી મળી. રક્ષાબંધનના તહેવાર પર ફરી એક વખત મોલને ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. SOG અને PCBની ટીમ સહિત અને ક્રાઈમ બ્રાન્ચની ટીમ પણ VR મોલ ખાતે પહોંચી ગઈ હતી. તપાસમાં ડોગ સ્ક્વોડ અને બોમ્બ સ્ક્વોડની મદદ લેવાઈ હતી. સમગ્ર તપાસના અંતે કોઈ વિસ્ફોટક કે શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવી નહોતી.

### 27 ઓક્ટોબર: શહેરની સાત હોટલોને બોમ્બની ધમકીઓ મળી.

દેશમાં ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ પેસેન્જર ફ્લાઈટ્સ પર બોમ્બની ધમકીઓ મળવાનો સિલસિલો યથાવત્ છે, ત્યાં જ હોટલોને ઉડાવવાની ધમકી મળવાનું શરૂ થયું હતું. 26 ઓક્ટોબરે રાજકોટની 10 હોટલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો મેઈલ મળ્યા બાદ 27 ઓક્ટોબરે સુરતના ડુમ્મસ રોડ પર આવેલી લા મેરિડીયન સહિત 7 હોટલને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. 55,000 ડોલર (46 લાખ)ની માગ સાથે હોટલો ઉડાવી દેવાની ધમકીભર્યો મેલ મળ્યો હતો. વિગતે વાંચો..

**27 ઓક્ટોબર:** ગોવા-વડોદરા ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળી હતી સ્પેન અને દેશના વડાપ્રધાન વડોદરાની મુલાકાતે હતા, ત્યારે ગોવાથી વડોદરા આવતી ફ્લાઈટને સુરત ડાયવર્ટ કરવામાં આવી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર આ ફ્લાઈટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેથી સિક્યોરિટી રિઝનના કારણે આ ફ્લાઈટને સીધી સુરત ડાયવર્ટ કરવામાં આવી હતી. જો કે, ફ્લાઈટ સુરત એરપોર્ટ પહોંચતા જ પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવ્યું હતું. જો કે, આમાં પણ કંઈ મળ્યું નહોતું.

---

## 16 વર્ષની ઉંમરે ચોરીના ગુનાને અંજામ આપી ફરાર આરોપી ઝડપાયો

(એજન્સી) મહેસાણા | તા. 06

મહેસાણા પેરોલ ફ્લો સ્કોર્ડની ટીમે ચોરીના કેસમાં છેલ્લા છ વર્ષથી ફરાર આરોપીને બાતમી આધારે મહેસાણામાં આવેલા ગુરુદ્વારા પાસેથી દબોચી લીધો છે.આરોપી છેલ્લા 6 વર્ષથી પોલીસને હાથતાળી આપી ફરાર થયો હતો. મહેસાણા શહેરમા ગુરુદ્વારા પાછળ આવેલા લોકો કોલોની છાપરામા રહેતા શખ્સ સામે મહેસાણા શહેર બી ડિવિઝન પોલીસમાં છ વર્ષ અગાઉ ચોરી અંગે ગુન્હો નોંધાયો હતો.જે કેસમાં મહેસાણા પેરોલ ફ્લો ટીમના ASI નરેન્દ્ર સિંહ થતા હે.કો પ્રકાશ ભાઈ ને આરોપી અંગે બાતમી મળી હતી કે, આરોપી હાલમાં મહેસાણાના ગુરુદ્વારા પાસે ગોળ ગળા વાળી આખી બાયની કાળા કલરની ટી શર્ટ પહેરી ઉભો છે.


બાતમી આધારે પેરોલ ફ્લો ટિમ ગુરુદ્વારા પાસે આવી પહોંચી આરોપીને ઝડપી પાડ્યો હતો.અને તેણે ઝડપી મહેસાણા સહેર બી ડિવિઝન પોલીસમાં નોંધ કરાવી વધુ તપાસ આદરી છે.આરોપી એ જ્યારે ચોરી કરી ત્યારે તેની ઉમર 16 વર્ષની હતી.જ્યારે પોલીસે 6 વર્ષ બાદ ઝડપ્યો ત્યારે તેની ઉંમર 21 વર્ષ હોવાનું સામે આવ્યું છે.

## યુવતીના આપઘાત મામલે તપાસ:લિવઈન પાર્ટનરે આરોપો મુકી ઝઘડો કરતા યુવતીએ મોત વ્હાલુ કર્યું

(એજન્સી) વડોદરા | તા. 06

વડોદરા જિલ્લના વરણામા પોલીસ મથક વિસ્તારમાં ભાડે રહેતી અને ડોગ રેસ્ક્યૂનું કામ કરતી યુવતીનો ગળેફાંસો ખાધેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. આ ઘટનામાં આશરે દસ દિવસ બાદ આરોપી લિવઈન પાર્ટનર સામે જ ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપી દ્વારા મૃતક પર ઈચ્છાનુસાર આરોપો મુકીને ઝઘડો કરવામાં આવતો હતો. આખરે ત્રસ્ત યુવતીએ મોત વ્હાલું કર્યું હતું.

આ બનાવ અંગે જિલ્લાના વરણામાં પોલીસ મથકમાં મૃતકના બહેન સ્નેહલબેન સુરજકુમાર પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમની બહેન શર્મિષ્ઠાબેન દિનેશભાઈ તડવી અને અતુલ ચંદુભાઈ રાજ (રહે. રિદ્ધિ-સિદ્ધિ સોસાયટી, સોમા તળાવ, વડોદરા) લિવઈન રિલેશનશીપમાં રહેતા હતા. શર્મિષ્ઠાબેન ડોગ રેસ્ક્યૂનું કામ કરતા હતા અને તેઓ કલ્પના જીવ આશ્રય નામથી ડોગ રેસ્ક્યૂની એનજીઓનું



રજિસ્ટ્રેશન કરાવવા માગતા હતા. પરંતુ તેઓની આ વાતથી તેમનો લિવઈન પાર્ટનર અતુલ ચંદુભાઈ રાજ સહમત ન હતો.

છેલ્લા બે માસથી શર્મિષ્ઠાબેન સાથે સંસ્થાનું રજિસ્ટ્રેશન નહીં કરાવવા માટે અતુલ ચંદુભાઈ રાજ દ્વારા ઝઘડો કરવામાં આવતો હતો. આ સાથે જ તે શર્મિષ્ઠાબેનને શારીરિક અને માનસિક ત્રાસ આપતો હતો. આટલેથી નહીં અટકતા અતુલ ચંદુભાઈ રાજ પોતાનું કહ્યું થાય અને શર્મિષ્ઠાબેનને દબાણમાં લાવવા માટે તેના પર અન્ય વ્યક્તિઓ સાથે આડાસંબંધ હોવાનો આરોપ મુકતો હતો અને તે ખોટા વહેમ રાખીને શર્મિષ્ઠાબેન સાથે ઝઘડો કરતો હતો. ગત, 24 ઓક્ટોબરના રોજ બંને વચ્ચે ફોન પર મોટો ઝઘડો થયો હતો. જેમાં અતુલ રાજે શર્મિષ્ઠાબેનને ફોન પર ગંદી ગાળો બોલીને આડાસંબંધો અંગે આરોપ મુકીને ભયંકર માનસિક ત્રાસ આપ્યો હતો. આ ત્રાસથી કંટાળી જઈને શર્મિષ્ઠાબેને ઘરના સિલિંગ ફેન પર ગળેફાંસો ખાઈને જીવન ટુંકાવ્યું હતું, જે બાદ તેમને મૃતદેહ પરિવારને મળ્યો હતો. આ મામલે આખરે અતુલ ચંદુભાઈ રાજ (રહે. રિદ્ધિ-સિદ્ધિ સોસાયટી, સોમા તળાવ, વડોદરા) સામે વરણામાં પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

---

**બ્રેકિંગ ન્યૂઝ**

### તસ્કરો સક્રિય:હિંમતનગરના મહેતાપુરા બે દુકાનમાં ચોરી

સાબરકાંઠા | હિંમતનગરના મહેતાપુરા વિસ્તારમાં એક કોમ્પ્લેક્ષમાં તસ્કરોએ રાત્રિ દરમિયાન બે દુકાનના શટરના તાળા તોડી ચોરી કરી હતી. બી-ડિવિઝન પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. આ અંગેની વિગત એવી છે કે, હિંમતનગરના મહેતાપુરા ચાર રસ્તાથી ઈડર તરફ જવાના રોડ પર આવેલ સન રાઈઝ પ્લાઝામાં મંગળવારે રાત્રિ દરમિયાન તસ્કરોએ બે દુકાનના શટરના તાળા તોડી ચોરી કરી હતી. લાભ પાંચમે મુહૂર્ત કરવા આવેલા વેપારીને ચોરી થયાની જાણ થતાં બી-ડિવિઝન પોલીસને જાણ કરાઈ હતી.

### નકલી IAS બની ૧૩ કરોડની છેતરપિંડી કરનાર આરોપી અઢી વર્ષે ઝબ્બે

મોરબી | મોરબીમાં 4 વર્ષ પહેલા એક શખ્સએ પોતે આઈએએસની પરીક્ષા પાસ કરી કલેકટર માટે સિલેક્ટ થયા હોવાનો દાવો કરી મોરબીમાં અલગ અલગ લોકો પાસેથી 13.80 કરોડ જેટલી રકમની છેતરપિંડી કરવાની ઘટના બની હતી. જેનો આરોપી ભુજ જેલમાંથી પેરોલ પર છૂટ્યા બાદ ફરાર થઈ ગયાના અઢી વર્ષ બાદ ફરી પોલીસની ઝપટે ચઢી ગયો હતો, પોલીસે આરોપીને કોર્ટમાં રજૂ કર્યા બાદ ભુજ જેલ હવાલે કર્યો હતો. નોંધનીય છે કે આ આરોપીએ એક શખ્સને બેંકનો નકલી અધિકારી પણ બનાવી દીધો હતો અને એ રીતે લોકો સમક્ષ રજૂ કરી.

---

## કંથારિયા ગામમાં સિંહણે હુમલો કરતા સાત વર્ષીય બાળકીનું મોત થયું હતું...

(એજન્સી) અમરેલી | તા. 06

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારિયા ગામમાં બે દિવસ પહેલા સાત વર્ષની બાળકી પર સિંહણે હુમલો કરતા બાળકીનું મોત નિપજ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા મૃતક બાળકીના પરિજનોને પાંચ લાખની સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ખાલસા કંથારિયા ગામમાં બે દિવસ સાત વર્ષીય બાળકી તેના માતા સાથે વાડી વિસ્તારમાંથી ઘરે આવી રહ્યા હતા. ત્યારે સિંહણ બાળકીને દબોચી લઈ નાસી ગઈ હતી. પરિવારજનોએ શોધખોળ કરતા બાળકીના શરીરના અવશેષો મળી આવ્યા હતા. બાદમાં વનવિભાગની ટીમે મેગા ઓપરેશન હાથ ધરી સિંહણને પાંજરે પૂરી હતી. મૃતક કીર્તિનો સિંહણ દ્વારા શિકાર કર્યા બાદ વનવિભાગ દ્વારા પંચરોજ કામગીરી કર્યા બાદ



મૃતકના પરિવારના નિવેદનો લીધા બાદ રાજ્ય સરકારના નિયમ પ્રમાણે રૂ.5 લાખનો ચેક મૃતકના પરિવારજનોને અર્પણ કરવામાં આવ્યો હતો. જેમાં ધારાસભ્ય હીરા સોલંકીના હસ્તે 5 લાખનો ચેક અર્પણ કરવામા આવ્યો હતો. જેમાં RFO જી. એલ.વાઘેલા, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, જાફરાબાદ કારોબારી ચેરમેન અનિરૂદ્ધભાઈ વાળા,સરપંચ ચંપુભાઈ વરૂ, સહિત સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## બેફામ જતી કારે બાઈકને ઉલાળ્યું:વડનગર-કહીપુર રોડ પર બેફામ જતી કારે બાઈકને ઉલાળ્યું, એક મહિલાનું મોત

(એજન્સી) મહેસાણા | તા. 06

વડનગર કહીપુર રોડ પર સાંજના સમયે એક બેફામ કારની ટકકરે બાઈક સવાર માસી અને ભણીયાનો અકસ્માત સર્જાયો હતો. જેમાં કારની ટકકરે ગંભીર ઈજાગ્રસ્ત માસીનું મોત નિપજ્યું હતું. ભાણીયાને ગંભીર ઈજાઓ થતા સારવાર આપવામાં આવી હતી. અકસ્માત બાદ કાર મૂકી ફરાર થનાર અજાણ્યા કાર ચાલક સામે વડનગર પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો હતો.

વડનગરના કંસારાની માઢના સામે રહેતા નિમિષાબેન પંચાલની ફરિયાદ મુજબ તે અને તેમની બહેન પોતાના છુટા છેડા બાદ ભાણીયા સાથે પોતાના પિતાના ઘરે રહેતા હતા. જેમને તિજોરીનું કામકાજ હોઈ તેમની બહેન ઈલાબેન અને ભાણિયો યુગ બન્ને જણા બાઈક પર બામણવા કહીપુર ગામે ગયા હતા. જેઓ મોડા સુધી ઘરે ન આવતા તેમને કોઈ દ્વારા તેમની બહેન અને પુત્રને અકસ્માત થયો હોવાની જાણ થતાં તેઓ વડનગર સિવિલમાં પહોંચ્યા હતા.

જ્યાં તેમને તેમની બહેન અને તેમનો પુત્ર કહીપુર રોડ પરથી બાઈક લઈ પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક બેફામ કાર ચાલકે તેમના બાઈકને ટક્કર મારી અકસ્માત સર્જતાં તેમની ઈલાબેનને ગંભીર ઈજાઓ થતા મોત નિપજ્યું હતું. જયારે તેમના પુત્ર યુગને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડાયો હતો. સમગ્ર મામલે વડનગર પોલીસે ફરિયાદીની ફરિયાદ આધારે અકસ્માત સર્જી ફરાર થનાર GJ-09 AR 0128 નંબરની કારના અજાણ્યા ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ આદરી હતી.



# તબીબની હત્યા કરનાર 5 શખ્સ 3 દિવસના રિમાન્ડ પર

(એજન્સી) ભાવનગર | તા.06

શહેરના એરપોર્ટ રોડ પર આવેલ સોમનાથ રેસીડેન્સી ખાતે રહેતા યુવાન અને તેની મિત્ર કારમાં ડીઝલ પુરાવવા માટે જતા હતા તે દરમિયાન યોગીનગર ખોડીયાર પાન સેન્ટર પાસે રોડ ઉપર સાત શખ્સ નાચ ગાન કરી રહેલા શખ્સો સાથે માથાકૂટ થતાં યુવાને પિતાને બોલાવતા છ શખ્સ લોખંડના પાઈપ અને છરી વડે તબીબ પર તુટી પડયા હતા.અને તબીબનું મોત નીપજાવી નાસી છૂટયા હતા.આ બનાવ સંદર્ભે ઘોઘા રોડ પોલીસે સગીર સહિત છ શખ્સની ધરપકડ કરી હતી.પાંચ શખ્સને રિમાન્ડની માંગ સાથે કોર્ટ માં રજુ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા.આ બનાવની પ્રાપ્ત થતી વિગત અનુસાર એરપોર્ટ રોડ પર આવેલ સોમનાથ રેસીડેન્સી પ્લોટ નંબર ૫૫૫ ખાતે રહેતા કહાનભાઈ શિવરાજભાઈ લાખણી અને મિત્ર કિશનભાઈ કુકડીયા કાર ડિઝલ પુરાવવા માટે ઘરેથી નીકળ્યા હતા. ત્યારે યોગીનગર ખોડીયાર પાન સેન્ટર પાસે રોડ ઉપર આવ્યા તેવામાં પ્રકાશ પકો રાજુ ખોખર તથા ભાવેશ ઉર્ફે ભાવિન વિજયભાઈ પંડયા તથા કિશન ઉર્ફે કે .પી પરશોતમભાઈ ડગળા તથા ચિરાગ ઉર્ફે ભણો લક્ષ્મણભાઈ રાઠોડ તથા દેવ ઉર્ફે અગુ લાલાભાઈ ચુડાસમા તથા બે અજાણ્યા શખ્સે રોડ ઉપર નાચગાન કરી રહ્યા હતા. કહાનભાઈ ગાડીનો હોર્ન મારી ખસી જવાનું કહેતા તમામ શખ્સ ઉશ્કેરાઈ તિક્ષણ હથીયારો લઇ આવી કહાનભાઈની ગાડી ઉપર પથ્થરના છુટા ઘા કરી ગાડીના કાચની તોડફોડ કરી હતી.

## ન્યુઝ ફ્લેશ

### લાઠીદડ ગામે જૂની અદાવતની દાઝે યુવાને છરીના ઘા ઝીંકાયા

ભાવનગર : લાઠીદડ ગામના વતની અને હાલ મુંબઈ ખાતે રહેતા પ્રકાશભાઈ વાઘેલા દસ દિવસ પૂર્વે દિવાળીના તહેવાર નિમિત્તે પોતાના વતન લાઠીદડ ગામે આવ્યા હતા. લાઠીદડ ગામે જૂના બસ સ્ટેન્ડ પાસે આવેલ તાળાવ પાસે આ કામના પ્રકાશભાઈનાં ગૌત્ર ભાઈ બુધા વાઘેલાએ જૂની મકાન પ્લોટ જમીન બાબતના ઝઘડાની અદાવત રાખી પ્રકાશભાઈને છાતીના ભાગે છરી વડે ઉજરડાઓ કરી ડાબા હાથના પંજાના ભાગે મુઢ ઈજા કરી ગાળો આપીને જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ફરિયાદ પ્રકાશભાઈએ ગોત્ર ભાઈ વિરુદ્ધ બી.એન.એસ કલમ-૧૧૮(૧) ૩૫૧(૩)૩૫૨ તથા જી.પી.એક્ટ ૧૩૫ મુજબ બોટાદ રૂરલ પોલીસ મથકમાં નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### મનપાની ટીમે લારી-ગલ્લા સહિતના 70 થી વધુ નાના દબાણ હટાવ્યા

ભાવનગર : મહાપાલિકાની ટીમે ફરી નાના ગેરકાયદે દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી છે, જેના ભાગરૂપે છેલ્લા બે દિવસમાં લારી-ગલ્લા સહિતના ૭૦થી વધુ નાના દબાણ હટાવવામાં આવ્યા હતાં. આજે મંગળવારે અન્ય વિસ્તારમાંથી બોર્ડ સહિતના દબાણ હટાવ્યા હતા, જ્યારે કેટલોક સામાન જપ્ત કર્યો હતો. મહિલા કોલેજ, ઘોઘા સર્કલ, સરદારનગર, ટોપ થ્રી સર્કલ, વાઘાવાડી રોડ, પાણીની ટાંકી, જવેલ્સ સર્કલ, નિલમબાગ સર્કલ, માધવ કોમ્પ્લેક્ષ વગેરે વિસ્તારમાંથી મંજૂરી વગરના ૩૯ બોર્ડ, ૨ કાંટા, ૩ સાયકલ, ૧ લોખંડનો ગેટ વગેરે દબાણ દૂર કર્યા હતા અને કેટલોક સામાન જપ્ત કર્યો હતો. મહાપાલિકાની કાર્યવાહીના પગલે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો.

### પ્રેમિકાને મળવા આવેલા પ્રેમીને પતિ સહિત બે દીકરાએ મોતને ઘાટ ઉતાર્યો

ડેસર : ડેસર તાલુકાના પ્રતાપપુરા ખાખરીયા ફળિયામાં રહેતા મહેશ ઉર્ફે પોપટ જશવંતસિંહ પરમાર (ઉ.વ.૩૫,) તેમની પત્ની વર્ષાબેન અને બે નાની દીકરીઓ રીન્કુ અને શીતલ સાથે રહીને ડમ્પર ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા હતા.તેમના જ ખાખરીયા ફળિયામાં રહેતા ગણપત ઉર્ફે ગણો મગનભાઈ પરમારની પત્ની સંગીતા સાથે મહેશ પરમારને પ્રેમ સંબંધ બંધાયો હતો.બેસતા વર્ષની મધ્યરાત્રી દરમિયાન પ્રેમી મહેશ ઉર્ફે પોપટ સંગીતાને મળવા માટે આવ્યો હતો.મધ્ય રાત્રી દરમિયાન ખાખરીયા ફળિયામાં રહેતા રમેશભાઈ જેણાભાઈ ચૌહાણના ઘરના દરવાજા સામે રસ્તા ઉપર ગણપત પરમાર અને તેના બે દીકરાએ મહેશ ઉર્ફે પોપટ પરમાર ઉપર ઉપરા છાપરી માથામાં ડંડાના ફટકા મારી લોહી લુહાણ કરી દીધો હતો. તે બાદ જાણે કંઈ થયું જ નથી. તેમ ઘરે જતા રહ્યા હતા.તે સમયે જેના ઘરની પાસે હત્યા થઈ હતી.

## ધંધુકા પોલીસ મથકમાં 11 શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાઇ

# અણિયાળી ગામે ચૂંટણીમાં ઝઘડો થયાની દાઝે બે જૂથ વચ્ચે સશસ્ત્ર ધીંગાણું

(એજન્સી) ભાવનગર | તા.06



ધંધુકા તાલુકાના અણિયાળી ખાતે રહેતા હાદક્સિંહ વસુદેવસિંહ ચુડાસમાંનાં કાકા રામદેવસિંહ વસુદેવસિંહ ચુડાસમાંને પુર્વરાજસિંહ ઉર્ફે તોગો રવુભા ચુડાસમા, બલવીરસિંહ ઉર્ફે યોગો રવુભા ચુડાસમા,સુર્યરાજસિંહ રવુભા ચુડાસમા, રવુભા માનુભા ચુડાસમા સાથે જીલ્લા પંચાયતની ચુંટણી અન્વયે ઝઘડો થયો હતો. આ ઝઘડાનું મનદુખ રાખી હાદકસિંહ, આર્યરાજસિંહ રામદેવસિંહ ચુડાસમા, શિલ્યરાજસિંહ રામદેવસિંહ ચુડાસમા ગામમા ચાલવા નીકળ્યા હતા. તે દરમ્યાન ઉપરોક્ત શખ્સ ઘર નજીકથી પસાર થતા હતા તેવામાં પુર્વરાજસિંહ ઉર્ફે તોગો સ્વભા ચુડાસમા કાર લઈને આવી કારમાથી નીચે ઉતરી હાદક્સિંહ, આર્યરાજસિંહને જોરજોરથી ગાળો આપી તારા કાકા રામદેવસિંહે જીલ્લા પંચાયતની ચુંટણી વખતે અમારા ઉપર ખોટા કેસ કરેલ છે. તેવુ બોલતા તેનુ ઉપરાણ લઈ બલવીરસિંહ ઉર્ફે યોગો, રવુભા ચુડાસમા તલવાર તથા સુર્યરાજસિંહ રવુભા ચુડાસમા છરો તથા રવુભા માનુભા ચુડાસમા હાથમા છરો લઈને આવ્યા હતા.આવેલ અને પુર્વરાજસિંહ ઉર્ફે તોગો રવુભા ચુડાસમા ગાડીમાથી લાકડાનો ધોકો કાઢી ચારેય શખ્સે હાદક્સિંહ, આર્યરાજસિંહ શિલ્યરાજસિંહને ઘેરી લઇ કહેલ કે આ ત્રણેય જણાને આજે જીવતા જવા દેવાના નથી તેવી મારી નાંખવાની ધમકી આપી હતી. સુર્યરાજસિંહએ શૈલ્યજસિંહ રામદેવસિંહ ચુડાસમાને પેટની જમણી બાજુ છરીનો ધા ઝીંકી ગંભીર ઈજા કરી હતી. તથા બલવીરસિંહ ઉર્ફે યોગોએ તલવાર વડે હાદક્સિંહને ડાબા હાથ ઉપર ઈજા કરી કરી હતી. તથા સુર્યરાજે છરા વડે હાદકસિંહને જમણા કાન ઉપર તથા મોઢા ઉપર ગંભીર ઈજા કરી, પુર્વરાજે ધોકા વડે ડાબા હાથે ઈજા કરી હતી. રવુએ આર્યરાજસિંહને પેટ ઉપર જમણી તરફ છરાનો ધા મારી ગંભીર ઈજા કરી હતી. તેમજ પુર્વરાજસિંહે આર્યરાજને શરીરે મુંઢ ઈજા કરી મારી નાંખવાના ઈરાદેથી હાથમા છરી તેમજ તલવાર લાકડાના ધોકા જેવા પ્રાણઘાતક હથીયારો ધારણ કરી જીવલેણ હુમલો કરી પેટમા છસના ઘા મારી પેટ મા તથા ગળા ઉપર તથા કાન ઉપર ગંભીર ઈજાઓ પહોંચાડી હોવાની ફરિયાદ હાદકસિંહે ધંધુકા પોલીસ મથકમાં ચાર શખ્સ વિરુદ્ધ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.જ્યારે સમાં પક્ષે ધંધુકાના અણિયાળી ખાતે રહેતા બલવિરસિંહ ઉર્ફે યોગીભાઈ રવુભા ચુડાસમાં પર આર્યરાજસિહ રામદેવસિંહ ચુડાસમાંએ ફટાકડાના ધા કર્યા હતા. બલવિરસિંહએ આવી રીતે ફટાકડા નહી ફોડવા તેમજ ઝધડો નહી કરવા કહેતા આર્યરાજસિહ તેમના ઘરે જઈ અન્ય શૈલ્યરાજસિહ રામદેવસિંહ ચુડાસમા,હાર્દીકસિહ વાસુદેવસિહ ચુડાસમા, સોમદેવસિહ રમુભા ચુડાસમા,રવિરાજસિહ ધરમેન્દ્રસિંહ ચુડાસમા,ચંદુભા ગંભીરસિહ ચુડાસમા, રામદેવસિંહ રણજીતસિહ ચુડાસમા સાથે મળી ગેરકાયદેસર મંડળી રચી તલવાર લોખંડની પાઈપ તથા લાકડી જેવા પ્રાણ ધાતક હથીયાર ધારણ કરી બળવિરસિંહના ઘર આગળ આવી બળવિરસિંહને તથા આ કામના પુર્વરાજસિહને જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી.



## ડાકોરમાં 15 લાખ ભક્તોએ કાળિયા ઠાકોરના દર્શન કર્યા

(એજન્સી) આણંદ | તા.06

પવિત્ર યાત્રાધામ ડાકોરમાં અગિયારસથી લાભ પાંચમ સુધીમાં કાળીયા ઠાકોરના દર્શન કરવા માટે ભક્તોનું ઘોડાપૂર ઉમટયું હતું. છેલ્લા આઠ દિવસમાં આશરે ૧૫ લાખથી વધુ ભક્તોએ ડાકોરમાં દર્શનનો લાભ લીધો હતો.ડાકોરમાં તહેવાર ટાણે ઠાકોરજીના દર્શનાર્થે લોકોનો ધસારો જોવા મળે છે. ત્યારે દિવાળી પર્વને લઈ અગિયારથી લઈ નવા વર્ષની લાભ પાંચમ સુધી ડાકોર અને આસપાસની હોટલો-ગેસ્ટહાઉસોમાં હાઉસફુલના પાટિયા લાગ્યા હતા. આડેધડ અને ઠેર-ઠેર પાર્કિંગના કારણે ઘણાં બધા ઝઘડા પણ વેપારીઓ રહીશો અને દર્શનાર્થીઓ વચ્ચે થયા હતા. ટ્રાફિક પોલીસની કંટ્રોલ બહાર વાહનો ડાકોરમાં ખડકાયા હતા. ટ્રાફિક પોલીસ દ્વારા ડાકોરના પ્રવેશ માર્ગો પર બાહ્ય વાહન ચાલકોને ડાકોરમાં પ્રવેશ બંધ કરી દેવાયો હતો.

## દિવાળીની રાતે યુવક તેના ભાઈ અને મિત્ર સાથે રોશની જોવા નીકળ્યો હતો

# ગજ્જરના ચોકમાં યુવાનની હત્યા કરનાર ભાઈ- બહેન સહિત ત્રણેય જેલહવાલે

(એજન્સી) ભાવનગર | તા.06

દિવાળીની રાત્રે શહેરના ખારગેટ કાજીવાડ વિસ્તારમાં આવેલ ખાન મંજિલ સામે રહેતા યુવાનની અગાઉ થયેલ ઝઘડાની દાઝ રાખી મહિલા સહિત ત્રણ લોકોએ લોખંડના પાઈપ અને છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધી હતો. હત્યાના આ ચકચારી બનાવમાં પોલીસે મહિલા સહિત ત્રણેયને ઝડપી લઈ જેલહવાલે કર્યા હતા.

બનાવની વિગત એવી છે કે, શહેરમાં દિવાળીની રાત્રિએ શહેરમાં બનેલી હત્યાની વિગત એવી છે કે, શહેરના ખારગેટ કાજીવાડ વિસ્તારમાં આવેલ ખાન મંજિલ સામે રહેતા અલવાઝભાઈ મુનાફભાઈ કુરેશી દિવાળીનો તહેવાર નિમિતે રાત્રીના સમયે મોટોભાઈ ફરદીન ઉર્ફે રાવણો મિત્ર સોહરાબ યાસીનભાઈ ખાન ઘરથી થોડે આગળ આવેલ ગજ્જરના ચોકમા દિવાળીના તહેવારની રોશની જોવા માટે ગયા હતા. અને ગજ્જરના ચોકમા બેઠા હતા. તેવામા રાત્રીના સાડા બારેક વાગ્યાના સમયે ફરીદાબેન મહમદઝકરીયા શેખ અને તેના ભાઈ યુનુસભાઈ મહમદઝકરીયા શેખ (રહે.કંસારા શેરીના નાકે, લીંબડીવાળી સડક, ભાવનગર ) બંન્નેના હાથમા લોખંડના પાઈપ, તેમજ યુનુસભાઈનો ભત્રીજો અયાન ફારૂકભાઈ શેખ આગાઉ થયેલા ઝઘડાની દાજ રાખી મહિલા સહિત ત્રણે યુવાનને છરી અને લોખંડના પાઈપ વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દિધો હતો પોલીસે ભાઈ બેન સહિત ત્રણ ને ઝડપી લઇ કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.



આગાઉ થયેલાં ઝઘડાની દાઝ રાખી મહિલા સહિત ત્રણેય લોકોએ પાઈપ અને છરી વડે હુમલો કરી યુવકને મોતને ઘાટ ઉતાર્યો હતો




## પેટલાદના માણેજ ગામે પીકઅપની ટક્કરે બાઈક સવાર યુવાનનું મોત

(એજન્સી) આણંદ | તા.06

પેટલાદના માણેજ ગામની સીમમાં પીકઅપ ડાલાની ટક્કરે બાઈક પર સવાર બે મિત્રો રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં એક યુવાનનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ બનાવ અંગે પેટલાદ ગ્રામ્ય પોલીસે પીકઅપ ડાલાના ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી. સોજીત્રા તાલુકાના રૂણજ ગામના ૨૧ વર્ષીય દેવ પંકજભાઈ પટેલ અને તેનો મિત્ર દેવલ દિનેશભાઈ પંચાલ રવિવારે બાઈક લઈને ધર્મજ ગામે યોજાયેલા આનંદ મેળમાં ગયા હતા. રાતે બંને મિત્રો મેળામાંથી પરત આવી રહ્યા હતા ત્યારે વાસદ તારાપુર હાઈવે ઉપર આવેલા પેટલાદ તાલુકાના માણેજ ગામની સીમમાં અજાણ્યા પીકઅપ ડાલાના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારતા સવાર બંને મિત્રો રોડ પર પટકાયા હતા. અકસ્માતમાં દેવલ પંચાલને માથા તેમજ શરીરના અન્ય ભાગોએ ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું.



## ખેડા અને આણંદ જિલ્લામાં નવા વર્ષની ધામધૂમપૂર્વક ઉજવણી

(એજન્સી) આણંદ | તા.06

નડિયાદ શહેર સહિત ખેડા અને આણંદ જિલ્લાના લોકો દ્વારા દારૂખાનું ફોડી ભારે આતશબાજી કરી દિવાળીના પર્વની ઉજવણી કરી હતી. ત્યારબાદ પડતર દિવસ પછી આવેલા વિક્રમ સવંત ૨૦૮૧ના વધામણાં કરી ઉજવણી કરી હતી. નવા વર્ષે સોશિયલ મીડિયા પર મેસેજોના માધ્યમથી લોકોએ દિવસની શરૂઆત કરી હતી. નવા વર્ષે લોકોએ એક બીજાના સ્વજનો, પડોશી અને મિત્રોના ઘરે જઈ નવા વર્ષની શુભેચ્છાઓ પાછવી હતી. ખેડા અને આણંદ જિલ્લામાં તા. ૩૧ ઓક્ટોબરના રોજ લોકોએ દિપાવલીના દિવસની ખાસ ઉજવણી કરી હતી. સવારે ઘર આંગણે રંગોળી પૂરવાથી માંડી અને દિવસ દરમિયાન દારૂખાનું ફોડી લોકોએ આ દિવસને વધાવી લીધો હતો. વેપારી વર્ગ દ્વારા ચોપડા પૂજન કરાયું હતું. આ તરફ તા. ૧ નવેમ્બરના રોજ પડતર દિવસે પણ લોકોએ નવા વર્ષની ખરીદીથી માંડી અન્ય તૈયારીઓ કરી હતી.



## ખંભાતમાં પોલીસે આરોપીનો વરઘોડો કાઢતા લોકો ઉમટયા

(એજન્સી) આણંદ | તા.06

ખંભાતના ગોપાલ સર્કલ પાસે મેળામાં ફરવા આવેલા યુવાનો પર મારક હથિયારો સાથે હુમલો કરનારા છ જેટલા આરોપીઓનો પોલીસે વરઘોડો કાઢયો હતો. જેને જોવા લોકો ઉમટયાં. આરોપીઓ બીડી બોમ્બ જેવા ફટાકડા રસ્તા પર જતા લોકો ઉપર ફેંકતા પણ હતા. યુવાનો ભરબજારમાં બીડી બોમ્બ જેવા ફટાકડા સળગાવી રસ્તા પર અવર જવર કરતા લોકો પર ફેંકતા હતા. જે બાબતે શાંતિથી સમજાવતા રોમિયોગીરી કરતા યુવાનો રોહિત ચુનારા, રોશન ચુનારા, જતીન ચુનારા, વિનય ચુનારા, મેહુલ ઉર્ફે કબૂતર ચુનારા, અક્ષય ઉર્ફે લલ્લો નગીનભાઈ ચુનારા, તેઓની સાથે ૧૦ માણસોનું ટોળું પોતાના હાથમાં લાકડાના ડંડા, લોખંડની ચેઈન, પટ્ટા, સહિત મારક હથિયારો સાથે આવી ચઢયા હતા. બાદમાં અપશબ્દો બોલી જય ઘનશ્યામભાઈ પટેલ સહિત સાથેના પટેલ સમાજના યુવાનો ઉપર હુમલો કરી માર માર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.



## રિક્ષાને અથડાયા બાદ બાઈકે અડફેટે લેતાં બાળકનું મોત

(એજન્સી) આણંદ | તા.06

પેટલાદ તાલુકાના અગાસ ગામે બેસતા વર્ષના દિવસે વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં પૂરઝડપે મોટરસાઈકલ રિક્ષા સાથે અથડાઈ રોડની સાઈડમાં બાકડાં ઉપર બેઠેલા બે માસુમ બાળકોને હડફેટે લીધા હતા. જેમાં ગંભીર ઈજાઓના લીધે ૧૧ વર્ષના બાળકનું મોત થયું હતું. આ અંગે બાઈક ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો હતો. પેટલાદ તાલુકાના અગાસ ગામની ઈન્દિરા નગરી ખાતે રહેતા કલ્પેશભાઈ કાંતિભાઈ સોલંકીનો ભત્રીજો અક્ષય કુમાર (ઉંવ.૧૧) અને તેનો મિત્ર દશરથ ગત શનિવારના રોજ બપોરના સુમારે ગામમાં આવેલા હનુમાનજી મંદિર નજીકના બાકડાં ઉપર બેઠા હતા. દરમિયાન રોડ ઉપરથી પુરપાટ ઝડપે એક મોટરસાયકલ પસાર થઈ રહ્યું હતું. મોટરસાયકલના ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવી દેતા સામેથી આવી રહેલી રિક્ષા સાથે અથડાયું હતું.

## ઘરની બાજુમાં ગાળા ગાળી થતાં આધેડ જોવા ગયા હતા

# હાથબ ગામે આધેડની હત્યા કરનાર 4 શખ્સ જેલ હવાલે

(એજન્સી) ભાવનગર | તા.06

ઘોઘા તાલુકાના હાથબ ગામના વતની અને અમદાવાદના જીવરાજ બ્રીજ નજીકના વેજલપુર પાસેના અશ્વલેખા ફેલટ ખાતે રહેતા યુવાન પિતાને વતન માતા પિતાના ઘરે આવ્યા હતા. પરિવાર રાત્રિના સમયે ઘરે હતા તેવામાં બસ સ્ટેન્ડ પાસેથી ગાળા ગાળીનો આવાજ આવતા પિતા ત્યાં જોવા માટે ગયા હતા. ત્યારે ચાર શખ્સ પિતાને પકડી રાખી લોખંડના પાઈપ અને લાકડી વડે મરણતોલ ઈજા કરી નાસી છૂટયા હતા.આધેડનું હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું.દરમિયાનમાં ઘોઘા પોલીસે ચાર શખ્સની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતાં કોર્ટે જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.

આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ મૂળ ઘોઘા તાલુકાના હાથબ ગામના વતની અને અમદાવાદના જીવરાજ બ્રીજ નજીકના વેજલપુર પાસેના અશ્વલેખા ફેલટ ખાતે રહેતા અલ્પેશભાઈ બુધાભાઈ બારૈયા ( ઉ.વ ૨૭ ) પોતાના વતન માતા પિતાના ઘરે આવ્યા હતા. અને માતા પિતા સાથે બેઠા હતા.તેવામાં રાત્રીના પોણા બારેક વાગ્યાના અરસામાં ઘર નજીક રોડ બાજુ આણંદ મેપાભાઈ બારૈયા, જયદીપ વિનુભાઈ ઢાપા અને કમલેશ અશોકભાઈ ઢાપા ગાળા ગાળીનો અવાજ આવતો હતો. પિતા બુધાભાઈ જોવા માટે ગયા ત્યારે ચારેય શખ્સે બુધાભાઇ લોખંડનો પાઈપ પાઈપ નાં ઘા ઝીંકી દીધા હતા. બૂધાભાઈને મોટરસાયકલ પર કોળીયાક સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા.જ્યાંથી વધુ સારવાર માટે ભાવનગરની હોસ્પિટલે ખસેડતા ફરજ પરના તબીબે બુધાભાઈ ને મૃત જાહેર કર્યા હતા.

## શહેરના સોની વેપારી સાથે નકલી પીએસઆઇ બની છેતરપિંડી આચર્યા બાદ

# દિવાળીમાં નકલી પીએસઆઈ બની રૌફ જમાવનાર સહિત 2 સામે ફરિયાદ

(એજન્સી) ભાવનગર | તા.06

થોડાં દિવસો પૂર્વે સુરતના નકલી પીએસઆઈ તરીકેની ઓળખ આપી સોની વેપારી સાથે છેતરપિંડી આચર્યાંની ઘટના બન્યા બાદ જિલ્લામાંથી વધુ એક નકલી પીએસઆઈ ઝડપાયો છે. દિવાળી પર્વ દરમિયાન ગારિયાધાર માધવ ગૌશાળા રોડ પાસે નકલી પોલીસ બની ચેકિંગ કરનારા શખ્સોનો વીડિયો વાયરલ થયો હતો. જે અંગે નકલી પોલીસ બની રૌફ જમાવનાર સહિતના બે વિરૂદ્ધ ગારિયાધાર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે. મૂળ ગારિયાધાર તાલુકાના પરવડી ગામના વતની અને સુરતના કમલપાર્ક વિસ્તારમાં રહેતા પિયુષભાઈ રમેશભાઈ પાળેધરાએ ગારિયાધાર પોલીસ મથકમાં ઈમ્તિયાઝ ઉર્ફે કડી દીલાવરભાઈ બેલીમ (રહે.પાલિતાણા રોડ, ધામેલીયાવાડી, ગારિયાધાર) અને અરમાન ઉર્ફે જુનેદ હનીફભાઈ સૈયદ (રહે.ઘાંચીવાડ, ગારિયાધાર) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ તેમના મિત્ર સાથે ગારિયાધાર ગુરૂકુળ ગૌશાળા રોડ પર ફોટો પડાવવા ગયા હતા ત્યાંથી સાંજે સાડા ચારેક વાગ્યે પરવડી પરત ફરી રહ્યાં હતા ત્યારે ગુરૂકુળ રોડ પર જીજે-૧૪-ઝેડ-૧૧૩૬ નંબરની કાર સાથે બે શખ્સો ઉભા હતા જેમણે તેમની બાઈકને સાઈડમાં ઉભી રખાવી પોલીસ તરીકેની ઓળખ આપી જણાવ્યું હતું કે, 'ભાવનગરથી પીએસઆઈ સાહેબ આવેલા છે અને તમને ચેક કરવાના છે'. જે બાદ પોલીસ તરીકેની ઓળખ આપનારા શખ્સોએ બંને મિત્રોને ચેક કરી લાઈસન્સ માંગ્યુ પરંતુ તેમની પાસે લાઈસન્સ નહી હોવાથી પોલીસ તરીકે ઓળખ આપનારા શખ્સોએ ખોટા કેસમાં ફીટ કરી બાઈક પુરી દેવાનું કહી બંને મિત્રોને ડરાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમને આ બંને નકલી પોલીસ અધિકારી હોવાની શંકા જતા તેઓનો વીડિયો ઉતારી લીધો હતો અને બાદમાં જાણવા મળેલ કે, પીએસઆઈ તરીકે ઓળખ આપનારા શખ્સ અને તેની સાથેના શખ્સ ગારિયાધારના છે અને બંને પોલીસ નહી હોવા છતાં પોલીસ તરીકેનો રૌફ જમાવતા હતા. આ અંગે ગારિયાધાર પોલીસે પિષુષભાઈની ફરિયાદના આધારે ઉક્ત બંને શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



## બગડ ગામે બે ભાઈઓ અને મિત્ર પર 8 શખ્સનો તલવાર, ધારિયા વડે હુમલો


(એજન્સી) ભાવનગર | તા.06

રાણપુરના બગડ ગામે યુવતી સાથે ફોન પર વાત કર્યાની દાઝમાં ગામના જ આઠ શખસોએ ગામના યુવાન સહિત બે ભાઈઓ અને તેના મિત્રને તલવાર,ધારિયા, લાકડી સહિતના હથિયારો વડે માર મારી લોહીયાળ ઈજા પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે રાણપુર પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે. બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના બગડ ગામના વતની અને હાલ સાણંદના મોરૈયા ખાતે રહેતા રણજીતભાઈ નટવરભાઈ મકવાણા યુવતી સાથે ફોન પર વાત કરતા હતા તેની દાઝ રાખી આ જ ગામે રહેતાં ભાવેશ મનસુખભાઈ વાઘેલાએ કુંડલીવાળી લાકડી વડે રણજીતભાઈને જમણાં પગે નળાના ભાગે એક ઘા મારી મુંઢ ઈજા કરી હતી.તેમજ સંજય ઉર્ફે ચંદો ગોવિંદભાઈ વાઘેલા એ તલવાર તો,પ્રવીણ ઉર્ફે પલ્લો ગોવિંદભાઈ વાઘેલા કુંડલીવાળી લાકડી સાથે ધસી આવી રણજીતભાઈને એક ઘા જમણા પગે નળાના ભાગે મારી મુંઢ ઈજા કરી હતી. જયારે, આકાશ ગોવિંદભાઈ વાઘેલાએ લાકડી વડે હિતેશભાઈ તથા મહાવીરભાઈને માર માર્યો હતો.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
જો તમે વાહન અથવા કોઈ કિંમતી વસ્તુ ખરીદવાનું વિચારી રહ્યા છો તો દિવસ ખૂબ જ શુભ છે, પરિવાર સાથે જોડાયેલા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા થશે.



**વૃષભ (બ,વ,ઉ)**
જો તમે કોઈ ખાસ વસ્તુ ખરીદવા માટે લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છો, તો આજે રાહ સમાપ્ત થઈ જશે. અન્ય કાર્યો પણ ગોઠવવામાં આવશે.



**મિથુન (ક,છ,ઘ)**
કોઈ વરિષ્ઠ વ્યક્તિની મદદ તમારી આર્થિક અપેક્ષાઓ સાકાર કરશે અને મોટાભાગનો સમય બહારની પ્રવૃત્તિઓમાં પસાર થશે.




**કર્ક (ડ,હ)**
તમારા વ્યક્તિત્વમાં સકારાત્મક પરિવર્તન આવશે. પારિવારિક વાતાવરણને સારું બનાવવા માટે કેટલીક યોજનાઓ બનાવશો અને તેમાં સફળતા મળશે.




**સિંહ (મ,ટ)**
પરિવાર અને સંબંધીઓ માટે પણ સમય કાઢશો. યુવાનો તેમની કોઈપણ યોજનાને અમલમાં મૂકવા માટે અનુભવી લોકો પાસેથી મેળવતા રહેશે.



**કન્યા (પ,ઠ,ણ)**
ઘરમાં કોઈ શુભ કાર્ય સંબંધિત યોજનાઓ બનશે. આ ઉપરાંત, જો તમને અચાનક કોઈ સારા સમાચાર મળશે તો તમે ખૂબ જ આનંદ અનુભવશો.



**તુલા (ર,ત)**
સાનુકૂળ પરિણામ પણ આપશે. મહત્વપૂર્ણ લોકો સાથેના સંપર્કો પણ મજબૂત બનશે. મિલકતની ખરીદી અને વેચાણ સંબંધિત યોજનાઓ ગતિમાં આવશે.



**વૃશ્ચિક (ન,ય)**
તમારી રચનાત્મક અને વ્યવહારુ વિચારસરણી તમારી દિનચર્યાને વ્યવસ્થિત રાખવામાં મદદ કરશે. પરસ્પર સંબંધોમાં મધુરતા પણ આવશે.



**ધન (ભ,ધ,ફ)**
પરિવારના સભ્યો સાથે કોઈ ખાસ મુદ્દા પર સકારાત્મક ચર્ચા થશે અને તમે ખૂબ જ મહત્વપૂર્ણ કાર્યો પૂર્ણ કરીને આનંદ અને હળવાશ અનુભવશો.



**મકર (ખ,જ)**
તમારી મહેનત પ્રમાણે તમને અણધારી સફળતા મળવાની સંભાવના છે. પૈતૃક સંપત્તિ સંબંધિત ચાલી રહેલા વિવાદો પણ ઉકેલાઈ શકે છે.



**કુંભ (ગ,શ,સ)**
પ્રવાસનો કાર્યક્રમ પણ બનશે, જેના પરિણામો પણ સુખદ રહેશે. મકાન, દુકાન, ઓફિસ વગેરેના સમારકામ અને સુધારણા માટે પણ આયોજનો કરવામાં આવશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
ઘણા દિવસોથી અટકેલું કોઈપણ કાર્ય પૂર્ણ થશે, જેના કારણે તમે અન્ય કાર્યોમાં પણ ધ્યાન કેન્દ્રિત કરી શકશો. કોઈ જરૂરિયાતમંદ મિત્રની મદદ કરવાથી તમે આનંદ અનુભવશો.

# સેન્સેક્સ 901 પોઈન્ટની તેજી સાથે 80,378 પર બંધ

(એજન્સી) મુંબઈ | તા 06

અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીનાં પરિણામો વચ્ચે ગ્લોબલ માર્કેટમાં તેજી જોવા મળી રહી છે. આજે એટલે કે 6 નવેમ્બરે સેન્સેક્સ 901 પોઈન્ટથી વધુની તેજી સાથે 80,378ની સપાટીએ બંધ થયો છે. નિફ્ટીમાં પણ 270 પોઈન્ટના ઉછાળા સાથે 24,484ની સપાટીએ બંધ થયો. સેન્સેક્સના 30 શેરમાંથી 24માં તેજી છે અને 6માં ઘટાડો છે. નિફ્ટીના 50 શેરમાંથી 39માં તેજી છે અને 11માં ઘટાડો છે. NSEના IT સેક્ટરમાં સૌથી વધુ 3.39%ની તેજી છે.

આઈટી અને ટેક્નોલોજી શેર્સમાં બમ્પર તેજીના પગલે રોકાણકારોની મૂડી 8 લાખ કરોડ વધી છે. એશિયન બજારોમાં પણ તેજી જોવા મળી રહી છે એશિયન માર્કેટમાં જાપાનનો નિક્કેઈ 2.25%નો વધારો છે, જ્યારે કોરિયાનો કોસ્પી 0.013% અને ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ 0.29%ની તેજી સાથે કારોબાર કરી રહ્યો છે. 5 નવેમ્બરના રોજ યુએસ ડાઓ જોન્સ ઈન્ડસ્ટ્રિયલ એવરેજ 1.02% વધીને 42,221 પર અને S&P 500 1.23% વધીને 5,782 પર બંધ થયો.



નેસ્ડેક 1.43% વધીને 18,439 થયો. NSEના ડેટા અનુસાર, વિદેશી રોકાણકારો (FII)એ 5 નવેમ્બરે 2,569.41 કરોડના શેરનું વેચાણ કર્યું હતું. આ દરમિયાન સ્થાનિક રોકાણકારો (DIIs)એ 3,030.96 કરોડના શેર ખરીદ્યા હતા. સ્વિગી લિમિટેડ અને ACME સોલર હોલ્ડિંગ્સ લિમિટેડનો ઈનિશિયલ પબ્લિક ઓફર એટલે કે IPO આજે ખૂલશે. રોકાણકારો 8 નવેમ્બર સુધી બંને ઈસ્યુ માટે બિડ કરી શકશે. 13 નવેમ્બરે બંને કંપનીના શેર બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) પર લિસ્ટ થશે. અગાઉ ગઈકાલે 5 નવેમ્બરના રોજ સેન્સેક્સ દિવસના 78,296ની નીચી સપાટીથી 1,180 પોઈન્ટ સુધર્યો હતો. દિવસના કારોબાર બાદ એ 694 પોઈન્ટના વધારા સાથે 79,476 પર બંધ થયો હતો. નિફ્ટી પણ 23,842ની નીચી સપાટીથી 371 પોઈન્ટ સુધર્યો હતો. એ 217 પોઈન્ટની તેજી સાથે 24,213ના સ્તરે બંધ રહ્યો હતો. સેન્સેક્સના 30 શેરમાંથી 21માં તેજી અને 9માં ઘટાડો હતો. નિફ્ટીના 50 શેરમાંથી 39માં તેજી અને 11માં ઘટાડો હતો. NSEના મેટલ સેક્ટરમાં સૌથી વધુ 2.84%નો ઉછાળો રહ્યો હતો.

## BRISKPE, ક્રોસ-બોર્ડર પેમેન્ટ પ્લેટફોર્મ વૈશ્વિક વેપારમાં વિકાસ માટે MSME ને સશક્તિકરણ કરી રહ્યું છે

અમદાવાદ | તા 06

BRISKPE, એક અગ્રણી ક્રોસ બોર્ડર પેમેન્ટ પ્લેટફોર્મ, ભારતના સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSMEs) માટે લેન્ડસ્કેપને ફરીથી આકાર આપી રહ્યું છે, તે સુનિશ્ચિત કરે છે કે તેઓ આર્થિક બોજાવગર વૈશ્વિક મંચ પર સ્પર્ધા કરી શકે છે જે ઘણીવાર વૃદ્ધિને અટકાવે છે.MSMEs 2023-24માં ભારતની નિકાસમાં45.6%નું સંચાલન કરે છે અને 2030 સુધીમાં ભારતના $2 ટ્રિલિયન(2 ટ્રિલિયન ડોલર) નિકાસ લક્ષ્યમાં 60% નો અંદાજિત યોગદાન આપી શકે છે, BRISKPE ના ઉકેલો તેમની સંભવિતતાનું તાળું ખોલવામાટે આવશ્યક સાબિત થઈ રહ્યા છે. આવો જ એક વ્યવસાય, સુરત સ્થિત અનંત ટેક્સ એક્સપોર્ટ્સ પ્રા. લિ. 20 થી વધુ દેશોમાં મહિલાઓના વંશીય અને દુલ્હન



વસ્ત્રોની નિકાસ કરવામાં નિષ્ણાત છે.તેમની વૈશ્વિક પદચિહ્ન હોવા છતાં, અનંત ટેક્સે MSMEs માટે સામાન્ય અવરોધોનો સામનો કરવો પડ્યો છે જેવી કે ઉચ્ચ વ્યવહાર ફી, ધીમી આંતરરાષ્ટ્રીય ચૂકવણી અને જટિલ નિયમનકારી પ્રક્રિયાઓ. કોવિડ-19 રોગચાળાએ આ મુદ્દાઓને વધુ તીવ્ર બનાવ્યા, જેનાથી તેઓ આવકની ખોટ અને ઓપરેશનલ વિક્ષેપો માટે સંવેદનશીલ બની ગયા. અનંત ટેક્સે BRISKPE સાથે ઉકેલ શોધી કાઢ્યો.

BRISKPE ના પ્લેટફોર્મને એકીકૃત કરીને, વ્યવસાયે તાત્કાલિક પરિણામો જોયા: ઝડપી ચૂકવણી, ફોરેક્સ ફી માં ભારે ઘટાડો અને સરળ અનુપાલન. આ સુવ્યવસ્થિત અભિગમે અનંત ટેક્સને નાણાકીય અવરોધોને શોધખોળ કરવાને બદલે તેમની પહોંચ વિસ્તારવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે મુક્ત કર્યા. "BRISKPE ના સહ-સ્થાપક અને CEO સંજય ત્રિપાઠી કહે છે, "અમે MSME ને નાણાં બચાવવા અને નાણાકીય અવરોધોને તોડવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ". "અમારું પ્લેટફોર્મ ટ્રાન્ઝેક્શન ખર્ચને 1% (GST સહિત) ઘટાડે છે, આંતરરાષ્ટ્રીય ફી નાબૂદ કરે છે અને ચૂકવણીની ઝડપ એક દિવસ જેટલી ઓછી કરે છે. BRISKPE નો ઉદ્દેશ્ય ભારતીય વ્યવસાયોને વૈશ્વિક મંચ પર ઉભરવા માટે સક્ષમ બનાવવાનો છે."

**NEWS BRIEF**

### મોંઘવારીથી પરેશાન થયું બિઝનેસ ગૃપ ટાટા! આ કંપનીનો નફો 23% ઘટ્યો

મુંબઈ | ખાદ્ય ચીજવસ્તુઓની વધતી કિંમતોથી લઈને સોના-ચાંદીના ઉંચા ભાવ, દરેક વસ્તુ પર વધતી મોંઘવારીએ સામાન્ય માણસને પરેશાન કરી દીધા છે. તેના કારણે તેની ખિસ્સાની બચત તો ઘટી રહી છે, પરંતુ તેના માટે પોતાના ખર્ચાઓને પહોંચી વળવા પણ મુશ્કેલ બની રહ્યા છે. ટાટા જેવા મોટા બિઝનેસ જૂથોને પણ તેની અસર ભોગવવી પડી છે. તેમની એક કંપનીના નફામાં 23 ટકાનો ઘટાડો થયો છે. ટાટા ગ્રૂપની કંપની ટાઇટન તનિષ્ક નામથી જ્વેલરી બિઝનેસ કરે છે. તે ઘડિયાળો, ચશ્મા, પરફ્યુમ અને ચામડાની પ્રોડક્ટ્સ જેવા પ્રીમિયમ એસેસરીઝ બિઝનેસમાં પણ કામ કરે છે. જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં તેનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો 23 ટકા ઘટ્યો હતો. વર્તમાન નાણાકીય વર્ષ 2024-25 ના બીજા ક્વાર્ટર (જુલાઈ-સપ્ટેમ્બર)માં ટાઇટનનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો 23 ટકા ઘટીને રૂપિયા 704 કરોડ થયો છે. જ્યારે અગાઉના નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં કંપનીનો નફો રૂપિયા 916 કરોડ હતો. આ સમયગાળા દરમિયાન કંપનીનું વેચાણ 25.82 ટકા વધીને રૂપિયા 13,473 કરોડ થયું છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂપિયા 10,708 કરોડ હતું. આ સમયગાળા દરમિયાન કંપનીની કુલ આવક 15.83 ટકા વધીને રૂપિયા 14,656 કરોડ થઈ છે. કંપનીના નફામાં ઘટાડાનું મુખ્ય કારણ તેના ખર્ચમાં વધારો છે, જે આ વર્ષે જુલાઈ-સપ્ટેમ્બરમાં 20.23 ટકા વધીને રૂપિયા 13,709 કરોડ થયો છે.સરકારે જુલાઈમાં સોના પરની કસ્ટમ ડ્યૂટીમાં ઘટાડો કર્યો હતો.

### કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશને નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિકમાં ₹100 કરોડની સ્ટેન્ડઅલોન આવક પાર કરી

મુંબઈ કેઆરએનહીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડ(NSE - KRN | BSE - 544263), જે એલ્યુમિનિયમ/કોપર ફિન્સ,કોપર ટ્યુબ હીટ એક્સ્ચેન્જર્સ,વોટર કોઈલ અને કન્ડેન્સર અને અવેપોરેટર કોઈલમાં વિશેષતા ધરાવતા અગ્રણી ઉત્પાદકો અને નિકાસકારોમાંના એક છે તેણે નાણાકીય વર્ષ 25ના બીજા ત્રિમાસિક અને પ્રથમ અર્ધવાર્ષિક માટેના તેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામો જાહેર કર્યા છે. પ્રદર્શન વિશે બોલતા, કેઆરએન હીટ એક્સ્ચેન્જર એન્ડ રેફ્રિજરેશન લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંતોષ કુમારે જણાવ્યું, "અમને નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિક અને બીજા ત્રિમાસિક માટેના અમારા મજબૂત નાણાકીય પરિણામોની જાહેરાત કરવામાં આનંદ થઈ રહ્યો છે,જે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે કારણ કે કેઆરએનની સ્ટેન્ડઅલોન આવક100 કરોડને વટાવી ગઈ છે. આ પ્રભાવશાળી પ્રદર્શન અમારી વર્ષ-દર-વર્ષ વૃદ્ધિને ઉજાગર કરે છે અને અમારા વિશિષ્ટ હીટ એક્સ્ચેન્જર સોલ્યુશન્સની વધતી માંગને પ્રતિબિંબિત કરે છે. વધુમાં,અમારાEBITDAએ પણ નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે,જે કાર્યક્ષમતા અને નાણાકીય સ્થિતિસ્થાપકતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

### મહિન્દ્રાએ XEV 9e અને BE 6e સાથે ઇલેક્ટ્રિક ઓરિજિન એસયુવીમાં પ્રવેશ કર્યો

ચેન્નઈ : મહિન્દ્રા ચેન્નઈમાં 26 નવેમ્બર, 2024ના રોજ UNLIMIT INDIA વર્લ્ડ પ્રીમિયર ખાતે ઈલેક્ટ્રિક ઓરિજિન INGLO architecture પર બે અગ્રણી ઈલેક્ટ્રિક બ્રાન્ડ્સ XUV અને BE (pronounced be) રજૂ કરવા જઈ રહી છે. આ બંને બ્રાન્ડ્સ તેમની પહેલી ફ્લેગશિપ પ્રોડક્ટ્સ XEV 9e અને BE 6e લોન્ચ કરશે. ભારતીય હૃદય અને ગ્લોબલ આઉટલૂક સાથે બનાવાયેલું ગ્રાઉન્ડ-અપ INGLO આર્કિટેક્ટર સાહજિક, ઈન્ટેલિજન્ટ અને ઇમર્સિવ ઇનોવેશન રજૂ કરે છે. વિશ્વ કક્ષાના સુરક્ષાના ધોરણોથી માંડીને ઉત્કૃષ્ટ પ્રદર્શન તથા પ્રભાવશાળી રેન્જ અને કાર્યક્ષમતા સુધી INGLO મલ્ટી-સેન્સરી ડ્રાઈવિંગ અનુભવ પૂરો પાડે છે. XEV 9e ઈલેક્ટ્રિક લક્ઝરીને પુનઃવ્યાખ્યાયિત કરશે જ્યારે BE 6e બોલ્ડ, એથ્લેટિક પર્ફોર્મન્સ આપશે. આ બંને ભારતીય આઈકોન તેમની અદ્વિતીય ડિઝાઈન, અનોખી ટેક્નોલોજી અને બેજોડ પર્ફોર્મન્સ સાથે વિશ્વમાં સૌ કોઈને મ્હાત કરવા માટે તૈયાર છે.

## ફ્લાઈટમાં ઈન્ટરનેટના ઉપયોગ અંગે નવો આદેશ જારી

(એજન્સી) મુંબઈ | તા. 06

ભારત સરકારે ફ્લાઈટ દરમિયાન ફ્લાઈટમાં ઈન્ટરનેટના ઉપયોગ માટે નવી માર્ગદર્શિકા બહાર પાડી છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે જ્યારે એરક્રાફ્ટ 3,000 મીટર (લગભગ 9,843 ફીટ)ની ઉંચાઈએ પહોંચ્યું હોય અને ઈલેક્ટ્રોનિક ડિવાઈસનો ઉપયોગ કરવાની પરવાનગી હોય ત્યારે જ મુસાફરો ફ્લાઈટ દરમિયાન Wi-Fi દ્વારા ઈન્ટરનેટ સેવાઓનો ઉપયોગ કરી શકશે. આદેશમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્દેશ ભારતીય એરસ્પેસમાં કાર્યરત તમામ ફ્લાઈટ્સ પર લાગુ થાય છે. ફ્લાઈટ એન્ડ મેરીટાઈમ કનેક્ટિવિટી રૂલ્સ, 2018 હેઠળ, સરકારે ભારતીય એરસ્પેસમાં એરક્રાફ્ટ 3,000




મીટરની ઉંચાઈએ પહોંચ્યા પછી જ મોબાઈલ કોમ્યુનિકેશન સેવાઓ પૂરી પાડવાની મંજૂરી આપી છે. સ્થાનિક મોબાઈલ નેટવર્કમાં દખલગીરી ટાળવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, નવા સૂચિત નિયમોને ફ્લાઈટ એન્ડ મેરીટાઈમ કનેક્ટિવિટી (સુધારા) નિયમો, 2024 પ્રમાણે સરકારે નવા નિયમની સૂચના આપતા કહ્યું કે, 'પેટા-નિયમ (1) માં નિર્દિષ્ટ ભારતીય હવાઈ ક્ષેત્રમાં લઘુત્તમ ઉંચાઈને ધ્યાનમાં લીધા વિના, ફ્લાઈટમાં જ્યારે લેક્ટ્રોનિક ડિવાઈસનો ઉપયોગ કરવાની પરવાનગી મળે ત્યારે જ Wi-Fi દ્વારા ઈન્ટરનેટ સેવાઓ આપવામાં આવશે.'

સરકારે જણાવ્યું હતું કે આ ફેરફારોનો હેતુ ભારતીય એરસ્પેસમાં સલામતી અને નિયમનકારી ધોરણો જાળવવા માટે લેવામાં આવ્યો છે. આ સાથે કનેક્ટિવિટીની જરૂરિયાતને પણ બેલેન્સ કરી શકશે. તેમજ મુસાફરો ફ્લાઈટ દરમિયાન Wi-Fi સેવાઓનો ઉપયોગ કરી શકે.

## અઢી વર્ષ બાદ લોન વૃદ્ધિ કરતાં ડિપોઝિટ ગ્રોથમાં વધારો

(એજન્સી) મુંબઈ | તા 06

લગભગ 30 મહિના બાદ કુલ લોન કરતાં બેંક ડિપોઝિટનો આંકડામાં વધારો થતાં બેંકિંગ સેક્ટરે મોટો હાશકારો અનુભવ્યો છે. બેંક ડિપોઝિટમાં થયેલો વધારો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઈ)ના બેંકો માટેના પ્રોત્સાહ પગલાંને આભારી છે. આરબીઆઈના તાજેતરના આંકડા અનુસાર, 18મી ઓક્ટોબરના રોજ સમાપ્ત થયેલા પખવાડિયા દરમિયાન બેંકોમાં વાર્ષિક ધોરણે ડિપોઝીટ 11.74 ટકાના વધારા સાથે રૂ.218.07 લાખ કરોડ થઈ ગઈ હતી. જ્યારે આ જ સમયગાળા દરમિયાન ક્રેડિટ ગ્રોથ વાર્ષિક ધોરણે 11.52 ટકા વધીને રૂ.172.38 લાખ કરોડ થઈ ગઈ છે. આરબીઆઈ દ્વારા બેંક ડિપોઝિટ અને ક્રેડિટ ગ્રોથ વચ્ચેના અંતરને ઘટાડવા માટે તેમજ વધુ ફંડ એકત્ર કરવા માટે બેંકોને નવતર વ્યૂહ ઘડવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી. અલબત્ત નિષ્ણાતોનું માનવું છે કે, ક્રેડિટ વિસ્તરણ અને ડિપોઝિટ વૃદ્ધિ વચ્ચે અંતર ઘટવાનું મુખ્ય કારણ એ હોઈ શકે છે કે, પોતાની અગાઉની ઉચ્ચ સપાટીથી ક્રેડિટ ગ્રોથમાં ઘટાડો થયો છે. રેગ્યુલેટરના નિર્દેશ બાદ બેંકો અને તેમાં પણ ખાસ કરીને ખાનગી ક્ષેત્રની બેંકો દ્વારા ડિપોઝિટ એકત્ર કરવામાં ગતિ આવી છે. 18 ઓક્ટોબરે સમાપ્ત થયેલા પખવાડિયામાં 11.74 ટકાની થાપણ વૃદ્ધિ અગાઉ ચાર ઓક્ટોબરના રોજ સમાપ્ત થયેલા પંદર દિવસની 11.80 ટકાની વૃદ્ધિ કરતાં ઓછી છે.

## સ્વિગી લિમિટેડે પ્રતિ ઈક્વિટી શેર રૂ. 390ના અપર પ્રાઈઝ બેન્ડ ઉપર એન્કર ઇન્વેસ્ટર્સ પાસેથી રૂ. 5,085 કરોડ એકત્ર કર્યાં

(એજન્સી) મુંબઈ | તા 06

પ્રતિ શેર રૂ. 1ની મૂળ કિંમતના ઈક્વિટી શેરનો પ્રાઈઝ બેન્ડ પ્રતિ શેર રૂ. 371થીરૂ.390 ("ઈક્વિટી શેર") બીડ/ઓફર બુધવાર, 06 નવેમ્બર, 2024ના રોજ ખૂલીને શુક્રવાર, 08 નવેમ્બર, 2024ના રોજ બંધ થશે લઘુત્તમ 38 ઈક્વિટી શેર્સ અને 38 શેરના ગુણાંકમાં બીડ કરી શકાશે એમ્પ્લોઈ રિઝર્વેશન 750,000 ઈક્વિટી શેર્સ સ્વિગી લિમિટેડે પ્રતિ શેર રૂ. 1ની મૂળ કિંમત સાથે પ્રતિ ઈક્વિટી શેર રૂ. 390ના અપર પ્રાઈઝ બેન્ડ (પ્રતિ ઈક્વિટી શેર રૂ. 389ના પ્રીમિયમ સહિત) ઉપર કંપનીના પ્રસ્તાવિત આઈપીઓ પહેલાં એન્કર ઈન્વેસ્ટર્સને 13,03,85,211 ઈક્વિટી શેર્સની ફાળવણી કરીને રૂ. 5,085 કરોડ ઊભાં કર્યાં છે.

એન્કર ઈન્વેસ્ટર્સને કુલ 13,03,85,211 ઈક્વિટી શેર્સની ફાળવણીમાંથી 5,30,07,554 ઈક્વિટી શેર્સ (એન્કર ઈન્વેસ્ટર્સને કુલ ફાળવણીના 40.65 ટકા) 19 ઘરેલુ મ્યુચ્યુઅલ ફંડ્સને 69 સ્કીમ દ્વારા ફાળવાયા છે. કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, સિટીગ્રૂપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, જેફરિઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, એવેન્ડસ કેપિટલ પ્રાઈવેટ લિમિટેડ, જે.પી. મોર્ગન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, બીઓએફએ સિક્યુરિટીઝ ઈન્ડિયા લિમિટેડ અને આઈસીઆઈસીઆઈ સિક્યુરિટીઝ લિમિટેડ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર્સ છે.

## તહેવારોની સીઝનમાં ઈ-કોમર્સ મારફત રૂ. એક લાખ કરોડનો થયેલો વેપાર

(એજન્સી) મુંબઈ | તા 06

ગયા સપ્તાહમાં દિવાળી સમાપ્ત થવા સાથે જ એક મહિના લાંબી તહેવારોની મોસમ દરમિયાન દેશના ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ મારફત અંદાજે રૂપિયા એક લાખકરોડનો વેપાર થયાનું જણાવાઈ રહ્યું છે. ગયા વર્ષના દશેરા-દિવાળીના તહેવારોની સરખામણીએ વર્તમાન વર્ષમાં વેચાણમાં વીસ ટકા જેટલી વૃદ્ધિ જોવા મળી હોવાનું એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયું હતું. શહેરી વિસ્તારો ઉપરાંત બિન-શહેરી વિસ્તારોના ઉપભોગતા દ્વારા ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ મારફત ખરીદીમાં વધારો થયો છે. સપ્ટેમ્બરમાં ગણપતિ ત્યારબાદ દશેરા અને દિવાળીના તહેવારો દરમિયાન દેશમાં કાર્યરત ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ દ્વારા વેચાણ વધારવા પ્રોત્સાહક ઓફરો પૂરી પડાઈ હોવાનું જોવા મળ્યું હતું. તહેવારો દરમિયાન દેશમાં સ્માર્ટફોન્સના



થયેલા એકંદર વેચાણમાંથી ૬૫ ટકા વેચાણ ઓનલાઈન રહ્યું છે. આ ઉપરાંત કપડા, બ્યુટી આઈટેમ્સ, ઘરવપરાશના સાધનો વગેરેના વેચાણમાં પણ વધારો જોવા મળ્યો હતો. ઓનલાઈન વેચાણમાં વધારાને પરિણામે યુનિફાઈડ પેમેન્ટસ ઈન્ટરફેસ (યુપીઆઈ) મારફતના પેમેન્ટસમાં પણ વધારો જોવા મળ્યો છે. એપ્રિલ, ૨૦૧૬થી જ્યારથી યુપીઆઈ કાર્યરત થયું છે ત્યારથી વર્તમાન વર્ષના ઓક્ટોબરમાં પ્રથમ જ વખત યુપીઆઈ મારફત રૂપિયા ૨૩.૫૦ ટ્રિલિયનના મૂલ્યના કુલ ૧૬.૫૮ અબજના વિક્રમી વ્યવહાર પાર પડયા છે. તહેવારોની મોસમ બાદ હવે નવેમ્બર-ડિસેમ્બરમાં આવી રહેલી લગ્નસરાની મોસમમાં રૂપિયા છ લાખ કરોડનો ઓફલાઈન રિટેલ વેપાર થવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ બે મહિનામાં દેશમાં અંદાજે ૪૮ લાખ લગ્નો યોજાવાની ધારણાં છે.

## ક્રોમ્પ્ટનએ કિચન સુગમતામાં ક્રાંતિ લાવવા માટે નાઈજેલા (Nigella) પ્રો મિક્સર લોન્ચ કર્યું

અમદાવાદ | તા 06

ટેકનોલોજીકલ પ્રગતિ અને ઉપભોક્તા સંતોષમાં પોતાની લાંબાગાળાથી પ્રતિબદ્ધતા દર્શાવી રહેલી ક્રોમ્પ્ટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમીટેડે પોતાના કિચન એપ્લાયન્સીસ પોર્ટફોલિયોમાં નવા ઉમેરણ તરીકે નાઈજેલા (Nigella) પ્રો મિક્સર 500W મિક્ષ્ચર ગ્રાઈન્ડરને બજારમાં મુક્યુ છે. સરળતાથી મિશ્રણ કામગીરી સાથે આધુનિક કલાત્મકતા સાથે રાંધણ અનુભવમાં વધારો કરવા માટે બનાવવામાં આવેલ ક્રોમ્પ્ટન Nigella Pro કોઈપણ ઘરમાં એક આવશ્યક ઉમેરણ છે. કાર્યક્ષમતા અને સુગમતા માટે ડિઝાઈન કરાયેલ તે તમારી દરેક રાંધણ જરૂરિતાયોને પૂર્ણ કરે છે. તેની શક્તિશાળી 500W પાવરટ્રોન મોટર સાથે, તે ઝડપી ગ્રાઈન્ડીંગ અને બ્લેન્ડિંગ (મિશ્રણ) પૂરું પાડે છે, તે રીતે તમે તમારા દૈનિક રાંધણ દિનચર્યામાં મૂલ્યવાન સમયની બચત કરી શકો છો. તેની શક્તિશાળી રાંધણ ક્ષમતા સાથે, ક્રોમ્પ્ટન નાઈજેલા (Nigella) પ્રો મિક્સર ગ્રાઈન્ડરની તમારા રાંધણ કાર્યોને સરળ બનાવવા માટે રચના કરવામાં આવી છે. મલ્ટીપર્પઝ ગ્રાઈન્ડર કાર્યક્ષમતા અને સુગમતા તેના મિશ્રણ સાથે અસંખ્ય જાર્સ, ગ્રાઈન્ડીંગ સ્ટોરીંગ અને ઈનગ્રેડીયન્ટ ધરાવવાની સાથે પૂરી પાડે છે. નાઈજેલા (Nigella) પ્રો તમારા રાંધણ પ્રોજેક્ટ્સ માટે એક નિર્ભર ભાગીદાર છે કારણે તે સતત 30 મિનીટ સુધીની ગ્રાઈન્ડીંગ ક્ષમતા ધરાવે છે, અત્યંત આવશ્યક રેસિપી માટે પણ સરળ કામગીરીની બાંયધરી આપે છે.



## 18000 બનાવટી કંપની, 25000 કરોડની છેતરપિંડી... દેશમાં ટેક્સ ચોરીના બીજા મોટા કૌભાંડનો પર્દાફાશ

મુંબઈ | તા. 06

વર્ષ 2017માં જીએસટીનો નવો ટેક્સ કાયદો લાગુ થયા બાદ ટેક્સ ચોરો છેતરપિંડી કરવા માટે નવા-નવા કાવાદાવાઓ કરી રહ્યા છે. તો બીજીતરફ ટેક્સ અધિકારીઓ પણ આવા કૌભાંડ પકડી પાડવા સતત ધ્યાન આપી રહ્યા છે. આ જ ક્રમમાં ટેક્સ અધિકારીઓએ ટેક્સ ચોરીના મોટા કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. ટેક્સ ચોરોએ 18000 બોગસ કંપનીઓ ઉભી કરી 25000 કરોડ રૂપિયાની ટેક્સ ચોરી કરી હોવાનું સામે આવ્યું છે. અધિકારીઓએ GST હેઠળ રજીસ્ટર્ડ થયેલી 18000 બનાવટી કંપનીઓને ઓળખી કાઢી છે અને આ કંપનીઓ લગભગ રૂપિયા 25000 કરોડ રૂપિયાની ટેક્સ ચોરીમાં સામેલ હોઈ શકે છે. દેશમાં જીએસટીનો કાયદો લાગુ થયા બાદ આવી છેતરપિંડીની અનેક ઘટનાઓ સામે આવતી રહે છે, તો ટેક્સ વિભાગ પણ આવા તત્વોને પકડી પાડવા કમર કસી અભિયાનો ચલાવી રહી છે. ટેક્સ વિભાગે આવું જ અભિયાન હાથ ધરી 73000 કંપનીઓની ઓળખ કરી છે. વિભાગને આશંકા હતી કે, આ કંપનીઓ કોઈ પણ વાસ્તવિક માલ વેચ્યા વિના માત્ર 'ઈનપુટ ટેક્સ ક્રેડિટ' (ITC)નો લાભ મેળવવા માટે સ્થપાઈ છે અને કંપનીઓ આવું કરીને સરકારી તિજોરીને આર્થિક નુકસાન પહોંચાડી રહી છે. ટેક્સ વિભાગે કહ્યું કે, બનાવટી રજીસ્ટ્રેશન પકડી પાડવાના




બીજા રાષ્ટ્રવ્યાપી અભિયાન હેઠળ 73000 ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ ઓળખ નંબર (GSTIN)ની તપાસ કરવામાં આવી છે, જેમાંથી 18000 કંપનીઓનું અસ્તિત્વમાં ન હોવાનો ખુલાસો થયો છે. આ બનાવટી કંપનીઓ 24550 કરોડ રૂપિયાની ટેક્સ ચોરીમાં સામેલ હતી. તપાસ અભિયાન હેઠળ કેટલીક કંપનીઓએ સ્વૈચ્છિક 70 કરોડ રૂપિયાની જીએસટી ચૂકવણી કરી છે. ટેક્સ વિભાગ બનાવટી કંપનીઓ ઓળખી કાઢવા અને કાર્યવાહી કરાવ માટે સતત કામગીરી કરી રહી છે. ટેક્સ વિભાગ દ્વારા 16 ઓગસ્ટથી ઓક્ટોબરના અંત સુધી બીજું રાષ્ટ્રવ્યાપી અભિયાન ચલાવાયું હતું, જેમાં 18000 બનાવટી કંપનીઓની ઓળખ થઈ છે. આ પહેલા ટેક્સ વિભાગે ગત વર્ષે 16 મેથી 15 જુલાઈ સુધી અભિયાન ચલાવી 21791 બનાવટી કંપનીઓ ઓળખી કાઢી હતી, જેમાં 24010 કરોડ રૂપિયાની શંકાસ્પદ ટેક્સ ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું.

## એક વર્ષમાં 908 % વળતર આપનાર કંપનીમાં L&T ખરીદશે હિસ્સેદારી

(એજન્સી) નવી દિલ્હી | તા. 06

એન્જિનિયરિંગ અને ઈન્ફ્રા કંપની L&T ટૂંક સમયમાં E2E નેટવર્ક્સમાં 21 ટકા હિસ્સો ખરીદશે. કંપનીએ આજે 5 નવેમ્બરના રોજ તેની એક્સચેન્જ ફાઈલિંગમાં આ માહિતી આપી છે. આ ખરીદી શેરના પ્રેફરન્શિયલ ઈશ્યુ દ્વારા કરવામાં આવશે. આ ખરીદી બે તબક્કામાં કરવામાં આવશે. આ જાહેરાતની E2E નેટવર્ક્સના શેર પર સકારાત્મક અસર પડી હતી અને તે NSE પર 5 ટકા વધીને રૂ. 4,977.50ની ઉપર સર્કિટ પર પહોંચી ગયો હતો. બીજી તરફ, L&T નેગેટીવ ઝોનમાં છે, હાલમાં તે રૂ. 3,558.10ના ભાવે 0.46 ટકા ઘટીને છે. L&T પ્રથમ તબક્કામાં રૂ. 10ની ફેસ વેલ્યુ સાથે E2E નેટવર્કના 29.79 લાખ શેર મેળવશે. આ શેર્સ રૂ. 3,622.25ના ભાવે ઉપલબ્ધ થશે, એટલે કે આ તબક્કામાં રૂ. 1,079 કરોડનો ખર્ચ થશે. શેરની આ કિંમત સોમવારના બંધ ભાવથી લગભગ 24 ટકા ડિસ્કાઉન્ટ પર છે. L&T આ તબક્કામાં 15 ટકા હિસ્સો ખરીદશે. આ સિવાય L&T રૂ. 328 કરોડના રોકાણ સાથે તેમાં 6 ટકા સેકન્ડરી હિસ્સો ખરીદશે.

## એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2024 એ સૌથી વધુ ગ્રાહકોની મુલાકાતો, નવા લોન્ચ અને વિક્રેતાઓની સફળતા સાથે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા !

બેંગલુરુ | તા. 06

એમેઝોન ઈન્ડિયાએ આજે જાહેરાત કરી કે આખા મહિના દરમિયાન ચાલતું તેનું એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ (એજીઆઈએફ) 2024, તેના ગ્રાહકો, વિક્રેતાઓ અને બ્રાંડ પાર્ટનર્સ માટે સમગ્ર દેશમાં ખરીદી માટે સૌથી શ્રેષ્ઠ ઉજવણી છે. એજીઆઈએફ 2024 ની શરૂઆત 27મી સપ્ટેમ્બરથી 24 કલાકની પ્રાઈમ અર્લી એક્સેસ સાથે થઈ હતી, જેનાથી ગ્રાહકોને લેપટોપ, ટીવી, સ્માર્ટફોન, ફેશન અને બ્યુટી, હોમ ડેકોર, એપ્લાયન્સિસ, ફર્નિચર અને કરિયાણા જેવી શ્રેણીઓમાં અગ્રણી બ્રાન્ડ્સમાંથી 25,000 થી વધુ નવા લોન્ચ સુધી પહોંચ મળી. એજીઆઈએફ 2024 એ વિક્રેતાઓની સફળતા માટે નવી ઉપલબ્ધીઓ પણ સ્થાપી અને ગયા વર્ષની સરખામણીમાં વિક્રેતાઓમાં 70% વધુનું વેચાણ, એટલે કે એક કરોડનું વેચાણ કર્યું.

ઓનલાઈન માર્કેટપ્લેસે તેની ઝડપી ડિલિવરી ક્ષમતાઓને મજબૂત બનાવી છે, જે તે જ અથવા બીજા દિવસે ભારતભરના પ્રાઈમ મેમ્બર્સને 3 કરોડથી વધુ પ્રોડક્ટ્સ ડિલિવરી કરે છે- જે પાછલા વર્ષની સરખામણીમાં 26% નો અદભુત વધારો છે. એમેઝોન ઈન્ડિયાના કેટેગરીઝના વાઈસ પ્રેસિડેન્ટ સૌરભ શ્રીવાસ્તવે જણાવ્યું કે, 'એમેઝોનનો ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ 2024 એ ખરેખર ભારતની સૌથી મોટી શોપિંગ ઈવેન્ટ બની ગઈ છે, જેણે અગાઉના તમામ રેકોર્ડ તોડી નાખ્યા છે.

દેશભરમાંથી આ જબરજસ્ત પ્રતિસાદ, દૈનિક જરૂરિયાતની ચીજવસ્તુઓથી લઈને મોટા ઉપકરણોની ખરીદીઓ સુધીની દરેક વસ્તુ માટે, ગ્રાહકોના એમેઝોન ઈન્ડિયા સાથેનું ગાઢ વિશ્વાસ દર્શાવે છે. એજીઆઈએફ વ્યાપક પસંદગી, અદભુત ગુણવત્તા, ઝડપી ડિલિવરી અને અવિરત નવીનતા દ્વારા ખરીદીનું શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધત્તા દર્શાવે છે. અમારા ગ્રાહકો, વિક્રેતાઓ અને ભાગીદારોના સમગ્ર સમુદાયને શ્રેષ્ઠ મળી રહે તે માટે અમે વધુ તકો ઊભી કરવા માટે પ્રતિબદ્ધ છીએ.'

## રાજપુતાના ઈન્ડસ્ટ્રીઝે 81%ની વૃદ્ધિ સાથે ₹258 કરોડની કુલ આવક હાંસલ કરી

મુંબઈ | તા. 06

રાજપુતાના ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (NSE - RAJINDLTD),નોન-ફેરસ મેટલ રિસાયક્લિંગમાં અગ્રણી ખેલાડી કે જે કોપર,એલ્યુમિનિયમ,બ્રાસ અને વિવિધ એલોયમાંથી બનાવેલા ઉત્પાદનોમાં વિશેષતા ધરાવે છે,તેણે નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધાવાર્ષિક માટેના તેના અનઓડિટેડ નાણાકીય પરિણામોની જાહેરાત કરી છે.\ નાણાકીય વર્ષ 25ના પ્રથમ અર્ધવાર્ષિકની મુખ્ય નાણાકીય વિશેષતાઓ કુલ આવક257.77કરોડ, 80.55%ની વાર્ષિક વૃદ્ધિ કર પહેલાનો નફો4.99કરોડ, 49.27%ની વાર્ષિક વૃદ્ધિ કર બાદનો નફો4.07કરોડ, 62.75%ની વાર્ષિક વૃદ્ધિ શેર દીઠ કમાણી2.33, 42.94%ની વાર્ષિક વૃદ્ધિ પ્રદર્શન અંગે ટિપ્પણી કરતાં,રાજપૂતાના ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રીમતી શિવાની શેખેજણાવ્યું, "નામાકીય વર્ષ 25ના અમારા પ્રથમ અર્ધના પરિણામો જાહેર રીતે લિસ્ટેડ કંપની તરીકે એક અસાધારણ શરૂઆત દર્શાવે છે,જે નોન-ફેરસ મેટલ રિસાયક્લિંગ સેક્ટરમાં રાજપૂતાના ઈન્ડસ્ટ્રીઝની નક્કર સ્થિતિને મજબૂત બનાવે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, કારતક સુદ-06

# શરમજનક સમર્પણ

ન્યૂઝીલેન્ડના હાથે ભારતીય ક્રિકેટ ટીમ ત્રણ ટેસ્ટ મેચોની સિરીઝમાં જે રીતે વ્હાઈટ વોશ થઈ, તે શરમજનક તો છે જ, ટીમ ઈન્ડિયાની પ્રતિષ્ઠાને ધૂળમાં મેળવનારી પણ છે. આવું પહેલી વાર બન્યું કે બેથી વધારે ટેસ્ટ મેચોની શૃંખલામાં ભારતીય ટીમનો આ રીતે સફાયો થયો હોય. આ હાર એટલા માટે વધારે કનડશે કારણ કે બેંગલુરુ, પુણે અને મુંબઈ- ક્યાંય પણ ભારતીય ટીમ ન્યૂઝીલેન્ડનો મુકાબલો ન કરી શકી. વાસ્તવમાં એટલા માટે તેને ન્યૂઝીલેન્ડ આગળ સમર્પણ પણ કહેવાઈ રહ્યું છે. આ સમર્પણ એટલા માટે વધારે હેરાન કરનારું છે, કારણ કે રિઝના મોટાભાગના હિસ્સામાં ભારતીય બેટ્સમેનો સ્પિન બોલંગ સામે અસહાય જોવા મળ્યા અને તેમની રમત કૌશલ પર પ્રશ્નો ઊભા થયા. પોતાના જ ઘરમાં ન્યૂઝીલેન્ડના હાથે આટલી ખરાબ રીતે હાર ખાધા બાદ ઓસ્ટ્રેલિયાના પ્રવાસે નિરાશાજનક પ્રદર્શનની આશંકા વધી ગઈ છે. ન્યૂઝીલેન્ડના હાથે સિરીઝ ગુમાવ્યા બાદ તેની સંભાવનાઓ પણ ઓછી જ છે કે ભારતીય ટીમ વિશ્વ ટેસ્ટ ચેમ્પિયનશિપની ફાઈનલમાં પોતાનું સ્થાન બનાવી શકશે. રમતમાં હાર-જીત તો ચાલતી રહે છે, પરંતુ કષ્ટ ત્યારે થાયછે જ્યારે કોઈ ટીમ જીતવાની ઈચ્છાશક્તિનો જ પરિચય ન આપે. આ સિરીઝમાં એવું જ જોવા મળ્યું. ત્રણેય મેચમાં બહુ ઓછા પ્રસંગે એવું લાગ્યું કે ભારતીય ક્રિકેટર જીત મેળવવા અથવા હારથી બચવા માટે રમી રહ્યા છે. ટી-૨૦ વિશ્વકપ જીત્યા બાદ ભારતીય ટીમે જે પ્રતિષ્ઠા અને વખાણ મેળવ્યાં હતાં, તેને પોતાના કંગાળ પ્રદર્શનથી ગુમાવી દેવાનું કામ કર્યું છે. ભારતીય ટીમમાં બધું જ ઠીકઠાક નથી એના સંકેત તો ત્યારે જ મળી ગયા હતા જ્યારે ટી-૨૦ વિશ્વકપ જીત્યા બાદ શ્રીલંકામાં વનડે મેચોની સિરીઝમાં નિષ્ફળતા મળી હતી. ત્યારબાદ ભારતીય ટીમ ઘરેલુ મેદાનોમાં ટેસ્ટ મેચોની સિરીઝમાં બાંગ્લાદેશ પર ભારે પડી, પરંતુ અપોકૃત મજબૂત ન્યૂઝીલેન્ડ આગળ તે અસહાય અને નિરુપાય જોવા મળી. ન્યૂઝીલેન્ડના હાથે શરમજનક પરાજય માટે આખી ટીમ જ જવાબદાર છે, પરંતુ સૌથી વધુ જવાબદારી કપ્તાન રોહિત શર્મા અને પૂર્વ કપ્તાન વિરાટ કોહલીની છે, જે આખી સિરીઝમા ંકશું ઉકાળી ન શક્યા. જ્યારે આટલા વરિષ્ઠ અને નામચીન ખેલાડીઓ સતત નિષ્ફળ રહે તો તેની અસર ટીમના અન્ય ખેલાડીઓ પર પણ પડે છે. તેની સાથે જ આ પરિણામ નવા કોચ ગૌતમ ગંભીરને પણ સવાલોના દાયરામાં ઊભો કરે છે, જે ઘરેલુ સ્થિતિઓના લાભ છતાં ટીમને સારા પ્રદર્શન માટે પ્રેરિત ન કરી શક્યો. પરાજયનાં કારણોની ચર્ચામાં એ રેખાંકિત થવું સ્વાભાવિક છે કે ક્યાંક ટીમ ઈન્ડિયા પર આઈપીએલનો દુષ્પ્રભાવ તો નથી પડી રહ્યો! નિશ્ચિતપણે તેની ગહન સમીક્ષા કરવી જોઈએ કે ભારતીય ક્રિકેટરોએ આટલું ખરાબ પ્રદર્શન કેમ કર્યું? એવું કરતાં એ ન ભૂલવું જોઈએ કે ટી-૨૦ ક્રિકેટને વધુ પડતું મહત્ત્વ આપવાનાં પોતાનાં નુક્સાન છે. એક મોટું નુક્સાન તો એ જ દેખાઈરહ્યું છે કે વરિષ્ઠ ખેલાડી પોતાના કૌશલને નિખારવા માટે પ્રથમ શ્રેણી ક્રિકેટને પ્રાથમિકતા નથી આપી રહ્યા.

# મહત્વાકાંક્ષી રોકાણકારો માટે વેપારને સુવ્યવસ્થિત કરવા VT માર્કેટ્સ એપ પર કોપી ટ્રેડિંગનો પરિચય

(એજન્સી) અમદાવાદ | તા. 06

VT માર્કેટ્સ, એક પુરસ્કાર વિજેતા મલ્ટિ-એસેટ બ્રોકરેજ, આજે VT માર્કેટ્સ એપ્લિકેશનમાં તેની અત્યંત અપેક્ષિત કોપી ટ્રેડિંગ સુવિધાના વૈશ્વિક લોન્ચની જાહેરાત કરે છે. તેના લોન્ચ સાથે, ટ્રેડર્સ હવે જાણકાર ટ્રેડિંગ નિર્ણયો લેવા માટે અનુભવી રોકાણકારોના પોર્ટફોલિયોને સરળતાથી પ્રતિબિંબિત કરી શકે છે. કોપી ટ્રેડિંગ એવા વેપારીઓ માટે આદર્શ છે જેમને પોર્ટફોલિયો મેનેજરની સામાન્ય રીતે ભારે ફી લીધા વિના માર્ગદર્શનની જરૂર હોય છે. આનાથી ઓછા અનુભવી અથવા સમય-મર્યાદા ધરાવતા રોકાણકારો અનુભવી વેપારીઓની કુશળતા, ટ્રેડિંગ તકનીકો અને જોખમ




વ્યવસ્થાપન વ્યૂહરચનાથી લાભ મેળવી શકે છે, જેને 'સિગ્નલ પ્રદાતાઓ' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમના પસંદગીના પ્રદાતાઓના અનુભવનો લાભ લેતા, વેપારમાં જ્ઞાન અવરોધ નોંધપાત્ર રીતે ઓછો થાય છે. VT માર્કેટ્સ એપ્લિકેશનમાં રજૂ કરાયેલ, કૉપિ ટ્રેડિંગ સુવિધા બધા વપરાશકર્તાઓ માટે ઉપલબ્ધ છે અને 1,000 થી વધુ સંપત્તિઓને સપોર્ટ કરે છે. પ્રથમ કોપી ટ્રેડ પર પ્રારંભ કરવા માટે, સિગ્નલ પ્રદાતાઓના વિવિધ પૂલમાંથી ફક્ત પસંદ કરો, દરેક અનન્ય વ્યૂહરચના અને જોખમ પ્રોફાઈલ્સ સાથે તેમના પોર્ટફોલિયોની નકલ કરવા માટે. વપરાશકર્તાઓ વધારાના લૉગ-ઈન વિના તેમના લાઈવ અને કૉપિ ટ્રેડિંગ એકાઉન્ટ્સ વચ્ચે એકીકૃત રીતે ટૉગલ કરી શકે છે. "અમે એવી દુનિયાની કલ્પના કરીએ છીએ જ્યાં બજારની સુલભતા અવરોધો વિના હોય, જ્યાં વેપારીઓ - ભલે તેમની નાણાકીય સાક્ષરતા હોય - તેમની મુસાફરીમાં સશક્ત બને. આથી જ અમે કૉપિ ટ્રેડિંગ શરૂ કર્યું છે, અમારી માન્યતાને અનુરૂપ કે વેપાર સરળ હોઈ શકે છે", VT માર્કેટ્સના એપ પ્રોજેક્ટ મેનેજર ઓસ્ટિન લિયુએ જણાવ્યું હતું કે, "નાણાકીય સર્વસમાવેશકતાને સુધારવાના અમારા મિશનમાં, અમે સંપૂર્ણ ટ્રેડિંગ અનુભવને અનલૉક કરવાનું લક્ષ્ય રાખ્યું છે. વર્ગ-અગ્રણી સુવિધાઓનો સમૂહ.'

# નર્મદામાં વધુ એક આધેડ અને મહિલાએ ઝેરી દવા ગટગટાવી, આધેડનું મોત, મહિલા સારવાર હેઠળ

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લામાં એક બાદ એક લોકો ઝેરી દવા પી આપઘાત કરવાની ઘટન બની રહી છે જેમાં દિવાળી સમયે આવી ઘટના બની હતી અને હાલ માં પણ વધુ બે ઘટના માં એક આધેડ અને એક મહિલા એ દવા પીધી હોવાની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. મળતી માહિતી અનુસાર ડેડીયાપાડા તાલુકાના ધનોર ગામે બનેલી ઘટના માં રામસીંગભાઇ કુંવરજીભાઇ વસાવા ઉ.વ.આ.૬૫ રહે. ધનોર તા.દેડીયાપાડા



જી.નર્મદા નાઓએ પોતાની દિકરી પાસે પૈસા ની માંગણી કરતા પોતાની દિકરી એ પૈસા ના આપતા મનમાં લાગી આવતા પોતાની જાતેજ ઘરમાં મુકેલ ઝેરી દવા પી લેતા સારવાર અર્થે લઇ આવતા સારવાર દરમ્યાન તેમનું મોત થયું હતું. ત્યારબાદ બીજી ઘટના માં ગરુડેશ્વર તાલુકાના વસંતપુરા ગામમાં વૈષ્ણવીબેન યતિષભાઈ તડવી ઉ.વ.૨૩, રહે- વસંતપુરા તા-ગરુડેશ્વર જી.નર્મદા નાઓ તા.૦૫/૧૧/ ૨૦૨૪ સવારના કોઈ અગમ્ય કારાણોસર પોતાના ઘરે ઝેરી દવા પી જતા સારવાર તેમને સારવાર અર્થે લઈ જવામાં આવ્યા છે.

# પીપરીયા નદી કિનારે જુગાર રમતા નબીરાઓને પોલીસે રૂ.54.810ના મુદ્દામાલ સાથે 6ને ઝડપી લીધા

ભરત શાહ : રાજપીપળા

નર્મદા જિલ્લા ના ગરુડેશ્વર તાલુકામાં આવેલા પીપરીયા ગામમાં જુગાર રમતા જુગારીઓ ને પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી ગુનો દાખલ કર્યો છે. મળતી માહિતી અનુસાર ગરુડેશ્વર પોલીસે ચેકીંગ દરમિયાન મોટા પીપરીયા ગામના નર્મદા નદીના કિનારા બાજુ આવેલ ખેતરના શેઢા ઉપર લાકડાનો માળો બનાવી કેટલાક ઈસમો મોબાઈલની લાઈટના અજવાળે પત્તા પાનાનો પૈસાનો હાર જીત નો જુગાર રમી રમાડતા (૧) વર્ષદભાઈ રસીકભાઈ તડવી ઉ.વ.૨૨ રહે. મોટા પીપરીયા મંદિર ફળીયુ તા.ગરુડેશ્વર જિ- નર્મદા (2) વિજયભાઈ કરશનભાઈ તડવી ઉ.વ.૩૦ રહે.મોટા પીપરીયા દુકાન ફળીયુ તા.ગરુડેશ્વર જિલ્લો-નર્મદા (૩) ભાનુભાઈ બામણજીભાઈ તડવી ઉ.વ.૩૫ રહે.મોટા પીપરીયા દુકાન ફળીયુ તા.ગરુડેશ્વર જિલ્લો-નર્મદા



(૪) દિપકભાઇ કુવેરભાઇ તડવી ઉ.વ.૪૨ રહે.મોટા પીપરીયા રોડ ફળીયુ તા.ગરુડેશ્વર જિલ્લો-નર્મદા (૫) અરવિંદ ભાઇ ભગવાનભાઇ તડવી ઉ.વ.૫૫ રહે.મોટા પીપરીયા મંદિર ફળીયુ તા.ગરુડેશ્વર જિ-નર્મદા નાઓ પકડાઇ ગયા હોય તેઓની અંગ ઝડતી દરમ્યાન રોકડા રૂ.૧૮૫૦/-તથા દાવ ઉપરના રૂ.૧૪૬૦/-મળી કુલ રોકડા રૂપિયા ૩૩૧૦/- તથા મોબાઇલ નંગ-૦૩ જેની કિ.રૂ.૬૫૦૦/- તથા મો.સા. નંગ-૦૩ જેની કિ.રૂ.૪૫,૦૦૦/- મળી કુલ રૂ.૫૪.૮૧૦/-મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન પકડાઇ જઇ તથા મહેશ ભાઇ ઉર્ફે મુન્નો સુમનભાઇ તડવી રહે. મોટા પીપરીયા તા. ગરુડેશ્વર જિ-નર્મદા નાઓ ભાગી જતાં પોલીસે તેને પણ પકડી તમામ સામે કાયદેસર કાર્યવાહી કરી છે.

# ચાણસ્મા નગરમાં કચરા પેટીઓ ઉભરાઇ



નિતીન ઠાકર : ચાણસ્મા

### ચાણસ્માના વિવિધ વિસ્તારોમાં ગંદકીના ઢગ ખડકાયા

દિવાળી દરમિયાન ચાણસ્મા નગર ના નોકરી ધંધાર્થ સુરત અંકલેશ્વર અમદાવાદ મહેસાણા સહિત વિવિધ શહેરો માં રહેતા પરિવારો દિવાળી ની ઉજવણી માદરે વતન માં કરવા માટે ઘરે જ આવી પહોંચતાં ચાણસ્મા નગર માં લોકો જમાવડો થઈ ગયો જેના કારણે ચાણસ્મા નગર ના વિવિધ વિસ્તારો માં મુકવામાં આવેલી કચરા પેટી ઓ કચરાથી ઉભરાઇ ગઇ હતી તો મહોલ્લાઓના નાકે ચાટોમાં પણ એઠવાડ ના કારણે ચાટો એઠવાડ થી ઉભરાઇ જતાં ચાણસ્મા ના વિવિધ વિસ્તારો માં ગંદકી કચરા નું સામ્રાજ્ય. જેવા મળી રહ્યું છે ત્યારે દિવાળી પછી પાલિકાનો સ્વચ્છતા વિભાગ પણ આળસી ગયો હોય તેમ સ્પષ્ટ જોવા મળી રહ્યું છે ત્યારે ચાણસ્મા નગરપાલિકા દ્વારા કચરાથી ઉભરાયેલી કચરા પેટી ઓના કચરા નો નિકાલ કરાય અને મહેલ્લા ઓના નાકે ગંદકી દુર કરાય તેવી નગરજનો ની માંગ ઉઠવા પામી છે.

# શ્રી- સ્નેહ, સંગ, શ્રૃંગાર ફેસ્ટિવ જ્વેલરી 2024ની શરૂઆત

(એજન્સી) અમદાવાદ | તા. 06

અમદાવાદના પ્રખ્યાત સોનાના વેપારી હારિત ઝવેરી જ્વેલર્સ દિવાળીની સિઝન લઈને આવ્યા છે. મહિલાઓ માટે વિશેષ 'શ્રી' યોજના જે મહિલાઓને તેમની સૌંદર્ય શક્તિથી વાકેફ કરશે અને તેમને 'શ્રી' ના આશીર્વાદ પ્રદાન કરશે. જો આપણે ખાસ શબ્દ 'શ્રી' ની વાત કરીએ તો તેનો અર્થ થાય છે શુભ જે કોઈપણ શુભ કાર્યની શરૂઆતનો પર્યાય છે લાઈટ ઓફ પરંતુ હારિત જવેરી જ્વેલર્સ "શ્રી" ના શુભ સંકેત સાથે દરેક સ્ત્રીની આંતરિક શક્તિ, સુંદરતા અને તેજને બમણી કરવા માટે પ્રતિબદ્ધ છે. 22 કેરેટમાંથી બનેલી હેરિટેજ સોનાની જ્વેલરી પહેર્યા પછી દરેક માતા દેવી લક્ષ્મી જેવી સુંદર દેખાય છે. આ વિશેષ ઓફરમાં સુંદર નેકલેસ, બુટ્ટી, વીંટી અને બંગડીઓનો સમાવેશ થાય છે જે તમારા ઉત્સવમાં આકર્ષણ વધારશે. 'શ્રી' દ્વારા તૈયાર કરવામાં આવેલી જ્વેલરીમાં વૃક્ષો, છોડ, પ્રાણીઓ તેમજ કેટલાક સાંસ્કૃતિક વસ્ત્રો જોઈ શકાય છે જે આપણા સાંસ્કૃતિક વારસાની વાર્તા કહે છે.



અમદાવાદના પ્રખ્યાત ઝવેરી, હારિત ઝવેરી જ્વેલર્સ, પરંપરાગત અને આધુનિક જ્વેલરીનું એક અનોખું મિશ્રણ છે, જે આ દિવાળીએ પરિવાર સાથે વિતાવેલી પળોમાં એક વિશેષ મધુરતા ઉમેરે છે, અમારા ખાસ તહેવાર 'શ્રી' માં હાજરી આપીને જ્વેલરી સાથે પ્રેમ, સુંદરતા અને એકતા વહેંચો. હારિત જાવેરી જ્વેલર્સનીફેસ્ટિવ જ્વેલરી એફેસ્ટિવ હૂંફ, સમૃદ્ધિ અને પરંપરાનું અનોખું મિશ્રણ છે, જે દરેક ક્ષણને વિશેષ બનાવે છે. તેને ખાસ અને યાદગાર બનાવે છે. હારિત ઝવેરી જ્વેલર્સની આ ખાસ જ્વેલરી હવે યોગ્ય કિંમતની ગેરંટી સાથે સ્ટોર્સમાં ઉપલબ્ધ છે, ખાસ પૂર્વાવલોકન માટે હરિત જવેરી જ્વેલર્સની મુલાકાત લો. અમારું સરનામું છે - અક્ષર કોમ્પ્લેક્સ, હારિત ઝવેરી જ્વેલર્સ ગ્રાઉન્ડ ફ્લોર, શિવરંજની ક્રોસ રોડ, સેટેલાઈટ, અમદાવાદ, ગુજરાત - 380015

# જયપોર દ્વારા પરંપરાનું સંવર્ધન કરવા અને કળાકારીગરોને સશક્ત બનાવવા માટે એસ્થેટિક ડોકરા હેન્ડિક્રાફ્ટ્સ રજૂ કરાયા

(એજન્સી) અમદાવાદ | તા. 06

ભારતના ગતિશીલ ક્રાફ્ટ વારસાને વિશવની નજીક લાવવાના પોતાના મિશનમાં જયપોરએ દેશભરના કારીગર સમુદાયો, ટેક્સ્ટાઈલ ડિઝાઈનર્સ અને સ્વતંત્ર કારીગરો સાથે ભાગીદારી કરી છે. આ સહયોગો આધુનિક ડિઝાઈન ભાષા સાથે પરંપરાગત ક્રાફ્ટ્સની પુનઃકલ્પના કરે છે, જે વૈશ્વિક પ્રેક્ષકોનો પડઘો પાડે છે, તેની સાથે પ્રત્યેક હસ્ત બનાવટના ટુકડાની પાછળ રહેલી મોટી વાર્તા પણ કહે છે. જયપોર જે પ્લેટફોર્મની જાળવણી કરે છે તેમાંથી ડોકરા એક વિશિષ્ટ અને પ્રાચીન કલા સ્વરૂપ તરીકે ઉભરી આવ્યુ છે, જેની પ્રેક્ટીસ મુખ્યત્વે છત્તીસગઢમાં કોન્ડાગાંવન ઘડવા સમુદાય દ્વારા કરવામાં આવે છે. ડોકરા એ 4,000 વર્ષ જૂની ધાતુની કાસ્ટિંગ હસ્તકલા છે જે લોસ્ટ-વેક્સ (નકામા મીણ) પ્રક્રિયાનો ઉપયોગ કરે છે, જે કારીગરોની અનેક પેઢીઓમાંથી પસાર થઈ આવેલી તરકીબ છે. આ શ્રમ-માંગી લેતી પદ્ધતિમાં મીણનું મોડેલ બનાવવું, તેને માટીનું આવરણ ચડાવવુ, અને પછી તેને ગરમ કરવું જેથી મીણ ઓગળી જાય અને બાદમાં પીગળેલી ધાતુ રેડવામાં આવે તે બીબામાં છોડી દે છે. એકવાર ઘાટ ઠંડો થઈ જાય અને તૂટી જાય પછી, પરિણમેલો ભાગ બહાર આવે છે- દરેક એક અનન્ય અને સદીઓ જૂની કારીગરીની આત્માથી ભરપૂર છે. પ્રકૃતિ, પૌરાણિક કથાઓ અને ગ્રામ્ય જીવનથી પ્રેરિત ડિઝાઈન જટિલ છે અને દરેક ભાગ કારીગરના કૌશલ્ય અને સાંસ્કૃતિક વારસાની વાર્તા કહે છે. ઘાડવા સમુદાય પેઢીઓથી આ હસ્તકલાની રક્ષક છે, અને તેમનું સમર્પણ આજે પરંપરાને જીવંત રાખે છે. જો કે, ભારતમાં ઘણી પરંપરાગત હસ્તકલાની જેમ, ડોકરાને આધુનિક બજારોમાં સુસંગતતા શોધવામાં પડકારોનો સામનો કરવો પડ્યો છે. કારીગરો મર્યાદિત સ્થાનિક બજારો અને પ્રસંગોપાત સરકારી સમર્થન પર આધાર રાખે છે, તેઓ વારંવાર તેમના કામ માટે સુસંગત ઓર્ડર અને વાજબી વળતર મેળવવા માટે સંઘર્ષ કરે છે. આ તે છે જ્યાં જયપોરની સંડોવણીએ નિર્ણાયક તફાવત કર્યો છે. જયપોરનું ડોકરા સંગ્રહ ઉત્કૃષ્ટ ધાતુની કલાકૃતિઓનું પ્રદર્શન કરે છે જે આ પ્રાચીન કલા સ્વરૂપના વારસા અને કારીગરીને મૂર્ત બનાવે છે. આ સંગ્રહમાં મીણબત્તી ધારકો અને પૂતળાં જેવી જટિલ રીતે ડિઝાઈન કરાયેલી હોમ ડેકોર વસ્તુઓથી



માંડીને ઘરેણાંના ટુકડાઓ સુધીની દરેક વસ્તુ છે, જે પરંપરાગત લોસ્ટ-વેક્સ કાસ્ટિંગ ટેકનિકનો ઉપયોગ કરીને કારીગરો દ્વારા હાથવણાટ કરવામાં આવે છે. સંગ્રહમાંનો દરેક ભાગ કાચા, ગામઠી સૌંદર્ય શાસ્ત્ર અને સુંદર વિગતો વચ્ચેના નાજુક સંતુલનને પ્રતિબિંબિત કરે છે, જે પ્રકૃતિ, પૌરાણિક કથાઓ અને આદિવાસી જીવનના ઉદ્દેશોથી પ્રેરિત છે. શ્રમ-માંગી લેતી પ્રક્રિયા એ સુનિશ્ચિત કરે છે કે કોઈ બે ટુકડા બરાબર એકસરખા નથી, તેમને ખરેખર અનન્ય બનાવે છે. જયપોરના ડોકરા ઓફરિંગમાં પિત્તળ અને કાંસાની રચનાઓનો સમાવેશ થાય છે જે માત્ર કાર્યાત્મક જ નથી પરંતુ કાલાતીત સુશોભન ટુકડાઓ તરીકે પણ સેવા આપે છે, જે ભારતની કારીગરી નિપુણતાની ભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે. કારીગરો કાળજીપૂર્વક દરેક ઉત્પાદનને હાથથી બનાવે છે, પ્રારંભિક મીણના મોડલને શિલ્પ બનાવવાથી લઈને અંતિમ પોલિશ સુધી, અધિકૃતતા અને કલાત્મકતાના સ્તરને સુનિશ્ચિત કરે છે જે આધુનિક ખરીદદારોને સદીઓ જૂની પરંપરાઓ સાથે જોડે છે. આ ઓફરો દ્વારા, જયપોર વિશ્વભરના ઘરોમાં ડોકરાના કાલાતીત આકર્ષણને લાવવાનું ચાલુ રાખે છે, જે એવા કારીગરોને ટેકો આપે છે કે જેમણે આ પરંપરાને પેઢીઓ સુધી જીવંત રાખી છે.

# થોમસ કૂક ઈન્ડિયા નવા સાઉથ બોપલ આઉટલેટના પ્રારંભ સાથે અમદાવાદમાં તેની ફૂટપ્રિન્ટનું વિસ્તરણ કરી રહ્યું છે

(એજન્સી) અમદાવાદ | તા. 06

ભારતની અગ્રણી ઓમનીચેનલ સર્વિસીસ કંપની, થોમસ કૂક (ઈન્ડિયા) લિમિટેડ, દ્વારા અમદાવાદના દક્ષિણ બોપલમાં તેની નવી ફ્રેન્ચાઈઝી આઉટલેટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. અમદાવાદ, શહેર અને તેની આસપાસના વિસ્તારોની ઉચ્ચ-વૃદ્ધિ થઈ રહી છે અને આ વિકસિત બજારોનો લાભ લેવા માટે આ નવા આઉટલેટની શરૂઆત સાથે થોમસ કૂક ઈન્ડિયાનું નેટવર્ક હવે આ શહેરમાં વિવિધ ચાર સ્થાનો અને સમગ્ર ગુજરાતમાં 10 સ્થાનો સુધી વિસ્તરી રહ્યું છે, અને તે વૈવિધ્યસભર ગ્રાહક સેગમેન્ટ્સ જેવા કે - પરિવારો, યુગલો, યંગ ઈન્ડિયાઝ, મિલેનિયલ્સ અને જેન ઝી, બિઝનેસ પ્રોફેશનલ્સ અને વરિષ્ઠોને પોતાની સેવા પૂરી પાડે છે. આ આઉટલેટ દરેક પ્રકારની શરૂઆતથી લઈને અંત સુધીની મુસાફરીની સેવાઓ પ્રદાન કરે છે: આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક વેકેશન (જૂથ સાથેના પ્રવાસો, વ્યક્તિગત હોલિડે, ક્રૂઝ, વગેરે), તેની મૂલ્યવર્ધિત સેવાઓમાં ટ્રાવેલ ઈન્સ્યોરન્સ, વગેરે સામેલ છે. આ ઉપરાંત, થોમસ કૂકનું એઆઈ બુકિંગ પ્લેટફોર્મ ગ્રાહકોને ઉપલબ્ધતા ચકાસવા અને માત્ર અમુક મિનિટોમાં જ રિઝર્વેશન કરીને તાત્કાલિક રીતે તેમના વેકેશનના વ્યક્તિગત આયોજનમાં પણ મદદ કરે છે. અમદાવાદથી મુસાફરી: ઉનાળામાં, ઉત્સવ સમયે અને વર્ષના અંતમાં આવતી રજાઓ સમયે આયોજિત ટ્રિપ્સ માટે વધુ માંગ થઈ રહી છે, તે સાથે મીની-વેકેશન્સ અને રજાઓ અને સપ્તાહાંત ટુર પણ સામેલ છે. ગુજરાતીઓ માટે વિશિષ્ટ જૂથ પ્રવાસ માટેનું ઉચ્ચ વલણ, અને તેમની સાથે ગુજરાતી-ભાષી સંચાલકો અને તેઓને શુદ્ધ શાકાહારી ભોજન આપવામાં આવે છે લાંબા સમય સુધીનું રોકાણ: ટૂંકી યાત્રાઓ (5-8 દિવસ); લાંબી યાત્રાઓ (10-15 દિવસ) મુસાફરીના અનુભવમાં વૃદ્ધિ: ફિનલેન્ડમાં નોર્ધન લાઈટ્સ અને જાપાનમાં ચેરી બ્લોસમ જેવા અનન્ય રોમાંચક અનુભવો નવીનતમ સ્થળો: CIS દેશો (અઝરબૈજાન, ઉઝબેકિસ્તાન, કઝાકિસ્તાન, જ્યોર્જિયા) માટે સરળ વિઝા ઍક્સેસ અને સરળ કનેક્ટિવિટી લક્ઝરી ટ્રાવેલ ડિમાન્ડ: લક્ષદ્વીપ, દુબઈ, અબુ ધાબી, સિંગાપોર અને ઈજિપ્ત સહિતના વિશ્વના ટોચના સ્થળોએ જવા માટે ગુજરાતી પ્રવાસીઓમાં લક્ઝરી ક્રુઝ વેકેશનની લોકપ્રિયતા વધી રહી છે વિશ્વના ટોચના સ્થળો: આંતરરાષ્ટ્રીય: જાપાન, વિયેતનામ, સ્વિત્ઝર્લેન્ડ, ફ્રાન્સ, સ્પેન-પોર્ટુગલ, કેનેડા, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, યુએસએ, કેન્યા, ફિનલેન્ડ, નોર્વે, યુનાઈટેડ કિંગડમ સ્થાનિક: કાશ્મીર, કેરળ, આંદામાન ટાપુઓ, ભૂતાન, લદ્દાખ, હિમાચલ, ઉત્તર-પૂર્વ ભારત તીર્થસ્થાન પર જવા માટે લોકો પર્યટનની માંગ કરી રહ્યા છે: ચાર ધામ, કાશી, અયોધ્યા, રામેશ્વરમ, અમૃતસર, વારાણસી અને પ્રયાગરાજ થોમસ કૂક (ઈન્ડિયા) લિમિટેડના હોલિડેઝ, MICE, વિઝાના પ્રેસિડેન્ટ અને કન્ટ્રી હેડ - શ્રી રાજીવ કાલેએ જણાવ્યું હતું કે, "અમદાવાદ અમારા માટે એક મહત્વપૂર્ણ સ્ત્રોત બજાર છે. અમે શહેરમાં રહેતા લોકોમાં યાત્રાની વધતી જતી માંગને નિરખી રહ્યા છીએ, અને ખાસ કરીને દિવાળી જેવી પીક ટ્રાવેલ સીઝનમાં લોકો વધુ મુસાફરી કરે છે. દક્ષિણ બોપલ ખાતે અમારું ફ્રેન્ચાઈઝ આઉટલેટનું ઉદ્ઘાટન કરતા અમે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ, અને આ આઉટલેટ વ્યૂહાત્મક રીતે તેના કેન્દ્રિય સ્થાન માટે પસંદ કરવામાં આવ્યું છે, આ નવું આઉટલેટ આ પ્રદેશમાં ગ્રાહકોની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટેની અમારી ક્ષમતાને વધારશે, અને લોકોને સરળ ઍક્સેસ અને સતત સેવાઓ ઓફર કરશે - અને તે પણ તેમના ઘરઆંગણે!

# યાત્રા અને જીવનશૈલી માટેની ઉચ્ચ બ્રાન્ડ 'સ્વિસ મિલિટરી' નું નવીનતમ SKU લોન્ચ, કંપની વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે

(એજન્સી) અમદાવાદ | તા. 06

પોતાના પ્રીમિયમ અને નવીન ઉત્પાદનો માટે પ્રખ્યાત અને વૈશ્વિક સ્તરે લોકપ્રિય જીવનશૈલીની બ્રાન્ડ તરીકે જાણીતી કંપની, સ્વિસ મિલિટરી હવે અમદાવાદમાં પણ તેના આગમન સાથે વિસ્તરણ કરીને ટ્રાવેલ ગિયર કેટેગરીમાં નવા SKU લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ નવી પ્રોડક્ટ લાઈનમાં અનન્ય વિશિષ્ટતાઓ અને ઉચ્ચ કાર્યક્ષમતા સાથે પોસાય તેવી કિંમતમાં વિવિધ રંગોમાં ઉપલબ્ધ ટ્રાવેલ પ્રોડક્ટ્સનો સમાવેશ થાય છે, જે આ ઉદ્યોગમાં નવા ધોરણો સેટ કરે છે. સ્વિસ મિલિટરી દ્વારા તેના નવા ટ્રાવેલ ગિયર ઉત્પાદનો લોન્ચ કરવાનો આ નિર્ણય ભારતમાં યાત્રાના ગતિશીલ બજારના લેન્ડસ્કેપને અનુરૂપ છે. આ દેશમાં લોકોની ખરીદ શક્તિ વધી રહી છે, અને સ્થાનિક ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે સરકાર અનેક પહેલો રજૂ કરી રહી છે અને સાથે સાથે ઈ-કોમર્સ ક્ષેત્ર પણ આગળ વધી રહ્યું છે માટે




આવી પ્રખ્યાત કંપની માટે આ વિસ્તરણ માટેની યોગ્ય તક છે. 2024 માં, ભારતીય સામાન અને બેગ બજારનું મૂલ્ય US$15.04 બિલિયન રહ્યું છે, અને આ મૂલ્યમાં 2024 થી 2028 સુધી 5.21%ના વાર્ષિક વૃદ્ધિ દરની સંભાવના રહેલી છે. નોંધનીય છે કે, બજારના વેચાણનો 87% ભાગ એ નોન-લક્ઝરી ઉત્પાદનોને લીધે છે. સ્વિસ મિલિટરીનું આ વ્યૂહાત્મક પગલું ભારતીય ગ્રાહકોની વધતી જતી આકાંક્ષાઓ અને પ્રીમિયમ લગેજ અને ટ્રાવેલ ગિયરની વધતી માંગને અનુરૂપ છે. સ્વિસ મિલિટરીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનુજ સાહનીએ જણાવ્યું હતું કે, 'સ્વિસ મિલિટરી તેની નવીનતા અને વિસ્તરણની સફર આગળ વધારી રહી છે અને માટે હું ટ્રાવેલ ગિયર ઉત્પાદનોની અમારી નવી શ્રેણીના લોન્ચિંગની જાહેરાત કરતાં ખૂબ ઉત્સાહિત છું. શ્રેષ્ઠતા પ્રત્યે અડગ પ્રતિબદ્ધતા સાથે અને અફોર્ડેબિલિટી સાથે અમારો ઉદ્દેશ્ય માત્ર અમારા ગ્રાહકોની અપેક્ષાઓને પૂર્ણ કરવાનો જ નથી પરંતુ આ નવીનતમ બ્રાન્ડ અપ્રતિમ ગુણવત્તા અને કાર્યક્ષમતાના અમારા સમર્પણને દર્શાવે છે, અને અમે ઈચ્છીએ છીએ કે દરેક લોકોની મુસાફરી અત્યંત આરામદાયક અને ઉચ્ચ શૈલી સાથે થઈ શકે.' સ્વિસ મિલિટરી એ મુસાફરી અને લેઝર પ્રવૃત્તિઓમાં લોકોની વધતી જતી રુચિને ઓળખીને લગેજ ઉત્પાદનોની વધતી જતી પોસ્ટ-પેન્ડેમિક માંગને પહોંચી વળવા સુલભ કિંમતે ઉચ્ચ-ગુણવત્તાવાળા ટ્રાવેલ ગિયર મેળવવા માંગતા ગ્રાહકોની જરૂરિયાતો માટે વિસ્તરણ પર ધ્યાન કેન્દ્રિત કરીને, દેશના 2,000 થી વધુ સ્ટોર્સમાં અને બજારમાં ઉપલબ્ધતા વધારવા માટે, ગુજરાતમાં સૌથી વિશ્વસનીય સુપર સ્ટોકિસ્ટ, ફ્યુચર કોન્સેપ્ટ સહિતના મુખ્ય રિટેલર્સ સાથે ભાગીદારી કરી રહી છે. સ્વિસ મિલિટરીના સૌથી વધુ વેચાતા મોડલ, જેમ કે સ્ટાર, એજ, મેઝ, કેલ્વિન, કાઈનેટિક, ક્યુબોઈડ, સેફાયર, જ્યુપિટર, ડેપર, હિલીયમ, કોકૂન, ડર્બી, ઝેટા અને મંડલા, તેની શ્રેષ્ઠ ગુણવત્તા અને સુલભ કિંમત સાથે મળે છે જે આ બ્રાન્ડની તેના ગ્રાહકો માટે મુસાફરીના અનુભવમાં વધારો કરવાની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. આગળના ભવિષ્યમાં, આ બ્રાન્ડ ગુજરાત, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, મુંબઈ અને દિલ્હીમાં તેના ઉત્પાદનો સાથે માર્કેટમાં આગળ વધવાની યોજના ધરાવે છે.

# દિવાળીમાં મીઠાઇ બહુ ખવાઇ ગઇ? ગ્રીન જ્યુસ કરશે સુગર કંટ્રોલ

**દિવાળીનો તહેવાર ખુશી, રોશની અને મીઠાઈનું પ્રતિક છે. આ સમય દરમિયાન આપણે બધા ઘણી બધી મીઠાઈઓ ખાઈએ છીએ. પરંતુ ઘણીવાર મીઠાઇ સ્વાસ્થ્ય પર માઠી અસર કરે છે. ખાસ કરીને જો સુગર લેવલ વધવાની કે ઘટવાની સમસ્યા હોય. પરંતુ ચિંતાની કોંઈ વાત નથી. આજે તમને હેલ્ધી ગ્રીન જ્યુસ વિશે જણાવીશું કે જેનું સેવન કરવાથી તમારુ સુગર લેવલ નિયંત્રિત કરી શકો છો. ત્યારે આવો જાણીએ કયા ગ્રીન જ્યુસ પીવા...**







## કાકડી-પાલકનો રસ

આ રસ તમારા શરીરને હાઈડ્રેટેડ રાખે છે અને તમારા શુગર લેવલને સંતુલિત કરવામાં મદદ કરે છે. પાલકમાં ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે અને કાકડીમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે, જે પાચનને સુધારે છે. આ જ્યુસ પીવાથી શરીરમાં સુગર વધશે નહી. આ જ્યુસ બનાવવા માટે તમારે અડધી કાકડી અને 1 કપ પાલક લેવો. આ બંનેને મિક્સરમાં પીસી લો અને પછી તેમાં લીંબુનો રસ મિક્સ કરી, થોડા મરી નાંખીને પીઓ.





## સેલરી-લીંબુનો રસ

કોથમીર ઓછી કેલરીવાળો ખોરાક છે. તેનું સેવન કરવાથી શરીરમાં બ્લડ શુગર લેવલ સંતુલિત રહે છે. આ જ્યુસનું સેવન કરવાથી હૃદયના સ્વાસ્થ્યને પણ ફાયદો થાય છે. ડાયાબિટીસના દર્દીઓ દિવાળી અને તહેવારોમાં આ રસ પી શકે છે. જે બનાવવા માટે તમારે કોથમીરને નાના ટુકડાઓમાં કાપવી પડશે અને પછી જ્યુસરમાં રસ કાઢવા માટે મૂકો. આ પછી લીંબુનો રસ અને મધ મિક્સ કરીને પીવો.

## કારેલાનો રસ

કારેલા કડવા છે પણ ડાયાબિટીસના દર્દીઓ માટે વરદાન છે. હા, કારેલામાં રહેલા સંયોજનો ઈન્સ્યુલિનના સ્તરને નિયંત્રિત કરે છે. આ જ્યુસ સતત થોડા દિવસો સુધી પીવાથી શુગરના દર્દીઓને જ ફાયદો થશે. કારેલાનો રસ બનાવવા માટે તમારે કારેલાના નાના ટુકડા કરો ત્યાર પછી બીજ કાઢીને તેને મિક્સરમાં પીસી લો. હવે તેને ગાળીને તેમાં લીંબુનો રસ નાખી પીવો.





## કેળ-લીલા-સફરજનનો રસ

કેળ અને લીલા સફરજન બંને ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક છે. આને રોજ ખાવાથી સુગર કંટ્રોલમાં કરી શકાય છે. ઉપરાંત, સફરજનને કારણે આ રસ તમને ફિક્કો નહી લાગે. કેળના પાન અને સફરજનનો રસ પણ સ્વાદમાં ઉત્તમ છે. આને બનાવવા માટે તમે કેળના પાનને ધોઈને મિક્સરમાં પીસવા પડશે, 1 લીલા સફરજનના ટુકડા કરીને તેની સાથે ગ્રાઈન્ડ કરવા પડશે. તેને ફિલ્ટર કર્યા વગર પીવાથી વધુ ફાયદો થાય છે.

## કોબી-પાલકનો રસ

સાંભળીને નવાઈ લાગે કે કોબીનો જ્યુસ હોતો હશે. પણ હા ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક છે. મીઠાઈ ખાધા પછી આ જ્યુસ પીવાથી શુગર લેવલ જળવાઈ રહે છે. તેને બનાવવા માટે તમારે કોબી, પાલક, કાકડી, લીંબુનો રસ અને રોક સોલ્ટની જરૂર પડશે. આ માટે સૌપ્રથમ તમામ શાકભાજીને ધોઈને તેના નાના-નાના ટુકડા કરી લો. આ પછી તેને મિક્સરમાં નાખીને પીસી લો. હવે તેને ગાળીને તેમાં લીંબુનો રસ અને રોક સોલ્ટ નાખો.





## તમારા શરીરમાં વારંવાર ગેસ બનતો હોય તો જાણી લો કયા ફળો ખાવા જોઈએ?

ગેસની સમસ્યા હાલના સમયમાં સામાન્ય બની ગઈ છે. ખાસ કરીને યુવાનોની જીવનશૈલીને કારણે ચિંતા વધી છે. પપૈયું એક એવું ફળ છે જે પાચનમાં મદદ કરે છે અને ગેસની સમસ્યા દૂર કરે છે. કેળા પાચનતંત્રને પણ સુધારે છે અને ગેસ ઘટાડે છે. કેળાં ખાવાથી શરીરને પણ અનેક લાભો થાય છે. સફરજનમાં વધુ માત્રામાં ફાઈબર હોય છે, જે પાચનને સુધારે છે અને ગેસ ઘટાડે છે. પાઈનેપલમાં બ્રોમેલેન એન્ઝાઈમ હોય છે, આ ફળ પાચનમાં મદદ કરે છે અને ગેસ ઓછો કરે છે તરબૂચમાં પાણીની માત્રા વધુ હોય છે, આ ફળ પાચન તંત્રને હાઈડ્રેટ રાખે છે અને ગેસ ઓછો કરે છે.

## અમુક દવાઓ ભૂખ્યા પેટે અને અમુક દવાઓ જમ્યા પછી જ કેમ લેવામાં આવે છે?

ઘણીવાર તમે ડોક્ટરો કે વડીલો પાસેથી સાંભળ્યું હશે કે દવા ખાલી પેટે નહીં પણ ભોજન પછી જ લો પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે આવું કેમ કહેવાય છે? જો કે આ ક્યારેક વિચિત્ર લાગે છે, પરંતુ તેની પાછળ ઘણા કારણો છે. જેના કારણે આ સલાહ આપવામાં આવી છે. જો કે તમામ દવાઓમાં આવું નથી હોતું, પેટમાં ગેસ મટાડવાની દવાઓ સવારે ખાલી પેટે લેવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ મોટાભાગની દવાઓ જમ્યા પછી જ લેવાની સલાહ આપવામાં આવે છે. ડૉક્ટરોનું કહેવું છે કે ખાલી પેટે દવા લેવાથી એસિડિક પ્રતિક્રિયા થઈ શકે છે. જ્યારે પેટ ભરેલું હોય ત્યારે આવી પ્રતિક્રિયાઓની શક્યતા ઓછી હોય છે. કેટલીક દવાઓ શરીરમાં ઘણા શારીરિક ફેરફારોનું કારણ બની શકે છે. જ્યારે ખાલી પેટે લેવામાં આવે છે ત્યારે શરીર તેમને હાનિકારક માનીને પ્રતિક્રિયા આપે છે. આ સમય દરમિયાન આંતરડામાં લોહીનું પ્રમાણ પણ વધે છે અને પિત્તમાંથી એસિડ બહાર આવવા લાગે છે અને આંતરડા તેની એસિડિટી બદલીને પોતાને તૈયાર કરવાનું શરૂ કરે છે, જેના કારણે શરીરમાં ઘણા પ્રકારની રાસાયણિક પ્રતિક્રિયાઓ થઈ શકે છે. તેનાથી વિપરિત જ્યારે દવા



જમ્યા પછી લેવામાં આવે છે, ત્યારે દવા અને ખોરાકની ક્રિયાપ્રતિક્રિયાને કારણે દવામાં હાજર રસાયણો શોષાય છે અને દવા શરીર પર તેની અસર કરે છે. ખાલી પેટનો હેતુ તે દવાના શોષણને મહત્તમ કરવાનો છે. ભોજન કર્યા પછી તમારા આંતરડાની કાર્ય કરવાની ક્ષમતા ઓછી થઈ જાય છે. તેથી અમુક દવાઓ ભોજન પહેલાં સૂચવવામાં આવે છે. કેટલીક દવાઓ એકસાથે લેવાથી પણ રાસાયણિક પ્રતિક્રિયાઓ થઈ શકે છે, તેથી તેને અમુક સમયના અંતરાલ પછી લેવાની સલાહ આપવામાં આવે છે. તેથી દવાઓ માત્ર ડૉક્ટર દ્વારા સૂચવ્યા મુજબ લેવી જોઈએ અને દવાઓ લેવાનો સમય અને અવધિ બદલવી જોઈએ નહીં.

# દિવાળીની તડાફડી પૂરી થઈ પણ મહારાષ્ટ્રના આકાશમાં આતશબાજી હવે શરૂ થઈ છે

**અત્યાર સુધી ની મહારાષ્ટ્ર ની વિધાન સભા ની ચૂંટણી ઓ કરતા આ વખત ની ચૂંટણી ખૂબજ રોચક અને મહદ અંશે ખૂબ જ કન્ફ્યુઝીંગ છે. કઈ ટીમ નો ખેલાડી કઈ ટીમ માં થી બેટીંગ કરી રહ્યો છે અને કોણ કોને આઉટ કરવા મથી રહ્યુ છે તે એક્સપર્ટ કોમેન્ટેટર પણ નથી સમજી રહ્યા તો સ્ટેડીયમ માં બેઠેલા પ્રેક્ષકો તો બીચારા શું સમજે. કલ્પના માં ના આવે એવું ગઠબંધન ચૂંટણી લડી રહ્યું છે. પ્રચાર સમયે ધ્યાન ના રાખો તો સામે ઊભેલા ઉમેદવાર નો ભૂલ થી પ્રચાર થઈ જાય એવી શક્યતા છે**



**ચૂંટણી નું ચક્ર વ્યૂહ**

**- રુપાલી દવે**

દિવાળી ની તડાફડી પૂરી થઈ પણ મહારાષ્ટ્ર ના આકાશ માં આતશબાજી હવે શરૂ થઈ છે. અને તે પણ દિવાલી કરતા વધારે રંગીન અને ખૂબ ધૂમધડાકા કરે છે અને કદાચ પ્રદુષણ પણ ફટાકડા કરતા વધારે ફેલાવે છે.

અત્યાર સુધી ની મહારાષ્ટ્ર ની વિધાન સભા ની ચૂંટણી ઓ કરતા આ વખત ની ચૂંટણી ખૂબજ રોચક અને મહદ અંશે ખૂબ જ કન્ફ્યુઝીંગ છે. કઈ ટીમ નો ખેલાડી કઈ ટીમ માં થી બેટીંગ કરી રહ્યો છે અને કોણ કોને આઉટ કરવા મથી રહ્યુ છે તે એક્સપર્ટ કોમેન્ટેટર પણ નથી સમજી રહ્યા તો સ્ટેડીયમ માં બેઠેલા પ્રેક્ષકો તો બીચારા શું સમજે. કલ્પના માં ના આવે એવું ગઠબંધન ચૂંટણી લડી રહ્યું છે. પ્રચાર સમયે ધ્યાન ના રાખો તો સામે ઊભેલા ઉમેદવાર નો ભૂલ થી પ્રચાર થઈ જાય એવી શક્યતા છે

અત્યાર સુધી ફક્ત બે જ ટીમ હતી એનડીએ તથા કોંગ્રેસ + એન. સી.પી પણ અત્યારે કુલ છ ટીમ આમને સામને રમી રહી છે. પણ 2019 ઈલેકશન માં ચૂંટણી પરિણામો પછી ઓચિંતા રાતો રાત ઊદ્ધવ ઠાકરે ને મુખ્ય મંત્રી થવા નું સપનુ આવ્યુ કે જબરજસ્તી થી તેમને ઘોડા પર શણગારી ને બેસાડવા ની કોશીશ થઈ ત્યાર થી મહારાષ્ટ્ર માં રાયતુ ફેલાઈ ગયું છે અને હવે રાયતુ ફેલાવનારા પણ સમેટી શકે તેમ નથી.

ઉદ્ધવ ની મહત્વાકાંક્ષા નો ' લાભ 'લઈ ને મહારાષ્ટ્ર ના ચાણકય શરદ પવારે સડસડાટ ચાલી રહેલી મોદી + શાહ ની ગાડી ને પાટા પર થી ઉતારી દીધી અને ઉદ્ધવ ને ગાદીએ બેસારી દીધા , અને હતપ્રભ બની ગયેલો ' ભાજપ કઈ સમજી શકે તે પહેલા બાજી હાથ માંથી સરી 'ગઈ અને તે દિવસ ની ઘડી થી આજ સુધી કદી ના થઈ હોય તેવી ઉથલ પાથલ મહારાષ્ટ્ર ના રાજકારણ માં ચાલી રહી છે.જે બાળા સાહેબ ના દર પર ભારત ના વડાપ્રધાન પણ મળવા આવતા હતા તે ઉદ્ધવ ઠાકરે આજે કોંગ્રેસ અને પવાર સાહેબ ના દરવાજા ખખડાવી રહ્યા છે.

કોઠા કબાડા રમવા ના નિષ્ણાત ભાજપ ને કળ વળી તે જ દિવસ થી શિવસેના માં તોડફોડ કરવાની કોશીશ શરૂ કરી દીધી , અને બાલા સાહેબ ની શીવસેના વીખેરાવા ની ચાલુ થઈ , તદન અલગ અલગ છેડા ની વિચાર સરણી ધરાવતી શિવસેના કોંગ્રેસ અને એનસીપી ના શરણે ગઈ તે અસલી હિન્દુત્વ વાદી 'ગણાતા શિવસૈનિકો ને તે વાત હજમ થઈ નહી અને સાથે સત્તા નું રાજકારણ પણ ખરુ તેનો લાભ 'લ ઈ ને ભાજપ ના ચાણકયો એ શીંદે અને તેના સાથીઓ ને ઉદ્ધવ થી છુટા પાડી અને બાલા સાહેબ ના સુપુત્ર ને સીંહાસન પર થી ઉથલાવી પાડ્યા

અને ત્યાર થી સત્તા ના આટાપાટા નો ખેલ શરૂ થયો. સરકાર ચલાવવા જેટલી બહુમતી હોવા છતા વિનાશકાળે વિપરીત બુદ્ધિ ની જેમ બીજેપી એ સીનીયર પવાર થી કંટાળેલા અજીત દાદા ને પણ હાથ માં 'લીધા. અમુક ઉંમર પછી પોતાના અનુગામી ઓ માટે જગ્યા કરવા ની જે સમજણ તેંડુલકર કે ધોની માં છે તે ' કદાચ જેનો એક પગ 'કબર માં છે એવા આપણા સત્તાલોલુપ ધરડા ખખ્ખ રાજકારણી ઓ માં નથી પરિણામે ધીરજ ખોઈ ચૂકેલા અજીત પવારે પોતાના ચાણક્ય ગણાતા મંઝેલા ખેલાડી એવા કાકા ને છોડી ને જ્યાં દેરા માં દેવ સમાતા નહોતા તેવા ગઠબંધન માં પગ મૂક્યો . બંને સાઈડ ફક્ત બે પાર્ટી હોવા થી બધા પક્ષો ને લડવા પૂરતી સીટો મળતી હતી તેના બદલે અત્યારે સીટો ની મારામારી છે. બધા પક્ષો અત્યારે બળવાખોરો થી ત્રસ્ત છે. ભાજપે ઉતાવળ કરી ને ઉદ્ધવ ને બળવાખોરો દ્વારા ઉથલાવી દીધા એના બદલે પૂરા સમય રાજ કરવા દીધું હોત તો અત્યારે એન્ટી અમકંબન્સી થી પોતે જ અળખામણા બની ને હારી જાત અને ભાજપ ને એક ચક્રી શાસન કરવા મળત , પણ એમને ય ધીરજ નહોતી.

હવે આ રમત એટલી હદે ગુંચવાઈ ચૂકી છે કે રમનારા ખેલાડી ઓ કે મૂંઝવણ પૂર્વક રમત નીહાળી રહેલા પ્રેક્ષકો નું દિમાગ બહેર મારી ચૂક્યુ છે. જે અજીત પવાર ને મંચ પરથી મોદીજી એ 'ભ્રષ્ટ્રાચારી ગણાવ્યા તે ની માટે 'ભાજપ ના કાર્યકરો ' કેવી રીતે મત માગે ? ગરજુડા રાજકીય પક્ષો તો શરમ મુકીને મત માગે પણ ખરા પણ વર્ષો થી એક જ વિચાર ધારા ને વરેલા મતદારો એવા મૂંઝવણ માં મુકાયા છે કે 'કરે તો કરે શું? કાર્યકરો પણ મૂંઝાયેલા છે કે વરસો સુધી જેની સાથે ખભે ખભો મિલાવીને લડ્યા તેને ગાળો આપવા ની અને જેની સામે લડ્યા તેને ખભે ઉપાડી ને ફરવા ના જે તેમને અકળાવી મૂકે છે.

જે શિવસેના માટે વીર સાવરકર આદર્શ છે એને રાહુલ ગાંધી બેફામ ગાળો આપે તો યે કશું કહી નથી શકાતું.આ બધો ભોગ આપ્યા છતાં અત્યારે પવાર કે કોંગ્રેસ ઉદ્ધવ ઠાકરે ને સીએમ ઉમેદવાર ઘોષિત કરવા તૈયાર નથી તો આ બધા ધમપછાડા કરી ને ઉદ્ધવ ને શું મળ્યું ? સામા પક્ષે ભાજપ ને પણ પોતાના સીએમ ના બદલે અંતે તો શિવસેના નો જ સીએમ શિંદે ને બનાવવા પડ્યા તો ઉદ્ધવ જ શું ખોટા હતા ? બંને શિવસેના અને એનસીપી ના ચુનાવ ચિન્હો થી લઈ ને ઓળખ ગુમાવી દેવા પડ્યા. શરદ પવાર ના વર્ષો થી અનુયાયી રહેલા મતદારો ઘડી ના નીશાન પર જ થપ્પો મારવા ટેવાયેલા છે એ નવુ ચીહન ઓળખી શકશે કે ઉદ્ધવ ના સૈનીકો તીરકામઠુ એ હવે પોતાનું નિશાન નથી એ મગજ માં ઉતારી શકશે કે કેમ એ સવાલ છે.


દરેક ને મજબુરી છે , 'ભાજપ રાજ ઠાકરે ના સુપુત્ર ને સર્પોટ કરે છે પણ શીંદે એના માટે તૈયાર નથી . ભાજપ નવાબ મલીક નો ઉગ્ર વિરોધ કરે છે પણ અજીત 'દાદા માટે નવાબ મજબુરી છે જે 'ભાજપ પણ સમજે છે. 'કઈ કુકરી ગાંડી થશે તેની કોઈને ખબર નથી સરવાળે બધા નુકસાન માં છે ફક્ત મહારાષ્ટ્ર ની પ્રજાના ભોગે.

શું થશે ? 23 મી એ ? 'લડનારા કે 'લડાવનારા ' કોઈ ને ખબર નથી . આ પેલા ચોસલા ગોઠવવા ની રમત જેવુ છે. ક્યું ચોસલુ છેલ્લે ' ક્યાં ફીટ થશે તે ખુદ ચોસલા ને પણ ખબર નથી. શક્યતા જોવો તો બીજેપી ને થોડી સીટો ઓછી આવે અને ઉદ્ધવ કરતા કોંગ્રેસ એનસીપી ને વધારે 'સીટ આવે અને ઉદ્ધવ ને મુખ્યમંત્રી પદ છટકતુ દેખાય તો તે દોડી ને બીજેપી ના ખોળા માં બેસી જાય , સામા પક્ષે કદાચ અજીત પણ ' આ ગઠબંધન માં ખુશ નથી જરૂર પડે તો કાકા 'ભત્રીજો બધા મનદુ:ખ ભૂલાવી ને એક થઈ જાય . અત્યારે શીંદે ભાજપ સાથે દેખાય છે પણ ઉદ્ધવ 'કરતા ઓછી સીટો આવે અને ઉદ્ધવ " જુબાં કેસરી " કરતા દેખાય તો અજીત 'દાદા નો હાથ પકડી ને સીનીયર પવાર ના ખોળા માં બેસી જાય.જે સંજય રાઉત ભાજપ ને પેટ ભરી ને ગાળો આપી રહ્યા છે તે મોદીજી ના ગુણ ગાન ગાતા થઈ જાય.

પ્રજા પણ ખૂબ કન્ફ્યુઝ છે તેનો પડધો કદાચ ઓછા મતદાન માં પરીવર્તિત થાય . અંતે તો ભારત ના લોકતંત્ર ની આ ક્રૂર મજાક છે .કંટાળેલી પ્રજા કદાચ ઘરમાંથી બહાર જ ના નીકળે. આ વખતે તો ૨૪ ની સંસદીય ચૂંટણી માં ટીવી પર રડી પડેલા એક્ઝીટ પોલ ના નિષ્ણાતો હરિયાણા માં પણ ધોબી પછાડ ખાઈ ચૂક્યા બાદ 'હવે ચુનાવ પરિણામો ની આગાહી કરવાની ' હિમંત નહી કરે.

જો આ ચૂંટણી ઈન્ડિયા ગઠબંધન ની વિરુદ્ધ માં ગઈ અને સાથે યુપી ના ઉપચુનાવ અને ઝારખંડ માં ભાજપ ફાયદા માં રહ્યું તો 24 ની સાસંદ ની ચૂંટણી થી બનેલું વાતાવરણ રાહુલ ગુમાવી દેશે અને તો ફરી ક્યારેય ઊભા ના થઈ શકે એવું નુકસાન થશે. જોઈએ આ અદભૂત ખેલ ની નિયતી શું છે તે 23 નવેમ્બરે જ ખબર પડશે.ચૂંટણી ના પરિણામ ના આવે ત્યાં સુધી રોજ ટીવી પર મલ્લ કુસ્તી નું મનોરંજન ની મજા માણીએ. આમપણ બકા,ટીવી ડીબેટ માં હો હલ્લલા સિવાઈ બીજું ક્યાં ખાસ હોય છે.મેદાન ના રાજકારણ કરતા પણ ન્યુઝ ચેનલો નું રાજકારણ અલગ હોય છે,લે તને નથી ખબર..

# ભારતની સૌથી મોટા બજેટની ફિલ્મની રિલીઝ ડેટ એનાઉન્સ




## નિતેશ તિવારીની 'રામાયણ' બે પાર્ટમાં આવશે, રણવીર જોવા મળશે રામની ભૂમિકામાં

(એજન્સી) મુંબઈ | તા.06

રણબીર કપૂરની આગામી ફિલ્મને લઈને આજે એક મોટું અપડેટ સામે આવ્યું છે, જેની ફેન્સ આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. ડિરેક્ટર નિતેશ તિવારીએ ફિલ્મ 'રામાયણ'નું ફર્સ્ટ લૂક પોસ્ટર રિલીઝ કર્યું છે. આ ફિલ્મ 2 પાર્ટમાં રિલીઝ થશે. પાર્ટ 1 આવતા વર્ષે દિવાળી અને પાર્ટ 2 2027ની દિવાળી પર રિલીઝ થશે.

રણવીર કપૂર જોવા મળશે ભગવાન રામની ભૂમિકામાં રણબીર કપૂર છેલ્લા ઘણા મહિનાઓથી ફિલ્મ 'રામાયણ'નું શૂટિંગ કરી રહ્યો છે. નિતેશ તિવારીની આ ફિલ્મમાં તે ભગવાન રામની ભૂમિકામાં જોવા મળશે. સાઉથ એક્ટ્રેસ સાઈ પલ્લવી સીતાના રોલ ભજવશે. સેટ પરથી બંનેના લુક્સ પણ લીક થયા હતા. હવે મેકર્સ દ્વારા તેનો ફર્સ્ટ લુક અને રિલીઝ ડેટ પણ જાહેર કરવામાં આવી છે.

'રામાયણ' ફિલ્મનું ફર્સ્ટ લૂક પોસ્ટર આ પોસ્ટમાં નમિત મલ્હોત્રાએ લખ્યું છે કે, 'એક દાયકા કરતાં પણ વધુ સમય પહેલાં, મેં આ મહાકાવ્યને મોટા પડદા પર લાવવાની ઉમદા શોધ શરૂ કરી હતી, જેણે 5000 વર્ષથી વધુ સમયથી અબજો દિલો પર રાજ કર્યું છે. અને આજે હું તેને સુંદર રીતે આકાર લેતો જોઈને ખુશ છું, કારણ કે અમારી ટીમો માત્ર એક જ ઉદ્દેશ્ય સાથે અથાક મહેનત કરી રહી છે: આપણા ઈતિહાસ, આપણું સત્ય અને આપણી સંસ્કૃતિ - આપણું 'રામાયણ'-એક પવિત્ર અને અદભૂત અનુકૂલન વિશ્વભરના લોકો સુધી પહોંચાડવા. અમારી સાથે જોડાઓ કારણ કે અમે આપણા મહાન મહાકાવ્યને ગૌરવ અને આદર સાથે જીવનમાં લાવવાના સ્વપ્નને પૂર્ણ કરીએ છીએ...'

બંને ફિલ્મો 2026 અને 2027માં થશે રિલીઝ આ પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે 'રામાયણ: ભાગ 1' દિવાળી 2026ના રોજ રિલીઝ થશે. તેના બીજા ભાગ માટે બે વર્ષ રાહ જોવી પડશે. તે વર્ષ 2027માં દિવાળી પર રિલીઝ થશે.

ફક્ત પ્રથમ ભાગનું બજેટ 835 કરોડ રૂપિયા બોલિવૂડ હંગામાના રિપોર્ટ અનુસાર, ફક્ત પ્રથમ ભાગનું બજેટ 835 કરોડ રૂપિયા છે. પહેલા ભાગના પોસ્ટ પ્રોડક્શનમાં 600 દિવસ લાગશે. આ બજેટ પરથી અંદાજ લગાવી શકાય છે કે દિગ્દર્શક એને સિનેમા ઈતિહાસની સર્વશ્રેષ્ઠ ફિલ્મ બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ફિલ્મનું સ્ટારકાસ્ટિંગ નીતિશ તિવારીના નિર્દેશનમાં બની રહેલી 'રામાયણ'માં રણબીર કપૂર ભગવાન શ્રી રામના રોલમાં જોવા મળશે. આ રોલ માટે રણબીર હાર્ડ ટ્રેનિંગ લઈ રહ્યો છે. તેની સાથે સાઉથની લોકપ્રિય અભિનેત્રી સાઈ પલ્લવી માતા સીતાના રોલમાં હશે. ફિલ્મમાં સની દેઓલ હનુમાનનું પાત્ર ભજવશે, જ્યારે અભિનેત્રી લારા દત્તા ફિલ્મમાં કૈકેયીની ભૂમિકા ભજવશે.

### 'રામાયણ' સાથે જોડાયેલી કેટલીક ખાસ વાતો

- 500 કરોડથી વધુના બજેટ સાથે બનાવવામાં આવશે.
- મધુ મન્ટેના, અલ્લુ અરવિંદ અને નમિત મલ્હોત્રા સંયુક્ત રીતે ફિલ્મનું નિર્માણ કરશે.
- પ્રોડ્યુસર નમિત મલ્હોત્રા આ ફિલ્મને ઈન્ટરનેશનલ લેવલ પર રિલીઝ કરવા માટે ઈન્ટરનેશનલ કંપની વોર્નર બ્રધર્સ સાથે ડીલ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.
- હંસ ઝિમર અને એઆર રહેમાન જેવા ઓસ્કાર વિજેતા કલાકારો સંગીત અને બેકગ્રાઉન્ડ સ્કોર પર કામ કરી રહ્યા છે.
- ઓસ્કાર વિજેતા કંપની DNEG VFX પર કામ કરશે.
- આ ફિલ્મ હિન્દી, તમિલ અને તેલુગુ સહિત ઘણી ભાષાઓમાં રિલીઝ થશે.

# 'મને લાગ્યું કે મારો અંત આવી ગયો'

## મનીષા કોઈરાલાને યાદ આવી કેન્સરની પીડા, પ્રિન્સેસ ઑફ વેલ્સ'ને પત્ર લખી અગ્નિપરીક્ષાની કરી વાત...



(એજન્સી) મુંબઈ | તા.06

અભિનેત્રી મનીષા કોઈરાલાએ તાજેતરમાં જ તેના જીવનના એ મુશ્કેલ સમયને યાદ કર્યો જ્યારે તે કેન્સરથી પીડાઈ રહી હતી. મનીષા કોઈરાલાને 2012માં કેન્સર હોવાનું નિદાન થયું હતું. અભિનેત્રીએ તે વખતે વેઠેલી શારીરિક અને માનસિક પીડા પર હવે પોતાનું મૌન તોડ્યું છે. મનીષાએ તેની યુકે ટ્રીપ દરમિયાન કેન્સર ચેરિટીની લંડન ઓફિસની મુલાકાત લીધી, જ્યાં તે કેન્સરના દર્દીઓને મળી અને તેનાથી અસરગ્રસ્ત લોકોને મદદ કરવા માટે ચેરિટીના પ્રયાસો વિશે જાણ્યું.

અભિનેત્રીએ કહ્યું, 'હું મારા અવાજનો ઉપયોગ માત્ર કેન્સરના દર્દીઓને સમર્થન આપવા માટે જ નહીં, પરંતુ મારા જેવા તબીબી સેવાઓની જરૂરિયાત વાળા અને કેન્સરના ચિહ્નો અને લક્ષણોને જાણવાના મહત્ત્વ વિશે જાગૃતિ લાવવા માંગુ છું. હું પોતે કેન્સરનો સામનો કરી રહી છું, હું જાણું છું કે આ લડાઈ કેટલી અલગ અને પડકારજનક હોય છે. હું માનું છું કે આપણે બધા બીજાઓ માટે પરિવર્તન લાવવા પહેલ કરીએ તે મહત્ત્વપૂર્ણ છે.'

મનીષાએ ન્યૂયોર્કમાં સારવાર કરાવી હતી અભિનેત્રીએ પ્રિન્સેસ ઓફ વેલ્સ સાથે થયેલા પત્રવ્યવહાર વિશે પણ વાત કરી હતી. IANSના અહેવાલ મુજબ, તેણે કહ્યું, 'હું પ્રિન્સેસ ઓફ વેલ્સનો સંપર્ક કરવા માંગતી હતી,

ખાસ કરીને મારા અનુભવોને કારણે. હું તેમના તરફથી ઉષ્માભર્યો પ્રતિસાદ મેળતાં હું ખૂબ જ ખુશ થઈ હું પણ તેમના સારા સ્વાસ્થ્યની શુભેચ્છા પાઠવું છું.'

માતાએ ડોક્ટરને રુદ્રાક્ષની માળા આપી હતી મનીષાએ ન્યૂયોર્કમાં 5-6 મહિના સુધી સારવાર કરાવી હતી. તેણે કહ્યું, 'મારી માતાએ મહામૃત્યુંજય પૂજા પછી નેપાળથી રુદ્રાક્ષની માળા લીધી હતી. તેને સારવાર દરમિયાન ડોક્ટરને પોતાની સાથે રાખવા માટે આપી હતી. ખબર નથી કે તેઓએ તેને કેવી રીતે સાથે રાખી. 11 કલાક પછી ડોક્ટરોએ કહ્યું કે રુદ્રાક્ષની માળાએ ચમત્કાર કર્યો છે.

ડોક્ટરે હિંમત આપી હતી મનીષાએ કહ્યું, 'કેમોની પણ મારા પર સકારાત્મક અસર થવા લાગી. તેણે મને પંજાબી-અમેરિકન ડૉક્ટર વિકી મક્કર સાથે પરિચય કરાવ્યો. તેમણે મારી સારવાર શરૂ કરી અને મને ઘણી હિંમત આપી. ઘણી વખત એવું થયું કે હું ભાંગી પડીશ. મેં જે જોયું તે અંધકાર, નિરાશા, પીડા અને ભય હતાં. તે કહેતી રહેતી હતી મનીષા, તું સાજી થઈ રહી છે. દવાઓ તારા પર અસર કરી રહી છે.

મનીષાએ 'હીરામંડી'થી કમબેક કર્યું કામની વાત કરીએ તો, મનીષા કોઈરાલાએ આ વર્ષે સંજય લીલા ભણસાલી નિર્દેશિત સિરીઝ 'હીરામંડીઃ ધ ડાયમંડ બઝાર' સાથે અભિનયમાં કમબેક કર્યું છે, જેમાં તેણે મલ્લિકાજનની ભૂમિકા ભજવી હતી. આ પીરિયડ ડ્રામા માટે કોઈરાલા અને સંજય લીલા ભણસાલી 28 વર્ષ પછી ફરી સાથે આવ્યા હતા. અગાઉ, તેણે નેટફ્લિક્સ પ્રોડક્શનની ફિલ્મ 'લસ્ટ સ્ટોરીઝ'માં પણ કામ કર્યું હતું અને રણબીર કપૂર સ્ટારર ફિલ્મ 'સંજુ'માં નરગીસની ભૂમિકા ભજવી હતી.

# હૈદરાબાદના તાજ ફલકનુમા પેલેસમાં 'સિકંદર'નું શૂટ...

## રશ્મિકા મંદાનાનો ફર્સ્ટ લુક રીવીલ; શૂટિંગની ઝલક જોવા મળી...

(એજન્સી) મુંબઈ | તા.06

આ દિવસોમાં હૈદરાબાદના પ્રખ્યાત તાજ ફલકનુમા પેલેસમાં સલમાન ખાનની ફિલ્મ સિકંદરનું શૂટિંગ ચાલી રહ્યું છે. આ દરમિયાન ફિલ્મના સેટ પરથી એક વીડિયો લીક થયો છે, જેમાં ફિલ્મની લીડ હીરોઈન રશ્મિકા મંદાનાની પહેલી ઝલક જોવા મળી રહી છે. આ સિવાય વીડિયોમાં ફિલ્મના શૂટિંગના કેટલાક દ્રશ્યો પણ જોવા મળી રહ્યા છે.

આ વાઈરલ વીડિયોમાં ફિલ્મ સિકંદરનો સેટ દેખાઈ રહ્યો છે. તેમાં ક્રૂ મેમ્બર્સ દેખાઈ રહ્યા છે, અને રશ્મિકા મંદન્ના મોનિટર પર જોવા મળી રહી છે. જો કે આ વીડિયોમાં સલમાન ખાન જોવા મળ્યો ન હતો. સિકંદરના સેટ પરથી રશ્મિકા મંદન્નાની પહેલી ઝલક.




વાસ્તવમાં સલમાન ખાનને છેલ્લા કેટલાક સમયથી જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. દરમિયાન, અભિનેતા હવે સિકંદરના શૂટિંગ માટે હૈદરાબાદના પ્રખ્યાત તાજ ફલકનુમા પેલેસમાં પાછો ફર્યો છે, જ્યાં તેની સુરક્ષાને ધ્યાનમાં રાખીને કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

તાજ ફલકનુમા પેલેસને અદભૂત રોશનીથી શણગારવામાં આવ્યો છે. ફિલ્મના ક્રૂ એક દિવસ અગાઉથી જ હોટલ પર પહોંચી ગયા હતા અને શૂટિંગની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી હતી. આ જગ્યાએ સલમાનની બહેન અર્પિતા ખાનના લગ્ન થયા હતા.

'સિકંદર' 2025માં રિલીઝ થશે સાઉથ એક્ટ્રેસ રશ્મિકા મંદાના પહેલીવાર સિકંદરમાં સલમાનની સાથે જોવા મળશે. આ ફિલ્મનું નિર્દેશન સાઉથના ડાયરેક્ટર એઆર મુરુગાદોસ કરી રહ્યા છે. જ્યારે તે આવતા વર્ષે ઈદ પર રિલીઝ થશે.

કેમિયો વર્ક ફ્રન્ટની વાત કરીએ તો સલમાન ખાન તાજેતરમાં અજય દેવગનની ફિલ્મ સિંઘમ અગેઈનમાં કેમિયો કરતો જોવા મળ્યો હતો. આ સિવાય તેની છેલ્લી ફિલ્મ 'ટાઈગર 3' હતી, જેમાં તે કેટરિના કૈફ અને ઈમરાન હાશ્મી સાથે જોવા મળ્યો હતો. 'સિકંદર' સિવાય સલમાન પાસે હાલમાં કરન જોહરની 'ધ ફોર્સ' અને યશ રાજની 'ટાઈગર Vs પઠાણ' જેવી ફિલ્મો છે.



# 'જો હું અમેરિકન હોત તો...'

## કંગના રનૌતે આપ્યું ટ્રંપને સમર્થન, રાષ્ટ્રપતિ ચૂંટણીના પરિણામ વચ્ચે ફોટો સાથે શેર કરી પોસ્ટ...

(એજન્સી) મુંબઈ | તા.06




અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ પરિણામો સામે આવી રહ્યા છે, પરિણામો અનુસાર, યુએસ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ અને રિપબ્લિકન પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વ્હાઈટ હાઉસની રેસમાં એકબીજાને ટક્કર આપી રહ્યા છે. જેમાં ટ્રમ્પ મજબૂત સ્થિતિમાં જોવા મળી રહ્યા છે. આ દરમિયાન બોલિવૂડ અભિનેત્રી કંગના રનૌતે તેના ઈન્સ્ટાગ્રામ પર ડોનાલ્ડ ટ્રમ્પનો ફોટો પોસ્ટ કર્યો છે. આટલું જ નહીં, તેણે પોતાની પોસ્ટ દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ માંથી કોને સપોર્ટ કરી રહી છે તે વાત પણ જણાવી છે

કંગના રનોતે શું કહ્યું? કંગના રનૌતે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીઝ પર ડોનાલ્ડ ટ્રમ્પને આગામી POTUS(ધ પ્રેસિડેન્ટ ઓફ ધ યુનાઈટેડ સ્ટેટસ) કહ્યા છે. કંગનાએ 13 જુલાઈએ પેન્સિલવેનિયાના બટલરમાં યોજાયેલી ડોનાલ્ડ ટ્રમ્પની રેલીનો ફોટો શેર કર્યો છે, જે વખતે ટ્રંપ પર હુમલો થયો હતો. આ ફોટો શેર કરતી વખતે તેણે લખ્યું, "જો હું અમેરિકન હોત, તો હું તે વ્યક્તિને વોટ આપત જેને ગોળી વાગી હતી, જેને ગોળી વાગી હોવા છતાં પોતાનું ભાષણ પૂરું કર્યું હતું. ટોટલ કિલર."

આ સેલેબ્સનું પણ ટ્રમ્પને સમર્થન કંગના ઉપરાંત પ્રખ્યાત સિંગર જેસન એલ્ડિયન, ભૂતપૂર્વ ટીવી રિયાલિટી સ્ટાર એમ્બર રોઝ અને બોલિવૂડ સ્ટારના કિડ્સના ફેવરિટ ઓરી પણ ટ્રમ્પને સપોર્ટ કરી રહ્યો છે. લેડી ગાગા, હોલીવૂડ સ્ટાર જેનિફર લોપેઝ, હોલિવૂડની ફેમસ સિંગર અને ગીતકાર બેયોન્સ અને હોલિવૂડની પ્રખ્યાત ગાયિકા ટેલર સ્વિફ્ટ કમલા હેરિસને યુએસના રાષ્ટ્રપતિ બનતા જોવા માંગે છે.

કંગના રનૌતના આગામી પ્રોજેક્ટ્સ વર્ક ફ્રન્ટની વાત કરીએ તો કંગના રનૌત તેના ડિરેક્ટોરિયલ વેન્ચર 'ઈમર્જન્સી'ની રિલીઝ માટે તૈયારી કરી રહી છે.

# અપારશક્તિ ખુરાનાના નવા ગીત 'એન્ના પ્યાર'માં મનને મોહી લેતા પ્રેમના જાદુને અનુભવો

### તાજેતરમાં જ પોતાના હિટ ગીત 'જરૂર'ની અપાર સફળતા બાદ, અપારશક્તિ ખુરાના વધુ એક દિલ દિમાગમાં સમાઈ જતુ ગીત લઈને આવ્યા છે, જેને સાક્ષી રત્તીએ લખ્યું છે અને હિતેને પ્રોડ્યુસ કર્યું છે

(એજન્સી) મુંબઈ | તા.06

જાણીતા અભિનેતા અને ગાયક અપારશક્તિ ખુરાના પોતાના નવા ગીત 'એન્ના પ્યાર'ની સાથે ફરી એક વાર મનને મોહી લેવા માટે તૈયાર છે. આ ગીત પ્રેમના મધુર અનુભવ અને પીડાદાયક ઊંડાણને ખૂબ જ સુંદરતાથી દર્શાવે છે. તાજેતરમાં જ તેમના હિટ ગીત 'જરૂર'ની સફળતા બાદ 'એન્ના પ્યાર' એક એવુ સંગીત છે જે સીધુ હૃદયમાં ઉતરી તે ભાવનાઓને વાચા આપે છે, જેને આપણામાંથી દરેક લોકો સારી રીતે સમજે છે. પોતાના મૂળ સાથે જોડાયેલા હોવાની સાથે તાજગી અને સચ્ચાઈ ભરેલા 'એન્ના પ્યાર'માં અપારશક્તિ ખુરાનાનો ખાસ અંદાજ જોવા મળે છે, જેમાં પરિપક્વતા અને ઊંડાણની ઝલક મળે છે, જે શ્રોતાઓના હૃદયને સ્પર્શવાનો કોલ આપે છે. આ ગીતમાં સાક્ષી રત્તીના અનુભવી શબ્દો અને રચના છે, સાથે જ હિતેનના લાગણીપૂર્ણ




પ્રોડક્શને ગીતમાં લાગણીઓના અનેક રંગ ભરી દીધા છે. 'એન્ના પ્યાર'ની રીલિઝ પર બોલતા, અપારશક્તિ ખુરાનાએ જણાવ્યું, "મારૂં આ અનુભૂતિ ભર્યું ગીત મારી યાત્રાનો મહત્વપૂર્ણ ભાગ છે. 'એન્ના પ્યાર' મારા હૃદયમાં ખાસ સ્થાન ધરાવે છે કારણકે આ તે ભાવનાઓને વ્યક્ત કરે છે, જેને આપણે હંમેશા વાચા આપી શકતા નથી. સાક્ષી રત્તીની ધુન અને શબ્દ ભવાનાઓને અત્યંત સુંદર રીતે પરોવે છે, સાથે જ હિતેનના સાઉંડસ્કેપે તેમાં નવા પ્રાણ ફૂંકી નાજુકતાથી તેને જીવંત કર્યું છે. મને આશા છે કે આ ગીત તે તમામ હૃદયને સ્પર્શી જશે, જેઓએ ક્યારેય પ્રેમ કર્યો છે અને તેને ગુમાવી દીધો છે, કે માત્ર ઉત્કટ પ્રેમ કર્યો છે." આપના પ્લેલિસ્ટનો ખાસ ભાગ બનનારૂં 'એન્ના પ્યાર' અપારશક્તિ ખુરાનાની એક સંગીતકાર તરીકે બહુમુખી પ્રતિભાને દર્શાવે છે, જે માત્ર ધુન સુધી મર્યાદિત રહેતુ નથી, પરંતુ મનને સ્પર્શી જતી કહાણી સંભળાવે છે. લાગણીઓને જગાડવાની તેમની કુદરતી કલા સાથે અપારશક્તિ ખુરાના પોતાના ખાસ અંદાજથી 'એન્ના પ્યાર'ને ખૂબ જ મોહક બનાવે છે.

# સિંગલ લાઈફ એન્જોય કરી રહ્યો છું : કાર્તિક

## હાલમાં ડેટિંગ એપ માટે કોઈ સમય નથી; કોઈને લાઈવ લોકેશન મોકલવાની જરૂર નથી



(એજન્સી) મુંબઈ | તા.06

કાર્તિક આર્યનએ હાલમાં જ પોતાના રિલેશનશિપ સ્ટેટસ વિશે વાત કરી હતી. ડેટિંગની અફવાઓનો જવાબ આપતા કાર્તિકે કહ્યું કે તે છેલ્લા બે વર્ષથી 'ચંદુ ચેમ્પિયન' ફિલ્મની તૈયારી કરી રહ્યો હતો. આ માટે તેણે સ્પોર્ટ્સ એથ્લેટની જેમ જીવનશૈલી જીવી. તે સિંગલ છે અને તેણે પોતાનું લોકેશન કોઈને મોકલવાની જરૂર નથી.

Mashable India સાથે વાત કરતા કાર્તિક આર્યનએ કહ્યું, 'હું મારી ફિલ્મ ચંદુ ચેમ્પિયનની તૈયારીમાં સંપૂર્ણપણે વ્યસ્ત હતો. આ ફિલ્મ માટે મેં એક કઠોર રમતવીરની જીવનશૈલી અપનાવી હતી. આ કારણે મને મારા અંગત જીવન પર ધ્યાન આપવાનો પણ સમય નથી મળ્યો. આ ક્ષણે હું ન તો કોઈ સંબંધમાં છું અને ન તો કોઈ ડેટિંગ એપ્સ માટે સમય છે. મજાકમાં કાર્તિકે કહ્યું કે હાલમાં તે તેની સિંગલ લાઈફ માણી રહ્યો છે અને તેનું લોકેશન કોઈને મોકલવાની જરૂર નથી.

કાર્તિક આર્યને કહ્યું, 'હું ખૂબ જ કડક રૂટીનમાં હતો, જેમાં મારે મારા જિમ, ફૂડ અને ઊંઘનું શેડ્યૂલ કરવું પડતું હતું, જેમ કે કોઈ એથ્લેટ કરે છે. આ બધું બે વર્ષ ચાલ્યું. આ સિવાય હું સ્વિમિંગ પણ શિખતો હતો. મારી દિનચર્યા એટલી વ્યસ્ત હતી કે મારી પાસે બીજી કોઈ વસ્તુ માટે સમય નહોતો. 'ભૂલ ભુલૈયા 3'નું શૂટિંગ પણ એક પડકાર હતું, કારણ કે તે સમયસર પૂરું કરવાનું હતું.

ચંદુ ચેમ્પિયન 14 જૂને રિલીઝ થઈ હતી કાર્તિક આર્યનની ફિલ્મ ચંદુ ચેમ્પિયન 14 જૂને સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ દેશના પ્રથમ પેરાલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા મુરલીકાંત પેટકરના જીવન પર આધારિત છે.

'ભૂલ ભૂલૈયા 3' 1 નવેમ્બરના રોજ રિલીઝ થઈ હતી. કાર્તિક આર્યનની ફિલ્મ 'ભૂલ ભુલૈયા 3' 1 નવેમ્બરના રોજ રીલિઝ થઈ રહી છે. ફિલ્મમાં કાર્તિક ઉપરાંત વિદ્યા બાલન, તૃપ્તિ ડિમરી અને માધુરી દીક્ષિત પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરી રહી છે. અહેવાલો અનુસાર, તેણે અત્યાર સુધીમાં 150 કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી છે.

# IPL 2025 ઓક્શનની તારીખની થઈ જાહેરાત

**ઈન્ડિયન પ્રીમિયર લીગ 2025 માટે ખેલાડીઓની મેગા હરાજીની તારીખોની જાહેરાત કરવામાં આવી છે. આ ઓક્શન 24 અને 25 નવેમ્બર 2024ના રોજ સાઉદી અરેબિયાના જેદ્દાહમાં થશે. ઓક્શન ઈવેન્ટ જેદ્દાહના અબાદી અલ જોહર એરેના (જે બેન્ચમાર્ક એરેના તરીકે પણ ઓળખાય છે) ખાતે યોજાશે.**

(એજન્સી) મુંબઇ તા.06

અહીંથી 10 મિનિટના અંતરે આવેલી હોટેલ શાંગરી-લામાં ખેલાડીઓ અને અન્ય લોકો માટે રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે. આઈપીએલ ઓથોરિટી દ્વારા કહેવામાં આવ્યું છે કે તેમની ઓપરેશન ટીમ વિઝા અને લોજિસ્ટિક જરૂરિયાતો માટે તમામ ખેલાડીઓ અને અન્ય સ્ટાફના સંપર્કમાં રહેશે. તમામ 10 ફ્રેન્ચાઈઝીએ તેમના રિટેન કરાયેલા ખેલાડીઓનું લિસ્ટ જાહેર કર્યું હતું. આ પછી બધા ઓક્શનની તારીખોની જાહેરાતની રાહ જોઈ રહ્યા હતા. કરોડો ક્રિકેટ ફેન્સ આ ક્ષણની રાહ જોઈ રહ્યા હતા. હવે તારીખોની જાહેરાત પછી, દરેક વ્યક્તિ રાહ જોઈ રહ્યું છે કે કઈ ફ્રેન્ચાઈઝી કયા ખેલાડી માટે કેટલી બોલી લગાવે છે. ઓક્શનની તારીખ અને સ્થળની ઓફિશિયલ જાહેરાત પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે ઓક્શન સાઉદી અરેબિયાની રાજધાની રિયાદમાં થશે. પરંતુ



ઓક્શન જેદ્દાહમાં થશે. તમને જણાવી દઈએ કે આ વર્ષની ઓક્શન ઘણી મોટી છે, જેમાં રિષભ પંત, કેએલ રાહુલ, શ્રેયસ અય્યર અને અર્શદીપ સિંહ જેવા ભારતના હાઈ પ્રોફાઈલ સ્ટાર્સ ભાગ લેવા જઈ રહ્યા છે. 10 ફ્રેન્ચાઈઝીસ પાસે 204 સ્લોટ માટે ખર્ચ કરવા માટે સામૂહિક રીતે 641.5 કરોડ રૂપિયા હશે. આ 204 સ્લોટમાંથી 70 વિદેશી ખેલાડીઓ માટે નિર્ધારિત છે. અત્યાર સુધીમાં, 10 ફ્રેન્ચાઇઝીએ 46 ખેલાડીઓને રિટેન રાખ્યા છે, જેનો કુલ ખર્ચ રૂપિયા 558.5 કરોડ છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે તાજેતરમાં જ રીટેન્શનને લઈને નવા નિયમો જાહેર કર્યા છે. આ મુજબ, એક ફ્રેન્ચાઈઝી વધુમાં વધુ 6 ખેલાડીઓને જ રિટેન શકે છે. જો કોઈ ટીમે 6 કરતા ઓછા ખેલાડીઓને રિટેન કર્યા હોય, તો તે કિસ્સામાં ફ્રેન્ચાઈઝીને ઓક્શન દરમિયાન રાઈટ ટુ મેચ (RTM) કાર્ડનો ઉપયોગ કરવાની તક મળશે.



## પૂર્વ ભારતીય દિગ્ગજે 5 દિવસની ટેસ્ટ મેચ પર ઉઠાવ્યા સવાલ

(એજન્સી) મુંબઇ તા.06

ભારતીય ટીમને ઘરઆંગણે ન્યૂઝીલેન્ડ સામે રમાયેલી ટેસ્ટ સીરિઝમાં શરમજનક હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતનું ત્રણ ટેસ્ટ મેચની સીરિઝમાં ક્લીન સ્વીપ થયું હતું. જેને લઈને ભારતીય ક્રિકેટ ટીમની ટીકા થઈ રહી છે. આ દરમિયાન પૂર્વ ભારતીય દિગ્ગજ ક્રિકેટર દિલીપ વેંગસરકરે ટેસ્ટ ક્રિકેટ પર મોટું નિવેદન આપ્યું છે. તેણે ટેસ્ટ ક્રિકેટના ફોર્મેટમાં ફેરફારની માંગ કરી છે. દિલીપ વેંગસરકરનું માનવું છે કે હવે સમય આવી ગયો છે જ્યારે પાંચ દિવસીય ટેસ્ટ મેચ બંધ કરી દેવી જોઈએ. અને ટેસ્ટ મેચ પાંચને બદલે ચાર દિવસ રમવી જોઈએ. મીડિયા સાથે વાત કરતા દિલીપ વેંગસરકરે કહ્યું, 'હવે ટેસ્ટ મેચોને ચાર દિવસની કરી દેવી જોઈએ. મોટાભાગની મેચો હવે માત્ર ચાર દિવસમાં જ ખતમ થઈ જાય છે. ભારત, ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા સિવાય બાકીના ક્રિકેટ બોર્ડની આર્થિક સ્થિતિ સારી નથી. આ સ્થિતિમાં ચાર દિવસની ટેસ્ટ મેચ કરાવવામાં આવે તો તેઓ તેમના ખર્ચમાં બચત કરી શકશે. તેણે આગળ કહ્યું, 'વેસ્ટ ઈન્ડિઝ જેવી ટીમ માટે ટેસ્ટ મેચ માટે બીજા દેશમાં જવું અને પાંચ દિવસ સુધી ત્યાં રમવું એ તેમના માટે આ ઘણું મોંઘું છે. જ્યારે મેચ પણ ત્રણ દિવસમાં પૂરી થઈ રહી છે, તો પાંચ દિવસની ટિકિટ વહેંચવી પણ યોગ્ય નથી.' દિલીપ વેંગસરકરે ભારતમાં ટેસ્ટ મેચના સ્થળને લઈને પણ મોટું નિવેદન આપ્યું છે. તેમનું માનવું છે કે ટેસ્ટ મેચ ભારતના મોટા શહેરોમાં જ રમાવી જોઈએ.

## ક્રિકેટ મેચમાં બોલથી ઘાયલ થયેલા દર્શકોને કોણ આપે છે સારવાર?

(એજન્સી) મુંબઇ તા.06

કોઈ પણ દેશમાં રમાતી મેચ દરમિયાન મેચ જોવા માટે આવેલો દર્શક બોલ વાગવાથી ઈજાગ્રસ્ત થાય તો તેની સારવાર કોણ કરે છે. આજે મેચ વિશે નહીં પરંતુ મેચ દરમિયાન જો કોઈ દર્શક બોલ વાગશે તો તેની સાથે કોણ સારવાર કરશે તે વિશે વિગતે જણાવી દઈએ. ક્રિકેટ મેચ દરમિયાન જ્યારે બેટ્સમેન લાંબી સિક્સર ફટકારે છે ત્યારે ઘણી વખત બોલ દર્શકોની વચ્ચે પડી જાય છે. આવી પરિસ્થિતિમાં એવો સવાલ ઉઠવો સ્વાભાવિક છે કે ક્રિકેટના બોલથી જો કોઈ દર્શક ઘાયલ થાય તો તેની સારવાર કોણ કરાવશે? હકીકતમાં, દરેક મેચ દરમિયાન સ્ટેડિયમમાં તાત્કાલિક તબીબી સહાયની જોગવાઈ છે. આવી પરિસ્થિતિ ઉભી થાય ત્યારે આ તબીબી ટીમ તરત જ એક્શનમાં આવે છે અને જે પણ ઘાયલ થાય છે



તેની સારવાર કરે છે. ક્રિકેટ મેચ દરમિયાન હંમેશા હાજર રહેતી તબીબી ટીમમાં સામાન્ય રીતે પ્રાથમિક સારવાર, એમ્બ્યુલન્સ સેવા અને અન્ય ડોકટરો હોય છે. આ ટીમનું કામ તાત્કાલિક મદદ પૂરી પાડવાનું છે અને ગંભીર કિસ્સાઓમાં દર્દીને જરૂરિયાત મુજબ હોસ્પિટલમાં મોકલવાનું છે. હવે સવાલ એ થાય છે કે હોસ્પિટલનો ખર્ચ કોણ ભરશે? જ્યારે આ ટીમ કોઈને હોસ્પિટલમાં દાખલ કરે છે, ત્યારે તેની સારવાર તરત જ શરૂ કરવામાં આવે છે. જો ભારતમાં કોઈ દર્શક ઘાયલ થાય છે, તો બીસીસીઆઈના તબીબી અધિકારીઓ દર્દીની મદદ કરે છે. પરંતુ અત્યાર સુધી ભારતમાં એવી કોઈ સ્થિતિ નથી કે જેમાં કોઈ દર્શક બોલથી ઘાયલ થયો હોય અને તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હોય. જો કોઈ ભારતીય ખેલાડી મેચ દરમિયાન ગંભીર રીતે ઘાયલ થાય છે તો તેની સારવારનો સંપૂર્ણ ખર્ચ BCCI ઉઠાવે છે. આવા ઘણા કિસ્સાઓ જોવા મળ્યા છે જેમાં ભારતીય ખેલાડી મેચ દરમિયાન ઈજાગ્રસ્ત થયો હતો અને તેને હોસ્પિટલમાં દાખલ કરવો પડ્યો હતો. તેવી જ રીતે, જો કોઈ અન્ય દેશનો ક્રિકેટર ઈજાગ્રસ્ત થાય છે, તો તે દેશનું ક્રિકેટ બોર્ડ તેની સારવારનો ખર્ચ ઉઠાવે છે.

## વાઈડ બોલ પર એમએસ ધોનીનો પત્ની સાક્ષી સાથે ઝઘડો થયો હતો

(એજન્સી) મુંબઇ તા.06

પૂર્વભારતીય કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. વીડિયોમાં ધોની તેની પત્ની સાક્ષી સાથે થયેલા મીઠા ઝગડાને લઈ વાત કરી રહ્યો છે. વીડિયોમાં તે કહે છે કે, એક વખત તે અને સાક્ષી વનડે મેચ જોઈ રહ્યા હતા. જેમાં બેટ્સમેન આઉટ છે કે નોટ આઉટ છે તે મુદ્દે સાક્ષી કહી રહી હતી. આ રસપ્રદ ક્ષણ વિશે ધોની કહે છે કે અમે ટીવી પર ODI મેચ જોઈ રહ્યા હતા. બેટ્સમેન શોટ રમવા માટે આગળ આવે છે, પરંતુ બોલ ચૂકી જાય છે. અમ્પાયરે પહેલા હાથથી વાઈડનો ઈશારો કર્યો અને આઉટનો ઈશારો કર્યો હતો. સાક્ષી ધોનીનું માનવું હતુ કે, બેટ્સમેન આઉટ નથી. જ્યારે ધોનીએ કહ્યું તે આઉટ છે.સમગ્ર મામલાની વાત ત્યાંથી શરૂ થઈ હતી. જ્યારે સાક્ષીનું માનવું હતુ કે બોલ વાઈડ હોવાને કારણે બેટ્સમેન આઉટ નહીં થાય. આના પર ધોનીએ કહ્યું તેમ છતાં પોતાની વાત પર અડગ રહી હતી. જ્યારે બેટ્સમેન પેવેલિયન પરત ફરી ચૂક્યો હતો. ધોની પોતાની વાતથી સાચો હતો. વાઈડ બોલ હોવા છતાં બેટ્સમેન સ્ટમ્પ આઉટ થયો હતો. તો ચાલો જાણીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલના નિયમો શું કહે છે. આઈસીસીના નિયમ અનુસાર બેટ્સમેને વાઈડ વખતે સ્ટંપ આઉટ કરી શકાય છે. જો તે ક્રિઝ બહાર છે અને વિકેટકીપર બોલથી સ્ટંપ ઉડાવી દે છે તો અમ્પાયર બેટ્સમેનને આઉટ આપે છે.

## બ્લેક ઈગલ અને પિચ સ્મેશર્સનો વિજય

(એજન્સી) મુંબઇ તા.06

તમામ છ ટીમોને ટ્રોફી આપવામાં આવશે અને ટ્રોફીના અનાવરણ પ્રસંગે જસ્ટ કાર્સેકાના સીઈઓ તનિષ્ક ગોએન્કા, લાસ્ટ માઈલ એન્ટરપ્રાઈસના સીએમઓ જ્યોતિરાદિત્યસિંહ વાઘેલા અને સીઓઓ જયરાજસિંહ શેખાવત તથા ગુજરાત ક્રિકેટ એસોસિયેશનના સેક્રેટરી અનિલ પટેલે હાજર રહીને ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રથમ દિવસે બે મુકાબલા રમાયા હતા જેમાં બ્લેક ઈગલ અને પિચ સ્મેશર્સે વિજય મેળવીને પોતાના અભિયાનનો શાનદાર પ્રારંભ કર્યો હતો. પ્રથમ મેચમાં બ્લેક ઈગલ ટીમે રેગિંગ બુલ્સને નવ વિકેટે પરાજય આપ્યો હતો. રેગિંગ બુલ્સ આઠ વિકેટે 158 રન બનાવ્યા હતા. જેમાં ભાવિક બદાણીના 46, ધ્રુવ પારેખના 38 તથા અનિલ પટેલના 33 રન મુખ્ય રહ્યા હતા. ધ્રુશાંત સોનીએ



24 રનમાં બે તથા શેહજોર દિવાને 27 રનમાં બે વિકેટ ખેરવી હતી. બ્લેક ઈગલે એક વિકેટે 159 રન બનાવ્યા હતા. મેન ઓફ ધ મેચ બનેલા સ્મિથ પટેલે 34 બોલમાં નવ સિક્સર અને છ બાઉન્ડ્રી વડે 89 તથા સૌરવ ચૌહાણે 55 રન બનાવ્યા હતા. બીજી મેચમાં પિચ સ્મેશર્સે આઠ વિકેટે 149 રન બનાવ્યા હતા. સનપ્રીત બગ્ગાના 54 તથા નમન શાહના 36 રન મુખ્ય રહ્યા હતા. સ્પાર્ટન વોરિયર્સે 91 રન બનાવ્યા હતા. નમન શાહે 13 રનમાં ત્રણ, વસીમ બશીરે 17 રનમાં બે, ઈરફાન ઉલ હકે 15 રનમાં ત્રણ તથા મયૂર પટેલે 13 રનમાં બે વિકેટ ખેરવી હતી.

## IND vs AUS: સિરીઝ પહેલા સ્ટાર ખેલાડી થયો ઈજાગ્રસ્ત, ભારતનું ટેન્શન વધ્યું

(એજન્સી) મુંબઇ તા.06

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે 5 મેચની ટેસ્ટ સિરીઝ રમાશે. બોર્ડે ટીમ ઈન્ડિયાની ટીમની પણ જાહેરાત કરી છે, જેમાં યુવા ખેલાડીઓ ઉપરાંત સિનિયર ખેલાડીઓને સામેલ કરવામાં આવ્યા છે. જોકે, ફાસ્ટ બોલર મોહમ્મદ શમીને બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં સ્થાન આપવામાં આવ્યું ન હતું. એવી ધારણા હતી કે શમી ફિટ થઈ જશે અને બોર્ડર ગાવસ્કર ટ્રોફીની મધ્યમાં ભારતીય ટીમમાં પાછો ફરશે. પરંતુ હવે એવું થવું મુશ્કેલ લાગે છે, કારણ કે શમીની તાજેતરની ઈજાએ ભારતીય ટીમનું ટેન્શન વધારી દીધું છે.

અહેવાલો અનુસાર, શમીની તાજેતરની ઈજાએ તેના ટેન્શનમાં વધારો કર્યો છે. હવે ફાસ્ટ બોલર સાઈડ સ્ટ્રેન ઈન્જરીથી પીડિત છે. સ્વાભાવિક છે કે શમીને સંપૂર્ણ રીતે ફિટ થવામાં સમય લાગશે. આવી સ્થિતિમાં



શમી બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં યોજાનારી 5 મેચમાંથી લગભગ બહાર છે. શમીની હાજરીમાં ટીમ ઈન્ડિયાનું ફાસ્ટ બોલિંગ ડિપાર્ટમેન્ટ મજબૂત રહ્યું હોત. તે જ સમયે, બંગાળ ક્રિકેટ એસોસિએશને રણજીની આગામી 2 મેચો માટે શમીને સ્થાન આપ્યું નથી.

શમી છેલ્લી વખત ભારત તરફથી વર્લ્ડ કપ 2023માં રમ્યો હતો. પરંતુ આ પછી તે ક્રિકેટ એક્શનથી દૂર છે. તેણે વર્લ્ડ કપમાં સૌથી વધુ વિકેટ પણ લીધી હતી. આ પછી, શમીએ વર્ષ 2024 માં લંડનમાં સર્જરી કરાવી હતી, ત્યારબાદ તે સતત નેશનલ ક્રિકેટ એકેડમીમાં રિહેબિંગ કરી રહ્યો છે.

### બેંગલુરૂમાં કોચિંગ સ્ટાફ સાથે જોવા મળ્યો

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રણ ટેસ્ટ મેચની સિરીઝની પ્રથમ મેચ બેંગલુરુમાં રમાઈ હતી. આ મેચ બાદ શમી ભારતીય કોચિંગ સ્ટાફ સાથે જોવા મળ્યો હતો. શમી પણ લાંબા સમય સુધી અભિષેક નાયરને બોલિંગ કરતો હતો. શમી ઓછા રન અપ સાથે બોલિંગ કરતો જોવા મળ્યો હતો. હાલમાં જ એક પ્રમોશનલ ઈવેન્ટનો હિસ્સો બનેલા શમીએ કહ્યું કે હું અડધા રન અપ સાથે બોલિંગ કરતો હતો. કારણ કે હું શરીર પર વધારે દબાણ નથી કરી શકતો. ઓસ્ટ્રેલિયા સિરીઝ વિશે વાત કરતા શમીએ કહ્યું કે બોર્ડર ગાવસ્કર સિરીઝ હજુ દૂર છે.



## Tennis: WTA ફાઇનલ્સમાં જાસ્મિન પાઉલિનીને હરાવી સબાલેન્કો સેમિફાઇનલમાં પહોંચી

બેલારુસની સ્ટાર ખેલાડી આર્યના સબાલેન્કો અને ઈટાલિયન ખેલાડી જાસ્મિન પાઉલિનીએ શાનદાર પ્રદર્શન કરીને રિયાદમાં રમાતી ડબ્લ્યૂટીએ ફાઈનલ્સ ટેનિસ ટૂર્નામેન્ટના ગ્રૂપ સ્ટેજમાં વિજયી પ્રારંભ કર્યો હતો. રાઉન્ડ રોબિન મેચમાં ટોચની ક્રમાંકિત સબાલેન્કોએ ચીનની સાતમી ક્રમાંકિત ઝેંગ ક્વિનવેનને 6-3, 6-4થી હરાવીને ચાઈનીઝ ખેલાડી સામે અજેય રહેવાનો રેકોર્ડ અકબંધ રાખ્યો હતો. બંને વચ્ચે ચાર મુકાબલા રમાયા છે અને તમામ સબાલેન્કોએ જીત્યા છે. અન્ય એક મેચમાં ચોથી ક્રમાંકિત પાઉલિનીએ કઝાકિસ્તાનની ઈલિના રિબાકિનાને 7-6, 6-4થી હરાવી હતી. ત્યારબાદ વિશ્વની પ્રથમ ક્રમાંકિત સબાલેન્કોએ પાઓલિનીને ગ્રૂપની અંતિમ મેચમાં 6-3, 7-5થી હરાવીને પર્પલ રાઉન્ડ રોબિન ગ્રૂપમાં ટોચના સ્થાન સાથે સેમિફાઈનલ માટે ક્વોલિફાય કર્યું હતું. ત્યારબાદ ચીનની ઝેંગે ગ્રૂપની લીગ મેચમાં ઈલેના રિબાકિનાને 7-6 (7-4), 3-6, 6-1થી હરાવીને અંતિમ-4 માટેનો દાવો જીવંત રાખ્યો હતો.

## Football: ડિફેન્ડિંગ ચેમ્પિયન માન્ચેસ્ટર સિટીને 2-1થી હરાવી

(એજન્સી) મુંબઇ તા.06

બોર્નમાઉથ ઈંગ્લિશ પ્રીમિયર લીગ ફૂટબોલના મુકાબલામાં મેજર અપસેટ સર્જીને ડિફેન્ડિંગ ચેમ્પિયન માન્ચેસ્ટર સિટીને 2-1થી પરાજય આપ્યો હતો. બોર્નમાઉથે કોઈ પણ ટૂર્નામેન્ટમાં સિટી સામે પ્રથમ વિજય હાંસલ કર્યો છે. આ પહેલાં બોર્નમાઉથે સિટી સામે 21 મેચ રમી હતી અને આ દરમિયાન 19 મુકાબલા હાર્યા હતા અને માત્ર બે મેચ ડ્રો કરવામાં સફળતા મેળવી હતી. બીજી તરફ સિટીના અજેય રહેવાની પરંપરા તૂટી ગઈ હતી. તેને ટૂર્નામેન્ટમાં 32 મેચ બાદ પ્રથમ પરાજય મળ્યો છે. બોર્નમાઉથ માટે એન્ટોની સેમેન્યોએ નવમી મિનિટે ગોલ કર્યો હતો. ઈવાનિલ્સે 64મી મિનિટે ગોલ કરીને ટીમને 2-0થી આગળ કરી દીધી હતી. 82મી મિનિટે જોસ્કો ગ્વાર્ડિલે સિટી માટે ગોલ કરીને પરાજયનું અંતર ઓછું કર્યું હતું. લીગમાં માન્ચેસ્ટર યુનાઈટેડ અને ચેલ્સીની મેચ 1-1થી ડ્રો રહી હતી. ફુલહામ એફસીએ બ્રેન્ટફોર્ડને 2-1થી પરાજય આપ્યો



હતો. ટોટનહામે એસ્ટન વિલાને 4-1થી હરાવ્યું હતું. વુલ્વસ અને ક્રિસ્ટલ પેલેસની મેચ 2-2થી ડ્રો રહી હતી. લિવરપૂલે બ્રાઈટનને 2-1થી તથા ન્યૂ કાસલે આર્સનલને 1-0થી હરાવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### 6 મહિના પછી અંતરિક્ષથી 3 ચીની અવકાશયાત્રીઓ ધરતી પર પરત ફર્યા

(એજન્સી) બેઇઝિંગ | તા.06

ચીની સ્પેસ સ્ટેશન ટિઆંગોંગ પર છ મહિના ગાળ્યા પછી, ત્રણ ચીની અવકાશયાત્રીઓ સોમવારે વહેલી સવારે પૃથ્વી પર સુરક્ષિત રીતે પાછા ફર્યા હતા. યે ગુઆંગફુ લી કાંગ અને લી ગુઆંગસુને લઈ જતું અવકાશયાન Shenzhou-18 સ્થાનિક સમય મુજબ 124 કલાકે આંતરિક મંગોલિયા સ્વાયત્ત ક્ષેત્રમાં ડોંગફેંગ લેન્ડિંગ સાઇટ પર ઉતર્યું હતું. અવકાશયાત્રી લી ગુઆંગસુએ કહ્યું કે તેણે સ્પેસ સ્ટેશન પર ચેરી ટમેટાં અને લેટીસ ઉગાડ્યા.
તેમણે કહ્યું કે અવકાશમાં તાજા શાકભાજી ખાવા માટે સક્ષમ થવું એ ખરેખર આશીર્વાદ છે. આ છોડો પણ ત્યાં હરિયાળીનો અહેસાસ કરાવે છે અને કામની વ્યસ્તતા દરમિયાન ઉત્સાહ જળવાઈ રહે છે. Shenzhou-18 મિશન કમાન્ડર ગુઆંગફુ એક વર્ષ કરતાં વધુ અવકાશ ઉડાન સમય સાથે પ્રથમ ચીની અવકાશયાત્રી બની ગયા છે. એક ચીની અવકાશયાત્રી તરીકે ભ્રમણકક્ષામાં સૌથી વધુ સમય રહેવાનો રેકોર્ડ તેમના નામે છે. જાપાને સોમવારે એક રક્ષા ઉપગ્રહ લોન્ચ કર્યો અને તેને સફળતાપૂર્વક ભ્રમણકક્ષામાં મૂક્યો. પ્રદેશમાં વધી રહેલા તણાવ વચ્ચે દેશ સૈન્ય ક્ષમતા વધારવા માંગે છે. તૈનાત કિરામેકી નંબર 3 ઉપગ્રહ માહિતી અને ડેટા શેરિંગ તેમજ લશ્કરી કામગીરી અને આદેશ માટે એક્સ-બેન્ડ સંચારનો ઉપયોગ કરે છે. એક્સ બેન્ડ સેટેલાઇટ હવામાન પરિસ્થિતિઓથી ઓછી અસરગ્રસ્ત છે.
ચીને 25 એપ્રિલે તેના ત્રણ અવકાશયાત્રીઓને સ્પેસ સ્ટેશન પર મોકલ્યા હતા. શેનઝોઉ-18 એ ચીનના માનવસહિત અવકાશ કાર્યક્રમનું 32મું ફ્લાઇટ મિશન છે. ચીનના અવકાશયાત્રીઓએ તેમના મિશન દરમિયાન બે અવકાશયાત્રાઓ કરી હતી. પ્રથમ સ્પેસ વોક 28 મેના રોજ થયું હતું.

### સાઉદી અરેબીયામાં ઈતિહાસમાં પ્રથમવાર હિમવર્ષા : લોકો અચંબિત



(એજન્સી) સાઉદી અરેબીયા | તા.06

રણપ્રદેશ સાઉદી અરેબીયામાં ભારે વરસાદ પણ તવાઈ ગણાય છે. ભારે હિમવર્ષાની કલ્પના પણ મુશ્કેલ છે ત્યારે દેશમાં ઈતિહાસમાં પ્રથમ વખત ભારે હિમવર્ષા થઈ હતી. અલ-જૌફ પ્રદેશની હિમવર્ષાથી લોકો અચંબિત થયા હતા.
જ્યારે અલ-જૌફ વિસ્તારના લોકો સવારે જાગ્યા તો તેમણે સફેદ બરફનો આશ્ચર્યજનક નજારો જોયો. સાઉદી પ્રેસ એજન્સીએ પ્રકાશિત કર્યું કે અહીં માત્ર હિમવર્ષા જ નથી થઈ, પરંતુ ધોધ પણ બન્યા છે, જે ખીણોને પુનર્જીવિત કરે છે અને વિસ્તારને જીવનથી ભરી દે છે.
આ શિયાળા જેવું દૃશ્ય પરિવર્તન દર્શાવે છે, કારણ કે દેશ શિયાળામાં પ્રવેશે છે, જે સુંદર વસંત ઋતુને માર્ગ આપે છે જેના માટે અલ-જોફ પ્રખ્યાત છે. જોકે, સાઉદીના હવામાન વિભાગે આગામી દિવસોમાં ખરાબ હવામાન ચાલુ રહેવાની ચેતવણી જારી કરી છે. અલ-જૌફના લોકો પણ મોટાભાગના ભાગોમાં તોફાનની અપેક્ષા રાખી શકે છે.
વધુ ભારે વરસાદ અને કરા પડવાને કારણે વિઝિબિલિટી ઘટી શકે છે. આ વાવાઝોડા સાથે જોરદાર પવનની પણ શક્યતા છે, જેના કારણે અધિકારીઓને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.
ઉલ્લેખનીય છે કે, સાઉદી અરેબિયા એકમાત્ર એવો દેશ નથી કે જ્યાં અસામાન્ય હવામાનનો અનુભવ થાય. અગાઉ યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) પણ આવા જ હવામાન ફેરફારોમાંથી પસાર થઈ ચૂક્યું છે.

### બાંગ્લાદેશ સરકાર વીજ બિલના 7200 કરોડ ન ચૂકવે તો જાણો અદાણી શું કરશે



(એજન્સી) બાંગ્લાદેશ તા.06

બાંગ્લાદેશની અર્થવ્યવસ્થા કથળેલી છે એવા સમયે મોટી મુશ્કેલી ઉભી થઇ શકે તેવા સમાચાર સામે આવ્યા છે. બાંગ્લાદેશનું વીજ બિલ વધી રહ્યું છે અને હવે અદાણી પાવરને ચૂકવવાની રકમ 7200 કરોડ પર પહોંચી ગઇ છે. અદાણી પાવરે બાંગ્લાદેશ સરકારને 7 નવેમ્બર સુધીમાં વીજ બિલ ભરી દેવાનું અલ્ટીમેટમ આપ્યું છે, જો બાંગ્લાદેશ સરકાર બિલ ચૂકવવામાં નિષ્ફળ રહેશે તો અદાણી પાવર બાંગ્લાદેશનો વીજ પુરવઠો બંધ કરી શકે છે. જો આવું થાય તો બાંગ્લાદેશને મોટો ફટકો પડે, કારણકે ત્યાંની સૌથી મોટી ગારમેન્ટ અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી બંધ થઇ જાય. બાંગ્લાદેશની મોહમંદ યુનુસ સરકાર એટલા માટે બિલ નથી ભરી રહી કે તેમનું કહેવું છે કે અદાણી સાથેની ડીલનું રીવ્યુ કરવામાં આવે, કરાણકે અદાણી પાવર મોંઘી વીજળી આપે છે.

## વિદ્યાર્થીઓ માટે 'પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ'ના નિયમો 1 નવેમ્બરથી લાગુ; જાણી લો PGWPની નવી શરતો

# કેનેડામાં નોકરી કરવાના નિયમો બદલાયા...

ઓટાવા : કેનેડામાં અભ્યાસ કરવા જતા વિદ્યાર્થીઓ માટે હવે નવી 'પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ' (PGWP) નિયમ લાગુ થઈ ગયા છે. નવા નિયમ 1 નવેમ્બરથી જ લાગુ થયા છે, જે હેઠળ (PGWP) પ્રોગ્રામમાં થોડો ફેરફાર જોવા મળવાનો છે. કેનેડામાં અભ્યાસ પછી વિદેશી વિદ્યાર્થીઓને કામ કરવા માટે વર્ક પરમિટ મળે છે, જેને (PGWP) હેઠળ જોવામાં આવે છે. ઈમિગ્રેશન, રેફ્યુજીઝ એન્ડ સિટિઝનશિપ કેનેડા(IRCC) હેઠળ કરવામાં આવતા ફેરફારમાં PGWPને લઈને શરતો બદલવામાં આવી છે.. PGWP જાહેર કરતાં પહેલાં હવે સૌથી વધારે ભાષા પર ભાર મૂકવામાં આવશે, સાથે જ જોવામાં આવશે કે વિદ્યાર્થીઓએ કયા વિષયનો અભ્યાસ કર્યો છે. આ ફેરફાર એટલા માટે કરવામાં આવ્યો છે, જેથી કેનેડાની પોસ્ટ-સ્ટડી વર્ક વિઝા સિસ્ટમ ત્યાંના લેબર માર્કેટની જરૂરિયાત પ્રમાણે હોય. જોકે PGWP પ્રાપ્ત કરવા માટે થોડી જૂના એલિજિબિલિટી ક્રાઈટેરિયામાં ફેરફાર કરવામાં આવ્યો નથી. ચાલો... વિસ્તારથી સમજીએ કે PGWPને લઈને શું ફેરફાર કરવામાં આવ્યા છે અને કઈ બાબતો પહેલાંની જેમ જ રહેવાની છે.



**ભાષાને લઈને શું ફેરફારો થયા :** PGWP માટે અરજી કરતા સમયે અરજી કરનારે ભાષા પર પોતાની મજબૂત પકડને સાબિત કરવી પડશે. કેનેડા સરકાર ઈચ્છે છે કે વિદેશી વિદ્યાર્થીઓ પાસે નોકરી માટે જરૂરી કોમ્યુનિકેશન સ્કિલ હોય. ભાષામાં પકડ સાબિત કરવા માટે સર્ટિફિકેટ બે વર્ષથી વધારે જૂનું હોવું જોઈએ નહીં. અંગ્રેજી ભાષામાં દક્ષતાને CELPIP, IELTS અથવા PTE સ્કોર દ્વારા સાબિત કરી શકાય છે. ફ્રેન્ચ માટે IRCC TEF Canada, TCF Canada અને NCLC સ્કોર હોવો જરૂરી છે.

### કોર્સ સાથે જોડાયેલી શરતો શું છે?

પહેલાં મોટા ભાગના કોર્સીસનો અભ્યાસ કરવા પર PGWP મળી જતું હતું, પરંતુ હવે વર્કર્સની ખોટને જોતાં થોડાં ખાસ ફિલ્ડ સાથે જોડાયેલા અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે PGWP પ્રાપ્ત કરવું સરળ રહેશે. એગ્રિકલ્ચર એન્ડ એગ્રી ફૂડ્સ, હેલ્થકેર સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, મેથ્સ, ટ્રેડ અને ટ્રાન્સપોર્ટ જેવાં ફિલ્ડ્સનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે PGWP મેળવવું સરળ રહેશે. કેનેડા સરકારે આવું એટલા માટે કર્યું, જેથી આ સેક્ટરમાં ચાલી રહેલી વર્કર્સની ખોટને દૂર કરી શકાય.

### એપ્લિકેશન પ્રોસેસ અને પ્રોસેસિંગ શરતોમાં શું ફેરફાર થયો છે?

IRCC તરફથી એપ્લિકેશન જમા કરવાની પ્રક્રિયામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. નવા નિયમ હેઠળ PGWP એપ્લિકેશન ઓનલાઇન જમા કરાવવી પડશે. હવે પોર્ટ ઓફ એન્ટ્રી પર અરજી ફોર્મ જમા કરાવવાનું રહેશે નહીં. જે-તે ક્ષેત્રમાં કામ કરવા માટે મેડિકલ પરીક્ષા ફરજિયાત રહેશે. તેમણે PGWP અરજી કર્યાના 90 દિવસ પહેલાં અપફ્રન્ટ મેડિકલ પરીક્ષા પસંદ કરવાનો વિકલ્પ મળશે.

### વિદ્યાર્થી સ્ટેટસને લઇને ગાઇડલાઇન્સ શું છે?

જો કોઈ વિદ્યાર્થીની સ્ટડી પરમિટ PGWP હેઠળ અભ્યાસ કર્યા બાદ વિદ્યાર્થીઓએ વર્ક પરમિટ માટે અલગથી અરજી કરવાની રહેશે. એના માટે પણ બે વર્ષ સુધીનો ઈંગ્લિશ લેંગ્વેજ પ્રોફિશિયન્સી સર્ટિફિકેટ રજૂ કરવું પડશે. જો વર્ક પરમિટ પહેલાં સ્ટુડન્ટ વિઝા એક્સપાયર થઈ જાય તો વિદ્યાર્થીને અરજી કરવા 90 દિવસનો સમય મળશે. જોકે એને માટે PGWP અરજી અને ફી બંને જમા કરાવવી પડશે.

### PGWPને લઈને શું ફેરફાર થયા નથી?

ભલે PGWPને લઈને અનેક બાબતો બદલાઈ ગઈ હોય, પરંતુ થોડી મહત્ત્વપૂર્ણ શરતોમાં કોઈ ફેરફાર થયો નથી. જનરલ એલિજિબિલિટી અને ફિઝિકલ લોકેશન ક્રાઈટેરિયા હજુ પણ છે. વિદ્યાર્થીને PGWP પ્રાપ્ત કરવા માટે કોઈ ડેઝિગ્નેટેડ લર્નિંગ ઈન્સ્ટિટ્યૂશનમાં અભ્યાસ કરવો પડશે.
આ નિયમ બધા વિદ્યાર્થીઓ પર લાગુ થાય છે. એવામાં જો તમે પણ કેનેડામાં અભ્યાસ કરવાના છો, તો તમારે પણ આ નિયમો વિશે જાણી લેવું જોઈએ.

## કેનેડામાં મંદિર પર ખાલિસ્તાનીઓનો હુમલો, ભક્તો ઉપર લાકડીથી હુમલો કરવામાં આવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા. 06

કેનેડાના બ્રેમ્પટનમાં હિંદુ મંદિર પાસે કોન્સ્યૂલર કેમ્પ ચાલી રહ્યો હતો ત્યારે જ અચાનક ધસી આવેલા ખાલિસ્તાની સમર્થકોએ દર્શનાર્થીઓ સહિત અન્ય ભારતીયો પર લાકડીથી હુમલો કર્યો હતો. મહિલા અને બાળકો પર પણ તેમણે હુમલો કર્યો હતો. કેટલાક લોકોએ ૧૯૮૪ના શિખ વિરોધી રમખાણોની યાદમાં પ્રદર્શન યોજ્યું હતું જેના પછી આ હુમલો કરાયો હતો. ભારતે મંદિર પરના હુમલાની ટીકા કરતા કેનેડા પર ખાલિસ્તાનીઓની આળપંપાળ કરવાનો આરોપ લગાવ્યો હતો. વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો સહિતના કેનેડાના નેતાઓએ આ બનાવને વખોડી કાઢ્યો હતો.
વીડિયોમાં દેખાય છે તેમ એક ટોળું ખાલિસ્તાની ઝંડા અને લાકડીઓ લઈને ધસી આવ્યું હતું અને દર્શનાર્થીઓ સહિત અન્ય લોકોને આડેધડ ફટકારવા માંડયા હતા. નજરે જોનારા લોકોના જણાવ્યા અનુસાર હુમલાખોરોએ મહિલાઓ તથા બાળકોને પણ નિશાન બનાવ્યા હતા. કેટલાય લોકો બચવા માટે મંદિરની અંદર ધસી ગયા હતા. જોકે, કેટલાકે આ આક્રમણખોરોનો સામનો કર્યો હતો.
ટ્રુડોએ હિંસાને વખોડી હતી અને કેનેડામાં તમામ લોકોને પોતાના ધાર્મિક રિવાજોનું પાલન કરવાનો



અધિકાર હોવાની બાબતનો પુનરોચ્ચાર કર્યો હતો. તેમણે પોલીસેની ઝડપી કાર્યવાહીની પણ પ્રશંસા કરી હતી જેમણે વિના વિલંબે ઘટના સ્થળ પર ધસી જઈને સ્થિતિ સંભાળી લીધી હતી. આ ઘટનાથી સામુદાયિક તણાવ વધુ તીવ્ર બન્યા હતા અને ક્ષેત્રીય પોલીસ ચીફ નિશાન દુરાઈપ્પાહએ વિરોધ પ્રદર્શન શાંતિપૂર્વક કરવાની જરૂર પર ભાર મુકીને ગેરકાનૂની કૃત્યો કરનારા સામે ચેતવણી ઉચ્ચારી હતી.
વિપક્ષી નેતા પીઅર પોઈલીવ્રએ પણ હુમલાની ટીકા કરીને કેનેડામાં તમામ ધર્મના લોકો માટે એકતા અને સુરક્ષાનું વચન આપ્યું હતું. કેનેડાના પરિવહન મંત્રી અનિતા આનંદે ચિંતા વ્યક્ત કરતા તમામ ધાર્મિક સમુદાયોને સુરક્ષિત પૂજા સ્થળની સગવડ પર ભાર મુક્યો હતો.
ભારતીય મૂળના સાંસદ ચંદ્ર આર્યએ સખત અભિગમ અપનાવ્યો હતો અને કેનેડામાં ખાલિસ્તાની સમર્થકોએ મર્યાદા ઓળંગી હોવાનું જણાવ્યું હતું જેનાથી કેનેડામાં શાંતિ અને સલામતી જોખમમાં મુકાઈ છે. વધુમાં બ્રેમ્પટનના મેયર પેટ્રિક બ્રાઉને પણ હતાશા વ્યક્ત કરીને દોહરાવ્યું કે કેનેડામાં તમામ નાગરિકોને તેમના પૂજા સ્થળમાં સ્વતંત્રતા અને સલામતી પૂરી પાડવા કેનેડા પ્રતિબદ્ધ છે.
આ ઘટનાથી ભારત અને કેનેડાના સંબંધ વચ્ચેની કડવાશ વધુ વકરી છે અને ભારતે કેનેડા પર ખાલિસ્તાની આતંકવાદને પંપાળવાનો આરોપ લગાવ્યો છે. ટ્રુડોના સહયોગી અને શિખ સાંસદ જગમીત સિંઘે હુમલાની ટીકા કરીને શાંતિ જાળવવાની હાકલ કરી હતી.

## સિંગાપોર નવી હાયરિંગ પોલિસી સાથે ભારતીય રેસ્ટોરન્ટ્સ માટે સ્ટાફિંગની સમસ્યા હળવી કરે છે

(એજન્સી) સિંગાપોર | તા.06

સિંગાપોર માં ભારતીય રેસ્ટોરાંમાં ભારત, બાંગ્લાદેશ અને શ્રીલંકાના રસોઈયાઓને વર્ક પરમિટ પર રાખવાની મંજૂરી આપવાનો સરકારનો નિર્ણય વખાણવાલાયક છે. સિંગાપોરમાં રેસ્ટોરાં ધરાવતા એનઆરઆઈ સરકારના આ નિર્ણયથી ખુશ થયા છે. એશિયા ન્યૂઝના અહેવાલ મુજબ દિવાળી જેવા તહેવારોમાં કુશળ રસોઈયા શોધવા એક પડકારજનક ટાસ્ક હતો જેને લઈ લઈ સરકારે આ નવી પોલિસી બનાવી છે..
મેનપાવર મંત્રાલય (MOM) એ આ ફેરફારની સુવિધા આપી છે, 400 ભારતીય ભોજન રેસ્ટોરાંને ગયા વર્ષે સપ્ટેમ્બરમાં અરજીઓ શરૂ થયા પછીના પ્રથમ ત્રણ મહિનામાં વર્ક પરમિટનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. ઈન્ડિયન રેસ્ટોરન્ટ્સ એસોસિએશનના પ્રમુખ ગુરચરણ સિંઘે કેટરિંગ ઓર્ડર્સ અને ખાસ મેનુ વસ્તુઓને કારણે તહેવારોની સિઝન દરમિયાન સ્ટાફની વધતી માંગ પર પ્રકાશ પાડ્યો હતો.
આ વર્ક પરમિટ માટેની અરજીઓનું મૂલ્યાંકન ઉદ્યોગના હિતધારકો દ્વારા કરવામાં આવે છે, જેમાં જાણીતા શેફ અને ભારતીય હેરિટેજ સેન્ટર જેવી સરકારી એજન્સીઓનો સમાવેશ થાય છે. રંગૂન રોડ પર સ્થિત રિવરવોક તંદૂર એવા વ્યવસાયોમાં સામેલ છે જેને આ પહેલથી ફાયદો થયો છે. મેનેજિંગ ડાયરેક્ટર શરોનજીત કૌરે આ પગલાને ફૂડ ઈન્ડસ્ટ્રીના લોકો માટે 'સ્વપ્ન સાકાર' સમાન ગણાવી.
કૌરે નોંધ્યું હતું કે જ્યારે ઘણા લોકો રસોઇયા હોવાનો દાવો કરે છે, ત્યારે ભારતીય ભોજનમાં વિશેષતા માટે ચોક્કસ કૌશલ્યની જરૂર હોય છે. રેસ્ટોરન્ટે પાછલા વર્ષમાં સફળતાપૂર્વક ત્રણ વધારાના રસોઈયાની નિમણૂક કરી હતી, જેનાથી તેઓ દીપાવલી સુધી દરરોજ 40 થી વધુ કેટરિંગ ઓર્ડર સંભાળી શક્યા હતા.

## હિજાબના વિરોધમાં દેખાવો કરનારી વિદ્યાર્થીની ગુમ! ઈરાનમાં ચર્ચાનો વિષય બની




(એજન્સી) રશિયા | તા.30

ઈરાનમાં મહિલાઓ પર બળજબરીથી થોપવામાં આવેલા હિજાબનો ભારે વિરોધ જોવા મળી રહ્યો છે. જોકે આ વિરોધમાં હાલ એક તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઇ રહી છે. અહીંની ઈસ્લામિક આઝાદ યુનિવર્સિટીના કેમ્પસમાં હિજાબના વિરોધમાં એક યુવતીએ આંતરવસ્ત્રો પહેરીને વિરોધ નોંધાવતા સમગ્ર દેશમાં ખળભળાટ મચ્યો હતો. દરમિયાન આ યુવતી હાલ ગાયબ હોવાના અહેવાલો છે.
યુવતીની તસવીર અને વીડિયો વાયરલ થયા બાદ ઈરાની મહિલાઓમાં પણ હિમ્મત વધી છે. ઈરાની પત્રકાર મસીહ અલીનેઝાદે ટ્વીટર પર એક પોસ્ટ કરી હતી જેમાં તેણે લખ્યું હતું કે પોલીસે યૂનિવર્સિટીમાં વિદ્યાર્થિનીને હિજાબ મુદ્દે ખૂબ પરેશાન કરી હતી, જોકે યુવતીએ ઝૂકવાની ના પાડી દીધી હતી અને પોતાના શરીરને જ વિરોધ માટેનું હથિયાર બનાવ્યું હતું. તેણે પોતાના કપડા ઉતારી નાખ્યા અને કેમ્પસમાં માર્ચ કરી હતી, આ યુવતીએ એક એવી જડ વ્યવસ્થાને પડકાર ફેંક્યો જે મહિલાઓના શરીરને નિયંત્રિત કરી રહી છે. યુવતીનું આ પગલુ ઈરાનની મહિલાઓની આઝાદી માટે એક શક્તિશાળી યાદ સાબિત થશે.
બીજી તરફ સોશિયલ મીડિયા પર યુવતીએ માત્ર આંતર વસ્ત્રોમાં માર્ચ કાઢી તેનો વીડિયો વાયરલ થયા બાદ હાલ આ યુવતી ક્યાં છે તેને લઇને કોઇ જ માહિતી સામે નથી આવી, એવા અહેવાલો છે કે આ યુવતીને ઈરાનની પોલીસ પકડીને લઇ ગઇ હોઇ શકે છે જોકે તેને ક્યાં રાખવામાં આવી છે તે અંગે પણ કોઇ જ માહિતી જાહેર કરાઇ નથી. ઈરાનમાં મહિલાઓ માટે કટ્ટર નિયમો લાગુ કરાયા છે, જાહેરમાં મહિલા હિજાબ ના પહેરે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવે છે, માત્ર મહિલાઓ પર નજર રાખવા માટે જ વિશેષ પોલીસ તૈનાત કરાઇ છે. અગાઉ હિજાબનો વિરોધ કરી રહેલી એક મહિલા એક્ટિવિસ્ટનું પોલીસ કસ્ટડીમાં મોત નિપજ્યા બાદ સમગ્ર ઈરાનમાં મહિલાઓ રસ્તા પર ઉતરી હતી. જે બાદ ફાટી નિકળેલી હિંસામાં અનેક લોકો માર્યા ગયા હતા. આ દરમિયાન મહિલાઓએ પોતાના વાળ પણ કાપીને વિરોધ કર્યો હતો હવે આ યુવતીએ પોતાના કપડા ઉતારીને કટ્ટર શાસકોને ખુલ્લો પડકાર ફેંક્યો છે.

## નેતન્યાહુએ રક્ષા મંત્રી યોવ ગેલેંટને હટાવ્યા

### નેતન્યાહુના આરોપ- દેશના દુશ્મનોનો ફાયદો પહોંચાડ્યો, ગેલેંટે કહ્યું- ઈઝરાયલની સુરક્ષા હંમેશા મારા જીવનનું લક્ષ્ય...





(એજન્સી) જેરુસલેમ | તા.06

ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ મંગળવારે રક્ષામંત્રી યોવ ગેલેંટને બરતરફ કર્યા હતા. નેતન્યાહુએ કહ્યું કે તેમની વચ્ચે વિશ્વાસનો અભાવ છે, જે યુદ્ધના સમયે સારું નથી. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના જણાવ્યા અનુસાર વિદેશ મંત્રી કાત્ઝ રક્ષા મંત્રીનું પદ સંભાળશે.
તેમજ, ગિદિયન સાર હવે ઈઝરાયલના વિદેશમંત્રી હશે. મંગળવારે રાત્રે 8 વાગ્યે નેતન્યાહુની ઓફિસમાંથી ગેલેંટને એક પત્ર સોંપવામાં આવ્યો હતો. જેમાં નેતન્યાહુએ લખ્યું હતું કે પત્ર મળ્યાના 48 કલાક બાદ તેમનો કાર્યકાળ પુર્ણ થઈ જશે. રક્ષામંત્રી તરીકેની સેવા બદલ હું તમારો આભાર માનું છું.
નેતન્યાહુએ કહ્યું- ગેલેંટે કેબિનેટ વિરુદ્ધ જઈને નિર્ણયો લીધા આ પછી નેતન્યાહૂએ એક વીડિયો સંદેશ દ્વારા યોવ ગેલેંટને પદ પરથી હટાવવાની જાણકારી આપી હતી. નેતન્યાહુએ કહ્યું, 'યુદ્ધની શરૂઆતમાં અમારી વચ્ચે વિશ્વાસ હતો, અમે સાથે મળીને ઘણું કામ કર્યું હતું, પરંતુ છેલ્લા કેટલાક મહિનામાં અમારી વચ્ચેનો વિશ્વાસ રહ્યો નહોતો. અમે યુદ્ધના ઘણા પાસાઓ પર એકબીજા સાથે સહમત નહોતા. ગેલેંટે ઘણી વખત એવા નિર્ણયો અને નિવેદનો આપી ચૂક્યા છે જેમાં કેબિનેટની સંમતિ ન હતી. આ દરમિયાન ઈઝરાયલના PMએ ગેલેંટ પર દેશના દુશ્મનોનો ફાયદો પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. નેતન્યાહુએ કહ્યું, 'મેં અમારી વચ્ચેનું અંતર ઘટાડવા માટે ઘણી વખત પ્રયાસ કર્યો, પરંતુ તે થઈ શક્યું નહીં. ધીમે ધીમે તે જનતાને રણ દેખાવા લાગ્યું. સૌથી ખરાબ ત્યારે થયું જ્યારે અમારા દુશ્મનોએ તેનો ફાયદો ઉઠાવવાનું શરૂ કર્યું.' વિશ્વાસ ન હોવાને કારણે મિલિટરી ઓપરેશનને પણ નુકશાન થઈ રહ્યું છે.'
નેતન્યાહુએ અગાઉ પણ ગેલેંટને હટાવ્યા હતા નેતન્યાહુએ કહ્યું કે સરકાર અને કેબિનેટના મોટાભાગના લોકો ગેલેંટને હટાવવાના પક્ષમાં હતા. આ સાથે, છેલ્લા બે વર્ષમાં આ બીજી વખત છે જ્યારે નેતન્યાહુએ ગેલન્ટને બરતરફ કર્યા છે. છેલ્લી વખત, નેતન્યાહુએ દેશની જ્યુડિશિયલ સિસ્ટમમાં ફેરફારની માંગ કરવા બદલ ગેલેંટને હટાવી દીધા હતા. જો કે, તેઓ એક મહિનાની અંદર તેમને પદ પરત સોંપ્યુ હતું.
ગેલેંટે કહ્યું- દેશની રક્ષા એ મારા જીવનનું લક્ષ્ય છે રક્ષામંત્રીનું પદ છોડ્યા બાદ ગેલેંટે કહ્યું કે, 'ઈઝરાયલની સુરક્ષા હંમેશા મારા જીવનનું લક્ષ્ય રહ્યું છે અને હું દેશની સુરક્ષા માટે આતુર રહીશ.' આ પછી એક પ્રેસ કોન્ફરન્સમાં ગેલન્ટે ભાવુક થતા કહ્યું, 'મારી બરતરફીનું કારણ 7 ઓક્ટોબરના હુમલામાં અપહરણ કરાયેલા લોકોની મુક્તિની જરૂરિયાત અને યુદ્ધમાં કમિશન ઓફ ઈન્કવાયરીની રચના કરવાની માંગ હતી.'
ગેલેંટે કહ્યું કે ઈઝરાયલ આવનારા વર્ષોમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવા જઈ રહ્યું છે. આવા સંજોગોમાં અમારી પાસે કોઈ વિકલ્પ રહેશે નહીં. દેશના તમામ નાગરિકોએ એકસાથે આવીને સેનામાં ફરજ બજાવવી પડશે, જેથી આપણે ઈઝરાયલની સુરક્ષાના મિશનમાં સફળ થઈ શકીએ.

## સંક્ષિપ્ત સમાચાર

### "હેલ્લો ગોદરેજ" – ગોદરેજ એગ્રોવેટે પાક સુરક્ષા માટે કૃષિ સલાહકાર હેલ્પલાઇન લોંચ કરી

નવી દિલ્હી : ભારતના સૌથી મોટા વૈવિધ્યસભર ફૂડ અને એગ્રી-બિઝનેસ સમૂહો પૈકીના એક ગોદરેજ એગ્રોવેટ લિમિટેડ (જીએવીએલ)એ તાજેતરમાં "હેલ્લો ગોદરેજ" લોંચ કરવાની જાહેરાત કરી છે, જે એક બહુભાષી કૃષિ સલાહકાર હેલ્પલાઈન છે. આ હેલ્પલાઈન નંબર - 022 2519 4491 છે, જે ફોન કોલ ઉપર પાક સુરક્ષા માટે રિયલ-ટાઈમ એક્સપર્ટ સોલ્યુશન પ્રદાન કરે છે. દેશભરમાં ખેડૂતો માટે આઠ ક્ષેત્રિય ભાષાઓ - હિન્દી, મરાઠી, કન્નડ, તેલુગુ, તમિળ, બંગાળી, પંજાબી અને અંગ્રેજીમાં ઉપલબ્ધ થનારી આ નવી પહેલ કંપનીના કૃષિ ઉત્પાદકતામાં સુધારના પ્રયાસોને અનુરૂપ છે, જેનાથી ખેડૂતોને જરૂર હોય ત્યારે ઓન ગ્રાઉન્ડ અથવા કોલ ઉપર સહયોગ પ્રદાન કરી શકાય છે. આ પહેલ વિશે પ્રતિક્રિયા આપતાં ગોદરેજ એગ્રોવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર બલરામ સિંઘ યાદવે કહ્યું હતું કે, "ખેડૂત પરિવારનો ઉત્કર્ષ ગોદરેજ એગ્રોવેટ ખાતેની અમારી દરેક કામગીરીમાં કેન્દ્રસ્થાને છે. યોગ્ય સમયે યોગ્ય ઉકેલની ઉપલબ્ધતા અને વપરાશ સારી ઉપજ માટે ખૂબજ જરૂરી છે.

### અનમોલ બિશ્નોઇના વોઇસ સેંપલ લેશે મુંબઇ પોલીસ, બાબા સિદ્દીકી મર્ડર કેસમાં સંડોવણી?

એનસીપી લીડર બાબા સિદ્દીકીની હત્યામાં વોન્ટેડ આરોપી અનમોલ બિશ્નોઈની સંડોવણી શોધવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે ફોરેન્સિક સાયન્સ લેબ ડિરેક્ટોરેટ (DFSL) ને મુંબઈની એક અદાલતે શૂટર વિકી કુમાર ગુપ્તા અને વોન્ટેડ આરોપી અનમોલ બિશ્નોઈ વચ્ચેની વાતચીતની ઓડિયો ક્લિપ (પેન-ડ્રાઈવમાં)ની સોફ્ટ કોપી પ્રદાન કરવા નિર્દેશ આપ્યો છે. આ વર્ષની શરૂઆતમાં અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કર્યા બાદ આ કેસ નોંધવામાં આવ્યો હતો. ડીએફએસએલ ઓડિયો ક્લિપ પેન ડ્રાઈવમાં કિશોર કુમાર શિંદે, મદદનીશ પોલીસ કમિશનર, ડીસીબી સીઆઈડીને આપશે, જ્યારે તેની એક નકલ પોતાની પાસે રાખશે. વિશેષ ન્યાયાધીશ બીડી શેલ્કેએ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની અરજી પર આદેશ આપતા કહ્યું કે તપાસ એજન્સીને ધરપકડ કરાયેલા આરોપી વિકી કુમાર ગુપ્તા (કથિત શૂટર) અને વોન્ટેડ આરોપી અનમોલ બિશ્નોઈ વચ્ચેની વાતચીતની સોફ્ટ કોપીની જરૂર છે. તેથી કોર્ટે ડીએફએસએલને આદેશ આપ્યો છે. આરોપી વિક્કીકુમાર ગુપ્તા અને વોન્ટેડ આરોપી અનમોલ બિશ્નોઈ વચ્ચેની વાતચીતની ઓડિયો ક્લિપની સોફ્ટ કોપી તપાસ એજન્સીને ઉપલબ્ધ કરવા માટે કોઈ ખચકાટ નથી. આરોપ છે કે 14 એપ્રિલે શૂટર ગુપ્તા સહિત બે મોટરસાઈકલ સવાર લોકોએ મુંબઈના બાંદ્રામાં અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર ગોળીબાર કર્યો હતો.

### પટનામાં રાજકીય સન્માન સાથે શારદા સિંહાના કરાશે અંતિમ સંસ્કાર

પટના : બિહારના જાણીતા લોકગાયિકા શારદા સિંહા હવે આપણી વચ્ચે નથી. 72 વર્ષની ઉંમરે તેમણે દિલ્હીની એઈમ્સમાં અંતિમ શ્વાસ લીધા. પુત્ર અંશુમન સિંહાએ માતાના નિધનની પુષ્ટિ કરી હતી. લોકગાયિકાના અંતિમ સંસ્કાર પટનામાં કરવામાં આવશે. શારદા સિંહાના નશ્વર દેહને ઈન્ડિગો ફ્લાઈટ દ્વારા પટના લાવવામાં આવ્યો હતો. મનોજ તિવારીએ જણાવ્યું કે શારદા સિન્હાના પટનામાં રાજકીય સન્માન સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવશે.શારદા સિન્હાના નશ્વર દેહને બુધવારે બપોરે 12 વાગ્યા પછી અંતિમ દર્શન માટે પટનામાં રાખવામાં આવશે. અહીં પરિવાર અને ઈન્ડસ્ટ્રીના લોકો ગાયકને વિદાય આપવા આવશે. શારદા સિંહાના અંતિમ સંસ્કાર 7 નવેમ્બરની સવારે થઈ શકે છે. જ્યારથી લોકગાયિકાના નિધનના સમાચાર સામે આવ્યા છે ત્યારથી સોશિયલ મીડિયા પર દરેક લોકો તેમની આંખોમાં આંસુ સાથે તેમને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. યુઝર્સ શારદાના હિટ ગીતોની ક્લિપ્સ શેર કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ફિલ્મ અને સંગીત જગત સાથે જોડાયેલા લોકોએ શારદાના નિધનને સૌથી મોટી ખોટ ગણાવી છે. શારદા સિન્હાના નિધન બાદ પીએમ મોદીએ શોક વ્યક્ત કર્યો હતો તેમના દ્વારા ગાયેલા મૈથિલી અને ભોજપુરી લોકગીતો છેલ્લા ઘણા દાયકાઓથી ખૂબ જ લોકપ્રિય છે. આસ્થાના મહાન તહેવાર છઠ સાથે સંબંધિત તેમના મધુર ગીતોની ગુંજ હંમેશા રહેશે. તેમનું અવસાન સંગીત જગતને ન પુરી શકાય તેવી ખોટ છે. શોકની આ ઘડીમાં મારી સંવેદના તેમના પરિવાર અને ચાહકો સાથે છે. ઓમ શાંતિ!'

### કોલકાતા રેપ-મર્ડર કેસ : બેન્ચે નેશનલ ટાસ્ક ફોર્સની કાર્યવાહી પર અસંતોષ વ્યક્ત કર્યો હતો

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટમાં કોલકાતા રેપ-મર્ડર કેસની સુનાવણી થશે. 15 ઓક્ટોબરે થયેલી છેલ્લી સુનાવણીમાં કોર્ટે નેશનલ ટાસ્ક ફોર્સ (NTF)ના કામ પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો હતો. ઉપરાંત, NTF ને 3 અઠવાડિયાની અંદર ડોકટરોની સલામતી અંગે પોતાના સૂચનો આપવા નિર્દેશ આપ્યા હતા.CJI DY ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે કહ્યું હતું કે NTFને ડોકટરો અને અન્ય આરોગ્ય કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પ્રોટોકોલ બનાવવાની જવાબદારી આપવામાં આવી છે, પરંતુ તે ખૂબ જ ધીમી ગતિએ કામ કરી રહ્યું છે.કોર્ટે કહ્યું હતું કે NTFની પ્રથમ બેઠક 27 ઓગસ્ટે મળી હતી. આશ્ચર્યની વાત એ છે કે 9 સપ્ટેમ્બર પછી કોઈ બેઠક થઈ નથી. શા માટે આગળ કોઈ કામ થયું નથી? ટાસ્ક ફોર્સે તેના કામમાં ઝડપ લાવવાની રહેશે.તેમજ, 4 નવેમ્બરના રોજ, પશ્ચિમ બંગાળની સિયાલદહ કોર્ટે આરજી કર કેસના મુખ્ય આરોપી સંજય રોય સામે આરોપો ઘડ્યા હતા. આ કેસની સુનાવણી 11 નવેમ્બરથી રોજ થશે.

રાજકીય તાપમાન ગરમ છે. નેતાઓ એકબીજા પર ક્યારેક શાબ્દિક તો ક્યારેક પોસ્ટર થકી પ્રહાર કરી રહ્યાં છે

# 'અંગ્રેજો જતા રહ્યા અને આમને છોડી ગયા...' CM યોગીના 'બટેંગે તો કટેંગે' પર અખિલેશના પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી | તા 06

ઉત્તર પ્રદેશમાં વિધાનસભા પેટા ચૂંટણીને લઈને રાજકીય તાપમાન ગરમ છે. નેતાઓ એકબીજા પર ક્યારેક શાબ્દિક તો ક્યારેક પોસ્ટર થકી પ્રહાર કરી રહ્યાં છે. આ દરમિયાન સપા સુપ્રીમો અખિલેશ યાદવે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના 'બંટેંગે તો કટેંગે' વાળા નિવેદન પર ફરી પ્રતિક્રિયા આપી છે. અખિલેશે કહ્યું કે, 'અંગ્રેજ જતાં રહ્યાં અને આમને મૂકતા ગયાં. ભારતીય સમાજ આવા નારાને સમર્થન નહીં આપે.'હકીકતમાં, થોડા દિવસો પહેલાં મુખ્યમંત્રી યોગીએ પોતાના ભાષણમાં 'બટેંગે તો કટેંગે'નો ઉલ્લેખ કરી હિન્દુ સમાજને એકજૂટ રહેવાનો સંદેશ આપ્યો હતો. તેમના આ નિવેદન બાદ લખનૌમાં ઘણી જગ્યાએ ભાજપ નેતાએ આ નિવેદનના પોસ્ટર પણ લગાવ્યા. જવાબમાં સપા કાર્યકર્તાઓ તરફથી 'ના બટેંગે ના કટેંગે, મઠાધીશ સત્તા સે હટેંગે...'ના પોસ્ટર લગાવવામાં આવ્યાં. આ પહેલાં પણ 'PDA જોડેગી ઔર જીતેગી' જેવા નારા લખેલા પોસ્ટર લગાવવામાં આવ્યા હતાં.

જોકે, હવે આ નિવેદનબાજી અને 'પોસ્ટર પ્રહાર' દરમિયાન સપા સુપ્રીમોની અન્ય એક પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં અખિલેશ યાદવે કહ્યું કે, 'જનતા આ નારાને ક્યારેય સમર્થન નહીં આપે. ભાજપ તો ડિવાઈડ એન્ડ રૂલમાં વિશ્વાસ રાખે છે. અંગ્રેજ જતાં રહ્યાં અને આમને મૂકતા ગયાં. ભારતીય સમાજ આવા નારાનો સાથ નહીં આપે.' થોડા દિવસ પહેલાં ઝારખંડમાં ચૂંટણી જનસભામાં બોલતા મુખ્યમંત્રી યોગીએ કહ્યું હતું કે, 'પોતાની તાકાતની અનુભૂતિ કરાવો, જાતિઓમાં વિભાજિત નથી થવાનું. જાતિના નામે અમુક લોકો તમારામાં ભાગલા પાડશે, કોંગ્રેસ અને વિપક્ષ આ જ કામ કરે છે. આ લોકો બાંગ્લાદેશી ઘૂસણખોર, રોહિંગ્યાને બોલાવી રહ્યાં છે. એક દિવસ આ લોકો તમારા ઘરમાં ઘંટડી અને શંખ પણ નહીં વાગવા દે. તેથી એક રહો અને નેક રહો. દેશનો ઈતિહાસ સાક્ષી છે કે, જ્યારે પણ આપણે વિભાજિત થયાં, નિર્મમતાથી કપાયા છીએ.'મુખ્યમંત્રી યોગીએ આગળ કહ્યું કે, 2017 બાદ ઉત્તર પ્રદેશમાં જે બુલડોઝર ચાલવાનું શરૂ કર્યું, ત્યારબાદથી અમુક જેલમાં છે અને અમુકનું રામ નામ સત્ય થઈ ગયું છે. ઉત્તર પ્રદેશથી માફિયાઓનો સફાયો થઈ ગયો છે. જેમ ગધેડાના માથાથી શિંગડા ગાયબ થઈ જાય તેવી રીતે.



# 'ગઠબંધન ધર્મનું પાલન નથી થતું...' ભાજપ-શિંદેની સેના વચ્ચે ખટરાગ, ચૂંટણી પહેલાં જ કરી ફરિયાદ

(એજન્સી) નવી દિલ્હી | તા 06



મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ ભાજપના હાઈ કમાન્ડને પાર્ટી નેતાઓની ફરિયાદ કરી છે. શિંદેએ ફરિયાદ કરતાં કહ્યું કે, મહારાષ્ટ્રમાં ભાજપ નેતા ગઠબંધન ધર્મનું પાલન નથી કરી રહ્યાં. ભાજપ નેતાઓએ માગ શરૂ કરી દીધી છે કે, શિંદેએ રાજ ઠાકરેના દીકરા અમિત માટે બેઠક છોડવી જોઈએ. નોંધનીય છે કે, એકનાથ શિંદેએ પહેલાંથી જ માહિમ બેઠક પરથી હાલના ધારાસભ્ય સદા સરવણકરનું નામ ઉમેદવાર તરીકે જાહેર કરી દીધું હતું. જોકે, માહિમ બેઠક પરથી મનસે (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના)ના પ્રમુખ રાજ ઠાકરેએ પોતાના દીકરા અમિત ઠાકરેને ઉમેદવાર બનાવ્યો છે. નારાયણ રાણે અને આશિષ શેલાર જેવા ભાજપ નેતાઓએ કહ્યું હતું કે, શિંદેએ પોતાના ઉમેદવાર સદા સરવણકરનું નામ પરત લઈ લેવું જોઈએ અને અમિત ઠાકરેનું સમર્થન કરવું જોઈએ.

જ્યારે એકનાથ શિંદે ન માન્યા અને પોતાના ઉમેદવારનું નામ પરત ન લીધું તો રાજ ઠાકરેએ શિંદેની સામે જાહેરમાં નારાજગી વ્યક્ત કરી. આ સિવાય રાજ ઠાકરેએ શિંદે પર 2022માં પાર્ટી તોડવા અને બાલ ઠાકરેનું નામ તેમજ ચૂંટણી ચિહ્ન ચોરવાનો આરોપ પણ લગાવી દીધો. ત્યારબાદ શિંદેએ નક્કી કર્યું કે, આ બરાબર નથી થઈ રહ્યું. જેથી ભાજપ નેતાઓ દ્વારા શિંદેને પોતાના ઉમેદવારને પરત ખેંચવાની માગ છતાં ન માન્યાં. બાદમાં ભાજપ નેતાઓનો સૂર બદલાઈ ગયો અને હવે તેમનું કહેવું છે કે, સદા સરવણકર મહાયુતિના ઉમેદવાર છે. મળતી માહિતી મુજબ, શિંદે શિવસેનાએ સલાહ આપી હતી કે, અમિત ઠાકરેને ભાંડુપથી ચૂંટણી લડવી જોઈએ. જ્યાં મહાયુતિનો કોઈ હાલનો ધારાસભ્ય નથી. જોકે, રાજ ઠાકરેએ નિર્ણય કર્યો કે, અમિતે પોતાના ગૃહ ક્ષેત્રથી ચૂંટણી લડવી જોઈએ, જ્યાં તેનો નિવાસ છે. આ સિવાય પાડોશી મતવિસ્તાર શિવડીમાં ભાજપ અને શિંદે મનસે ઉમેદવારને સમર્થન આપશે.મુખ્યમંત્રી શિંદેની ફરિયાદ બાદ ભાજપ નેતાઓનો રાગ બદલાઈ ગયો છે અને હવે તેમનું કહેવું છે કે, સદા સરવણકર મહાયુતિના સત્તાવાર ઉમેદવાર છે. જો કોઈ અન્ય નિર્ણય લેવામાં આવે છે, તો તે મહાયુતિના ટોચના નેતાઓ દ્વારા નક્કી કરવામાં આવશે.

# ભાજપે 40 બળવાખોરોને તગેડી મૂક્યા, મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલાં કરી મોટી કાર્યવાહી

(એજન્સી) નવી દિલ્હી | તા 06



મહારાષ્ટ્રમાં ભાજપે વિધાનસભા ચૂંટણી પહેલા જ બળવાખોર નેતાઓ સામે મોટી કાર્યવાહી કરી છે. પાર્ટીએ શિસ્તભંગના આરોપો હેઠળ 40 નેતાઓની હકાલપટ્ટી કરી દીધી છે. આ તમામ નેતાઓ 37 વિધાનસભા મતવિસ્તારોમાં પાર્ટીને નુકસાન પહોંચાડી રહ્યા હતા. મહાયુતિએ તેનો મેનિફેસ્ટો જાહેર કર્યા બાદ આ કાર્યવાહી કરી હતી.

ભાજપમાં બળવાખોરો ઘણી બેઠકો પર પાર્ટી માટે મોટો પડકાર બની ગયા છે. ટિકિટ ન મળવાથી નારાજ બળવાખોર નેતાઓમાં બે પૂર્વ સાંસદો પણ સામેલ હતા. નંદુરબારથી હીના ગાવિત અને જલગાંવથી એટી પાટીલ પાર્ટી માટે મુશ્કેલી ઊભી કરી રહ્યા હતા. હીના ગાવિત 2014 અને 2019માં બે વખત નંદુરબારથી સાંસદ રહી ચૂકી છે. 2024ની લોકસભા ચૂંટણીમાં તે કોંગ્રેસના ગોવાલ પાડવી સામે હારી ગઈ હતી. આવી સ્થિતિમાં તે હવે ધારાસભ્ય બનવા માંગતી હતી. પરંતુ ટિકિટ ન મળતાં તે નારાજ થઈ ગઈ હતી અને અપક્ષ ઉમેદવાર તરીકે દાવો ઠોક્યો હતો. જ્યારે એટી પાટીલ પણ જલગાંવ વિધાનસભા બેઠક પરથી પાર્ટી માટે મુશ્કેલીનું કારણ બન્યા છે. લોકસભા હાર્યા બાદ એ.ટી. પાટીલને પણ પાર્ટી તરફથી વિધાનસભામાં ટિકિટની આશા હતી, પરંતુ પાર્ટીએ બીજા કોઈને પોતાનો ઉમેદવાર બનાવ્યો. અત્યાર સુધી ભાજપના બળવાખોરો રાજ્યમાં 30 સીટો પર અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે.

## બનાસકાંઠા જિલ્લામાં વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર માવજીભાઈ પટેલ ની ભવ્ય બાઈક રેલી યોજી શક્તિ પ્રદર્શન બતાવ્યું

વાવ | તા 06



બનાસકાંઠા જિલ્લામાં વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપ પોતાની જીત નક્કી કરવા માટે એડીચોટીનું જોર લગાવી રહ્યા છે મતદાન તારીખ જેમ જેમ નજીક આવી રહી છે તે જોતાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સિધી લડાય નથી રહી અપક્ષ ઉમેદવાર માવજીભાઈ પટેલ પણ મતદારો ને રિઝવવા માટે અવનવા પ્રયોગો કરી રહ્યા છે ત્યારે ધેસાણા ગામ માં માવજીભાઈ પટેલ નાં સમર્થન માં ભવ્ય બાઈક રેલી યોજી શક્તિ પ્રદર્શન કરાયું હતું અને તેમનાં ગામે ગામ તેમના સમર્થન માં ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યા છે ત્યારે વાવ વિધાનસભા પેટા ચૂંટણીમાં બન્ને રાષ્ટ્રીય પક્ષો ને ટેન્શન થયું છે માવજીભાઈ પટેલ જનતા દળ માંથી આ સિટ પર અગાઉ ચૂંટણી જીતી ચુક્યા છે અને તે પછી ની ચૂંટણી માં તેઓ ચૂંટણી હાર્યા છે પણ મૂખ્ય હરીફ રહ્યા છે માવજીભાઈ પટેલ ચૌધરી સમાજ માંથી આવે છે ભાજપ દ્વારા માવજીભાઈ પટેલ ને ટીકિટ ફાળવણી કરવામાં નથી આવી માટે ચૌધરી સમાજ ની નારાજગી જોવા મળી શકે છે સાથે માવજીભાઈ પટેલ સહકારી આગેવાન છે માટે તૈઓ અન્ય સમાજો ઉપર પ્રભુત્વ ધરાવે છે માટે આવખતે ત્રિપાંખિયો જંગ ખેલાયો છે ત્યારે બનાસકાંઠા જિલ્લામાં સાસંદ શ્રીમતી ગેની બેન ઠાકોર અને કોંગ્રેસ પાર્ટી માટે અસ્તિત્વ નો સવાલ છે ત્યારે ભાજપ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે ત્યારે જોવાનું રહ્યું કે આગામી દિવસોમાં કોણ વિજય થશે તે નક્કી નથી જેમ જેમ મતદાન નો સમય નજીક આવી રહ્યો છે તેમ ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યા છે ભાજપ દ્વારા મંત્રીઓ અને ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોર ને ઠાકોર સમાજ ને રિઝવવા ની જવાબદારી સોંપવામાં આવી છે.

## BJP મુખ્યાલયમાં કેન્દ્રીય મંત્રીઓની મહત્વપૂર્ણ બેઠક

નવી દિલ્હી :દેશની રાજધાની દિલ્હીમાં મંગળવારે ભાજપ કાર્યાલયમાં કેન્દ્રીય મંત્રીઓની બેઠક યોજાઈ હતી. બે તબક્કામાં યોજાનારી આ બેઠકમાં મહારાષ્ટ્ર-ઝારખંડ ચૂંટણી પ્રચાર સાથે સંબંધિત મુદ્દાઓ સાથે આગળની રણનીતિ પર ચર્ચા કરવામાં આવી હતી. ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ સહયોગી પક્ષોના મંત્રીઓ સાથે મહારાષ્ટ્ર અને ઝારખંડમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી અને ઘણા રાજ્યોમાં યોજાનારી પેટાચૂંટણીની રણનીતિ પર ચર્ચા કરી હતી.

# હવે જમ્મુ-કાશ્મીરમાં પણ બુલડોઝરવાળી થશે!

(એજન્સી) નવી દિલ્હી | તા 06

જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ મંગળવારે (પાંચમી નવેમ્બર) ચેતવણી આપી હતી કે આતંકવાદીઓને આશ્રય આપતા લોકોના ઘરોને જમીનદોસ્ત કરી દેવામાં આવશે. તેમણે લોકોને આતંકવાદના ગુનેગારો સામે એકતામાં ઊભા રહેવા હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, 'જો સુરક્ષા દળો, કેન્દ્રશાસિત પ્રદેશ પ્રશાસન અને લોકો એક થાય તો એક વર્ષમાં આ વિસ્તારમાંથી આતંકવાદને ખતમ કરી શકાય છે.'

ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં આયોજિત એક કાર્યક્રમને સંબોધતા ઉપરાજ્યપાલ મનોજ સિન્હાએ જણાવ્યું હતું કે, 'મેં સુરક્ષા દળોને નિર્દેશ આપ્યો છે કે કોઈ નિર્દોષને નુકસાન ન પહોંચાડે, પરંતુ ગુનેગારોને બક્ષવામાં આવશે નહીં.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**
**ઓએચઇ ફેરફાર કાર્ય**
ઇ-ટેન્ડર નોટિસ નંબર: Sr.DEE/TR/ADI/08(2024-25) તારીખ : 28.10.2024 ટેન્ડર નંબર : TRD-ADI-T-06-2024-25 કામનું નામ : અમદાવાદ વિભાગમાં TTR કાર્ય અને વિવિધ LC નાબૂદીની કામગીરી અંગે ઓએચઈમાં ફેરફાર. અંદાજિત કિંમત : ₹1,06,18,992/- અર્નેસ્ટ મની : ₹2,03,100/- ટેન્ડર ફોર્મ જમા કરવાની છેલ્લી તારીખ અને સમય : 28.11.2024 ના 15:00 કલાક સુધી. ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય: 28.11.2024 ના 15:30 કલાકે. ઓફિસ સરનામું : સિનિયર વિભાગીય વિદ્યુત ઇજનેર. ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 વેબ સાઈટ સરનામું : www.ireps.gov.in 222
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**
**(સર્વે એન્ડ કન્સ્ટ્રક્શન)**
**વિવિધ કામો**
**ઈ-ટેન્ડર નોટિસ નં. Dy. CE(C)III/ADI/MSH-PNU/04;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ડે.ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) III, પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આવકારે છે. **(1) કામનું નામ તેના સ્થળ સાથે: ટેન્ડર નં. Dy. CE(C)III/ADI/MSH-PNU/04;** પશ્ચિમ રેલવે પર અમદાવાદ ડિવિઝન ના મેહસાણા - પાલનપુર સેક્શન વચ્ચેના પૂર્ણ કાર્ય હાલના મુખ્ય / સામાન્ય બ્રિજો (આર્ક બ્રિજો, પાઇપ કલ્વર્ટ, RCC સ્લેબ અને PSC સ્લેબ) (GC લોડિંગ) નું પુનર્વિકાસ/મજબૂતીકરણ સહિત રિલીવિંગ ગર્ડર સંપૂર્ણ ટ્રેક કાર્યો (લેઇંગ અને લિંકિંગ), ટ્રેક નું ટેમ્પીંગ, LWRs નું ડીસ્ટ્રેસિંગ પી.વે સામગ્રીઓનું પરિવહન, બાલાસ્ટની આપૂર્તિ અને સ્ટેકીંગ અને અન્ય સિવિલ એન્જિનિયરિંગ કાર્યો. **(2) કામનો અંદાજીત ખર્ચ:** ₹ 5,40,27,864.00; **(3) જમા કરવાની અર્નેસ્ટમની:** ₹ 4,20,100.00; **(4) પૂર્ણ કરવાનો સમયગાળો:** 11 (અગિયાર) મહિના; **(5) બિડ જમા કરવાની તારીખ અને સમય:** 18/11/2024 ના 11:00 કલાક સુધી; **ટેકનિકલ બિડ ખોલવી: ટેન્ડર ખોલવું:** 18/11/2024 ના 11:30 કલાકે; **(6) ટેન્ડરની સિસ્ટમ:** સિંગલ પેકેટ સિસ્ટમ; **(7)** તમામ ટેન્ડરર્સ દ્વારા એનેક્ષર-V માં આપવામાં આવેલ પ્રમાણપત્ર સબમિટ કરવું આવશ્યક છે. જેના આધારે ટેન્ડરર્સની યોગ્યતાનું મૂલ્યાંકન કરવામાં આવશે; **(8) વેબસાઈટ વિગતો નોટિસ બોર્ડનું સ્થાન જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફિસનું સરનામું: વેબસાઈટ: www.ireps.gov.in;** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન) III ની ઓફિસ, પશ્ચિમ રેલ્વે, બીજો માળ, નિર્માણ ભવન, સામે. જીસીએસ હોસ્પિટલ, અસારવા, અમદાવાદ. 72
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**વેચાણ નોટિસ**
**નાગૌર વોટર સપ્લાય પ્રાઈવેટ લિમિટેડ લિક્વિડેશનમાં**
લિક્વિડેટર: શ્રી રાજેન્દ્ર સંઘી.
**લિક્વિડેટરનું IBBI રજિસ્ટર્ડ સરનામું :-** બી/2ડી, સિધ્ધ ચક્ર એપાર્ટમેન્ટ, સરગમ શોપિંગ સેન્ટર પાસે, પારલે પોઈન્ટ, સુરત, ગુજરાત 395007
**લિક્વિડેટર ઑફિસ કમ્યુનિકેશન સરનામું :-** પહેલાં માળે, 64, ઓખલા ફેસ 2, મોદી ફ્લોર મિલ પાછળ, નવી દિલ્હી 110020
**ઈમેલ આઈડી :-** assetsale1@aaainsolvency.in, rajendra.sanghi@yahoo.co.in and cirp.nagaur@gmail.com.
**સંપર્ક :-** (શ્રી વસીમ/શ્રી રાજકુમાર) +91 8800865284

**ઈ-હરાજી**
અસ્કયામતોનું નાદારી અને નાદારી કોડ 2016 અંતર્ગત વેચાણ
**ઈ-હરાજી નુ તારીખ અને સમય :- 7મી ડિસેમ્બર 2024 એ બપોરે 03:00 થી 05:00 સાંજના**
**ઈએમડી સબમિશન કરવાની છેલ્લી તારીખ અને સમય :- 5મી ડિસેમ્બર 2024 એ બપોરે 03:00 કલાક સુધી**
(5 મિનિટના વધારે અંતરાલ સાથે)
**સંભવિત બિડર દ્વારા પાત્રતા દસ્તાવેજો સબમિટ કરવાની તારીખો :-**
**06 નવેમ્બર 2024 થી 20 નવેમ્બર 2024 સુધી**

16મી ઑક્ટોબર 2023ના આદેશ દ્વારા માનનીય નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ અમદાવાદ દ્વારા નિયુક્ત લિક્વિડેટન એસ્ટેટના ભાગની રચના કરતી વખતે **નાગૌર વોટર સપ્લાય પ્રાઈવેટ લિમિટેડ (લિક્વિડેટનમાં)** કંપનીનું વેચાણ. ઈ-ઓક્શન પ્લેટફોર્મ https://nbid.nesi.co.in/app/login દ્વારા નીચે સહી કરેલ.

| સંપત્તિની વિગતો | બ્લોક | અનામત રકમ (રૂ મા) | ઈએમડી રકમ (રૂ મા) | વધારાની કિંમત (રૂ મા) |
|---|---|---|---|---|
| IBBI (લિક્વિડેટન) પ્રોસેસ રેગ્યુલેશન્સ 2016 ના રેગ્યુલેશન 32A હેઠળ કોર્પોરેટ દેવાદારનું વેચાણ. | એ | રૂ.50 લાખ | 5 લાખ | 1 લાખ |

**નોંધ:-** આ વેચાણ IBBI (લિક્વિડેટન પ્રક્રિયા) રેગ્યુલેશન્સના રેગ્યુલેશન્સ 32A મુજબ કરવામાં આવી રહ્યું છે અને તેની સાથે વિગતવાર નિયમો અને શરતો છે, કૃપા કરીને વિગતવાર નિયમો અને શરતો અને સંબંધિત મુકદમાઓ માટે વિગતવાર ઈ-ઓક્શન પ્રક્રિયા દસ્તાવેજોનો સંદર્ભ લો. વેચાણ NCLT ના અંતિમ સાધનોને આધીન છે.
ઈ-ઓક્શન 'એઝ ઈઝ વ્હેર ઈઝ ઈઝ', 'જેમ છે તેમ', 'જે પણ છે' અને 'કોઈ બચાવ નહીં' ધોરણે અને મંજૂર સેવા પ્રદાતાઓ એટલે કે NESL (નેશનલ ઈ-ગવર્નન્સ સર્વિસીસ લિમિટેડ) દ્વારા હાથ ધરવામાં આવશે અને નિયમો અને શરતોને સેવા પ્રદાતાની વેબસાઈટ પર સંદર્ભિત કરવામાં આવશે. એટલે કે **https:// nesi.co.in/auction-notice-under-ibc/** અને AAA અને ઈન્સોલ્વન્સી પ્રોફેશનલ્સ LLP ની વેબસાઈટ પર અને IBBI ની વેબસાઈટ પર પણ.

Sd/-
**લિક્વિડેટર: શ્રી રાજેન્દ્ર સંઘી.**
**મેસર્સ નાગૌરવોટર સપ્લાય પ્રાઈવેટ લિમિટેડ**
**IP રજીસ્ટ્રેશન નંબર :- IBBI/IPA-001/IP-P-01973/2019-2020/13011**
**લિક્વિડેટર ઑફિસ કમ્યુનિકેશન સરનામું :-** પહેલાં માળે, 64, ઓખલા ફેસ 2, મોદી ફ્લોર મિલ પાછળ, નવી દિલ્હી 110020
**ઈમેલ આઈડી :-** assetsale1@aaainsolvency.in, rajendra.sanghi@yahoo.co.in and cirp.nagaur@gmail.com
**તારીખ :-** 06-11-2024

AXIS BANK

મહત્વની જાહેરાત

**અમે સ્થળાંતર કરી રહ્યા છીએ**

એક્સિસ બેંકની શેલા શાખા
સ્થળાંતર થઈ રહી છે નવી જગ્યાએ
તા.૧૬મી ડીસેમ્બર ૨૦૨૪થી.

**હાલનું સરનમું:**

**એક્સિસ બેંક લિ. - શેલા શાખા**
**ગ્રાઉન્ડ ફ્લોર, બી ૦૭ બી ૦૮, બ્લોક નંબર ૨૧૫ ૨૫૧, ૩૦૫ અને ૩૦૬ એફ નં ૨૧**
**સ્કાય સીટી આર્કેડ ક્લબ, ઓ ૭ રોડ, ટીપી ૦૧ શેલા, અમદાવાદ - ૩૮૦૦૫૮**

**નવું સરનામું:**

**એક્સિસ બેંક લિ. - શેલા શાખા**
**ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.૫ અને ૬, આર્યન આવિષ્કર, એફ.પી. નંબર ૯૫૪,**
**સી.એસ. નં.૪૬૯/૧ અને ૪૭૦, ની સામે. સ્કાય સીટી આર્કેડ, ક્લબ ઓ ૭ રોડ,**
**શેલા, અમદાવાદ - ૩૮૦૦૫૮**

અમે તમારું સ્વાગત કરવા આતુર છીએ.

## ‘તું પોલીસવાળો છે’ કહીને હુમલો કરવામાં આવ્યો

પીએસઆઈની તૈયારી કરી રહેલા યુવક પર બે શખસે હુમલો કરતા મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો છે. યુવક મોડીરાતે ચા પીને ઘરે જઈ રહ્યો હતો ત્યારે રખિયાલ ગામમાં તેણે ટોળું જોયું હતું. ટોળું જોતાની સાથે જ યુવક ત્યાં જઈને શું થયું છે તેમ પૂછી રહ્યો હતો ત્યારે એક શખસ તેના પર ઉશ્કેરાયો હતો અને તું પોલીસવાળો છે કહીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. યુવક ત્યાંથી જઈ રહ્યો હતો ત્યારે ધમકી આપનાર શખસે તેના પર હુમલો કરી દીધો હતો.


# સિટી એક્સપ્રેસ

THURSDAY 07 NOVEMBER-2024

AHMEDABAD


## બાઈક હટાવવાનું કહેતા વિધવા પર છરીના ઘા ઝીંકાયા

શહેરના નરોડા રોડ પર આવેલી બંસીની ચાલીમાં રહેતી વિધવા પર પડોશમાં રહેતા બે ભાઈઓએ છરી વડે હુમલો કરતા મામલો બીચક્યો છે. વિધવા તેની પુત્રવધૂ અને પૌત્ર સાથે દિવાળીની રાતે ફટાકડા ફોડવા માટે ઘરની બહાર આવી હતી. જ્યાં પડોશમાં રહેતા યુવકનું બાઈક પાર્ક થયું હોવાથી તેણે હટાવવા માટેનું કહ્યુ હતું. યુવકે બાઈક નહીં હટાવતા વિધવાને ગાળો બોલી હતી અને પુત્રવધૂ તેમજ પૌત્રની સામે છરી વડે હુમલો કરીને ભાગી ગયા હતા. લક્ષ્મી રાઠોડે શહેર કોટડા પોલીસ સ્ટેશનમાં અજય સક્સેના અને વિજય સક્સેના વિરૂદ્ધ હુમલાની ફરિયાદ કરી છે.



# અમદાવાદ કોર્ટે આરોપીને 20 વર્ષની સજા ફટકારી

## કૌટુંબિક કાકાએ ભત્રીજી સાથે સંબંધ બાંધીને ગર્ભવતી બનાવી હતી, પિતાનું મૃત્યુ થતાં આરોપી પીડિતાના ઘરે જ રહેતો



(એજન્સી) અમદાવાદ । તા.06

અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની વિશેષ અદાલતે આજે કૌટુંબિક ભત્રીજીને પ્રેગ્નન્ટ કરવા મામલે કૌટુંબિક કાકાને 20 વર્ષની કેદની સજા ફટકારી છે. પોક્સોની વિશેષ અદાલતના જજ એ.બી. ભટ્ટની કોર્ટે સરકારી વકીલ દિલીપસિંહ એમ. ઠાકોર અને કે.જી. જૈનની દલીલોને આધારે આરોપી કાકાને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી હતી. આ કેસમાં 9 સાક્ષી અને 18 દસ્તાવેજી પુરાવાને ચકાસવામાં આવ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે અમદાવાદના નરોડા પોલીસ સ્ટેશનને વર્ષ 2023માં IPCની કલમ 363, 366, 376(2)(n) અને પોક્સો એક્ટની કલમ 3, 4, 5(L)(N)(Q), 6 અને 12 મુજબ ગુનો નોંધાયો હતો.

### સગીરાએ બાળકને જન્મ આપ્યો હતો

આ અંગે વિગતવાર વાત કરીએ તો આ કેસની ફરિયાદી માતાની 17 વર્ષ અને 06 મહિનાની દીકરી ઓફિસ જાઉં છું એમ કહીને ઘરેથી નીકળી ગઈ હતી. તે પરત ન ફરતાં માતાએ દીકરી ગુમ થયાની પોલીસ ફરિયાદ આપી હતી. પોલીસે સગીર દીકરી અને તેને ભગાડી જનાર કૌટુંબિક કાકાને પકડીને પોલીસ સ્ટેશનમાં હાજર કર્યા હતા, જોકે ત્યાર બાદ સગીરા ગર્ભવતી થતાં ઉપરોક્ત ફરિયાદ નોંધાઈ હતી. આ દરમિયાન આરોપીના વકીલ તરફથી રજૂઆત થઈ હતી કે સગીરા અને તેના કૌટુંબિક કાકા બંને એક જ ઘરમાં રહેતાં હતાં. લાંબા સમય બાદ આ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. તે બંનેએ કાયદેસર લગ્ન કર્યાં છે. ફરિયાદી (પીડિતાની માતા)ને આ સંબંધ ગમતો ન હોવાથી ફરિયાદ દાખલ કરવામાં આવી છે. ફરિયાદી માતાએ આરોપી થકી સગીર દીકરીને થયેલું બાળક બીજાને આપી દીધું છે. જોકે ભોગ બનનાર હવે પુખ્ત વયની વ્યક્તિ છે.

### કાકા-ભત્રીજીનાં લગ્ન થાય નહીં

ફરિયાદીનું કહેવું હતું કે કાકા-ભત્રીજીનાં લગ્ન થાય નહીં. સગીર દીકરી નોકરી પર જતી ત્યારે કાકા તેને નોકરી પરથી લઈને આવતા હતા. સગીરાએ પણ આ સંબંધોનો સ્વીકાર કર્યો હતો અને એમાં પોતાની મરજી હોવાનું જણાવ્યું હતું. જોકે કોર્ટે કહ્યું હતું કે બાળકોના જાતીય સતામણીના કેસોમાં સહમતીને ધ્યાનમાં લેવામાં આવતી નથી. વળી, કાકા પિતા તુલ્ય હોય છે તેની જવાબદારી સગીરાનું રક્ષણ કરવાની હતી. ભોગ બનનાર પોતે આરોપીના ઘરે તેના વૃદ્ધ મા-બાપ સાથે રહે છે. જોકે કાયદામાં સુધારો કરવાનું કાર્ય ધારાસભાનું છે. કોર્ટે સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ચુકાદા ટાંકીને આરોપીને 20 વર્ષની સખત કેદની સજા ફટકારી હતી.

### ભોગ બનનારની બાળકીને દત્તક આપવામાં આવી

જોકે સરકારી વકીલે દલીલ કરી હતી કે ભોગ બનનારની બાળકીને કાયદાકીય વિધિથી દત્તક આપવામાં આવી છે. સગીરાના ગર્ભનો DNA ટેસ્ટ પણ આરોપી સાથે મળતો આવે છે. સગીરાના પિતાનું વર્ષ 2019માં અવસાન થઈ જતાં આરોપી જે સગીરાના પિતાના સગા મામાનો દીકરો થાય છે અને આમ તે સગીરાનો કાકો થાય છે. તે ચાર વર્ષથી સગીરા અને તેની માતા સાથે એક જ ઘરમાં રહે છે. આરોપીની માતા એટલે કે સગીરાની મામીએ ફરિયાદીને આ ફરિયાદ પરત લેવાનું કહીને બંનેને બહાર મોકલી દેવાનું સૂચન કર્યું હતું.

### હવામાન વિભાગની આગાહી

# આગામી સાત દિવસ તાપમાન યથાવત્ રહેશે, અમદાવાદના મહત્તમ તાપમાનમાં એક ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો

(એજન્સી) અમદાવાદ । તા.06

ગુજરાત રાજ્યમાં છેલ્લા બે સપ્તાહથી દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. જે હજુ પણ આગામી સાત દિવસ યથાવત્ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.

ઉલ્લેખનીય છે કે, નવેમ્બર મહિનાના લાંબા ગાળાના વાતાવરણના પૂર્વાનુમાન મુજબ ગુજરાત રાજ્યમાં મહત્તમ તાપમાન સામાન્ય કરતાં નીચું જ્યારે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ રહેવાની શક્યતા છે. જેને પગલે અમદાવાદ સહિતના કેટલાક જિલ્લામાં છેલ્લા 24 કલાક દરમિયાન મહત્તમ તાપમાન સામાન્યથી નજીક પહોંચ્યું હોય તેવી સ્થિતિ ઉદભવી છે. જ્યારે લઘુત્તમ તાપમાન હજુ પણ યથાવત્ રહ્યું છે.

### 24 કલાકમાં ડીસા અને રાજકોટમાં સૌથી વધુ તાપમાન રહ્યું

છેલ્લા 24 કલાક દરમિયાન ગુજરાત રાજ્યમાં 38.4 ડીગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાથે ડીસા અને રાજકોટ સૌથી વધુ તાપમાન ધરાવતા શહેરો રહ્યા હતા. જ્યારે છેલ્લા 24 કલાક દરમિયાન 19.3 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે ગાંધીનગર સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અમદાવાદ શહેરમાં પણ છેલ્લા 24 કલાક દરમિયાન સામાન્ય કરતા 2 ડિગ્રી સેલ્સિયસ વધુ તાપમાન રહીને મહત્તમ તાપમાન 36.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું તથા લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં 3.2 ડિગ્રી સેલ્સિયસ વધુ રહીને 22.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# યોગી આદિત્યનાથ સામે પોલીસમાં અરજી

### જાતિ વિષયક શબ્દો બોલવા માટે કોંગ્રેસે યોગી વિરૂદ્ધ એટ્રોસિટીની ફરિયાદ કરવા ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં અરજી કરી

(એજન્સી) અમદાવાદ । તા.06

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો એક વીડિયો વાઈરલ થયો હતો. જેમાં તે અનુસૂચિત જાતિ માટે જાતિ વિષયક શબ્દો બોલતા હતા. જેથી કોંગ્રેસ દ્વારા ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટીની ફરિયાદ કરવા માટે અરજી કરી છે. આગામી 3 દિવસમાં ફરિયાદ ન લેવામાં આવે તો કોર્ટમાં ફરિયાદ કરવામાં આવશે. આ ઉપરાંત 6 ડિસેમ્બરે જંગી મહાસભા કરવાનું પણ એલાન કરવામાં આવ્યું છે. અનુસૂચિત જાતિ માટે એક શબ્દનો પ્રયોગ કર્યો કોંગ્રેસના પ્રવક્તા રત્ના વોરાએ જણાવ્યું હતું કે, યોગી આદિત્યનાથનો 19 સેકન્ડનો એક વીડિયો જેમાં તેમને અનુસૂચિત જાતિ માટે એક શબ્દનો પ્રયોગ કર્યો છે. આ શબ્દનો ડો. બાબા સાહેબ આંબેડકરે વિરોધ કર્યો હતો. આ



શબ્દને કારણે અસ્પૃશ્યતા ફેલાય છે. વર્ષ 2010માં સમાજ કલ્યાણ વિભાગે પણ નિર્દેશ કર્યો હતો કે, આ શબ્દનો ઉપયોગ ન કરવો જોઈએ. સુપ્રીમ કોર્ટના એક ચુકાદામાં પણ આ શબ્દનો ઉપયોગ ન કરવા જણાવ્યું છે નહીં તો એટ્રોસિટીની ફરિયાદ થશે. વધુમાં જણાવ્યું હતું કે, આ સંવેદનશીલ શબ્દ છે.

## દિવાળીનો તહેવાર એસટી વિભાગને ફળ્યો, સાત દિવસમાં રૂ.14 કરોડથી વધુની કમાણી કરી

(એજન્સી) અમદાવાદ । તા.06

એસટી નિગમને દિવાળીના તહેવારો ફળ્યા છે. 29મી ઓક્ટોબરથી ચોથી નવેમ્બર એમ એક અઠવાડિયા દરમિયાન એસટી નિગમને 6.44 લાખ ટિકિટના વેચાણથી રૂપિયા 14.55 કરોડ રૂપિયાની આવક થઈ છે. એસટી નિગમમાં સાત દિવસમાં ઈ-બુકિંગ અને મોબાઈલ બુકિંગથી 6.44 લાખ ટિકિટનું વેચાણ થયું હતું. જેમાં ચોથી નવેમ્બરના સૌથી વધુ 1.27 લાખ ટિકિટના વેચાણ સાથે રૂપિયા 2.84 કરોડ રૂપિયાની આવક થઈ હતી. જે એક જ દિવસમાં થયેલી રેકોર્ડ આવક છે. આ ઉપરાંત ત્રીજી નવેમ્બરના ભાઈ બીજ હતી, ત્યારે નિગમે રૂપિયા 2.49 કરોડની આવક થઈ હતી. દિવાળીના તહેવારો દરમિયાન તબક્કાવાર એસટીની આવકમાં વધારો થવા લાગ્યો હતો. જેમાં 29મી ઓક્ટોબરના 77,148, 30મી ઓક્ટોબરે 74, 989, 31મી ઓક્ટોબરે 73,497 ટિકિટ વેચાણનો સમાવેશ થાય છે.

# અમદાવાદમાં છઠ પૂજાનું કરાયું આયોજન



(એજન્સી) અમદાવાદ । તા.06

અમદાવાદના ઈન્દિરા બ્રિજ સહિત વિવિધ સ્થળો છઠ પૂજાનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં છઠ પૂજાના સ્થળો, સાબરમતી રિવરફ્રન્ટ પર જોરશોરથી તૈયાર ચાલી રહી છે. આ છઠ પૂજામાં અમદાવાદમાં વસતા 50 હજારથી વધુ ઉત્તરભારતીયો જોડાશે. ચારથી પાંચ વાગ્યાથી પૂજાની શરૂઆત થશે આવતી કાલે (7 નવેમ્બરે) છઠ્ઠના દિવસે ચારથી પાંચ વાગ્યાથી પૂજાની શરૂઆત થશે. જેમાં આ વર્ષે છઠ મહા પર્વ સમન્વય ટ્રસ્ટ, મા જાનકી સેવા સમિતિ, હિન્દીભાષી મહાસંઘ અને છઠ મહાપર્વ આયોજન સમિતી દ્વારા છઠ પૂજાનું આયોજન કર્યું છે. જેમાં અમદાવાદ મહા નગર પાલિકાની ટીમ સહિત પોલીસ અને ફાયર સેફ્ટીની વ્યવસ્થા કરવામાં આવી છે.

**5000થી વધુ લોકોની જમવાની વ્યવસ્થા કરાઈ :** મળતી માહિતી પ્રમાણે, આ છઠ પૂજામાં અમદાવાદમાં વસતા 50 હજારથી વધુ ઉત્તર ભારતીયો જોડાશે. જેમાં 15 થી 20 હજાર જેટલાં લોકો પૂજાની કરી શકે તેવી વ્યવસ્થા કરાઈ છે. આ સાથે દૂર-દૂરથી આવતા લોકો માટે રહેવાની સાથે 5000થી વધુ લોકોની જમવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

**છઠ પૂજામાં મુખ્યમંત્રીને આમંત્રિત કર્યા :** આયોજકોએ જણાવ્યું હતું કે, ’છઠ પૂજા મહા પર્વમાં આ વખતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, મેયર, શેહેર પ્રમુખ, ધારાસભ્યો, સહિત અમદાવાદ મહાનગર પાલિકાના પદાધિકારીઓ IAS અને IPS અધિકારીઓ પણ આમંત્રિત કર્યાં છે.’

# રાજ્યના અનેક માર્કેટ યાર્ડ આજથી થયા ધમધમતા, વેપારીઓ-ખેડૂતોએ કર્યું લાભ પાંચમનું મુહૂર્ત

(એજન્સી) અમદાવાદ । તા.06

લાભ પાંચમ (છઠ્ઠી નવેમ્બર)ના દિવસે પૂજા કરવાથી સાધકને વેપાર વગેરેમાં લાભ થાય છે. આજના દિવસ કોઈપણ નવા કાર્યની શરૂઆત કરવા માટે પણ શુભ માનવામાં આવે છે. ત્યારે દિવાળીની રજાઓ બાદ આજથી રાજકોટ, મોરબી, અરવલ્લી, જામનગર, પોરબંદર સહિતના માર્કેટ યાર્ડ ફરી ધમધમતા થયા છે. જ્યાં મગફળી, કપાસ અને સોયાબીન જેવી અન્ય જણસીની આવક શરૂ થઈ છે. બેડી માર્કેટ યાર્ડમાં 1 લાખ ગુણી જેટલી મગફળીની આવક થઈ લાભ પાંચમના



શુભ મુહૂર્તમાં આજથી રાજકોટનું બેડી માર્કેટ યાર્ડ શરૂ થયો હતો. આજે પહેલા દિવસે જ બેડી માર્કેટ યાર્ડમાં મગફળીની આવક થઈ હતી. આજે 1 લાખ ગુણી જેટલી મગફળીની આવક થઈ હતી અને 1250 રૂપિયા સુધીના ભાવ બોલાયા હતા. જો કે, ટેકાના ભાવ કરતાં ઓછા ભાવ મળતા ખેડૂતોમાં થોડી નિરાશા જોવા મળી હતી. દિવાળીના મિની વેકેશન બાદ જામનગરના હાપા માર્કેટ યાર્ડમાં 345થી વધુ વાહનોમાં મગફળી સહીત જુદી જુદી જણસીની આવક શરૂ થઈ છે. મંગળવારથી યાર્ડ ખાતે મગફળી લઈને ખેડૂતો આવ્યા હોવાથી દોઢ કિ.મી. લાંબી કતાર જોવા મળી હતી. જેમાં આ વખતે ખેડૂતોને 66 નંબરની મગફળીનો ભાવ 2100 રૂપિયા મળ્યો છે.

## વેકેશન પૂરું થતાં માગ પૂરી કરવા રજુઆત: પડતર પ્રશ્નો અંગે સંચાલક મંડળે શિક્ષણ સચિવને રજૂઆત કરી

(એજન્સી) અમદાવાદ । તા.06

રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલના ગ્રાન્ટ, નિભાવ ગ્રાન્ટ, એફઆરસી,શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ સહિતના અનેક પડતર પ્રશ્નો છે. જેને લઈને શાળા સંચાલક મંડળે શિક્ષણ સચિવને દિવાળી અગાઉ પત્ર લખી દિવાળી વેક્શન પૂરું થાય ત્યાં સુધી આ તમામ માગ પૂરી કરવા રજૂઆત કરી છે. દિવાળી બાદ આ બધી માગ પૂરી થાય તો શિક્ષણકાર્ય રાબેતા મુજબ ચાલી શકે. ગ્રાન્ટના સ્લેબમાં 17 વર્ષથી વધારો કરવામાં આવ્યો નથી રાજ્ય શાળા સંચાલક મહામંડળે શિક્ષણ સચિવને પત્ર લખીને જણાવ્યું છે કે, રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોમાં ગ્રાન્ટની ચૂકવણી બાકી છે. દિવાળીનો તહેવાર હોવાથી હવે ગ્રાન્ટ મળવી મુશ્કેલ છે. જેથી તાત્કાલિક ગ્રાન્ટ આપવી જોઈએ. રાજ્યની સ્કૂલોમાં આપવામાં આવતી ગ્રાન્ટના સ્લેબમાં 17 વર્ષથી વધારો કરવામાં આવ્યો નથી. મોઘવારી વધી પરંતુ ગ્રાન્ટના સ્લેબ હજુ વધ્યા નથી. જેથી ગ્રાન્ટનો સ્લેબ વધારવો જોઈએ. રાજ્યની ખાનગી સ્કૂલોમાં 2017થી FRC દ્વારા ફીનો સ્લેબ નક્કી કરવામાં આવ્યો છે. 7 ટકા દર વર્ષે ફીમાં વધારો કરવામાં આવે તેવી માગ કરવામાં આવી છે.

## રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ ટ્રેન હવે અઠવાડિયામાં બે દિવસ દોડશે

(એજન્સી) અમદાવાદ । તા.06

પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને રાજકોટથી લાલકુઆં વચ્ચે દોડતી સાપ્તાહિક વિશેષ ટ્રેન સપ્તાહમાં બે દિવસ દોડાવવાનો નિર્ણય કર્યો છે. જેની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નંબર 05046/05045 રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ (દ્વિ-સાપ્તાહિક) ટ્રેન નંબર 05046 રાજકોટ-લાલકુઆં સ્પેશિયલ રાજકોટથી 7 નવેમ્બરથી 2 ડિસેમ્બર, 2024 સુધી દર સોમવાર અને ગુરુવાર દોડશે. તેવી જ રીતે ટ્રેન નંબર 05045 લાલકુઆં-રાજકોટ સ્પેશિયલ લાલકુઆંથી 6 નવેમ્બરથી 1 ડિસેમ્બર 2024 સુધી દર રવિવારે અને બુધવારે દોડશે. ટ્રેન નંબર 05046 ની વધેલી આવર્તનનું બુકિંગ તમામ PRS કાઉન્ટર્સ અને IRCTC વેબસાઈટ પર તાત્કાલિક અસરથી ખુલ્લું છે. ટ્રેનોના સ્ટોપેજના સમય અને રચના અંગેની વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# ટ્રકમાલિકની તાલિબાની સજા: કંડક્ટરને અર્ધનગ્ન કરી હાથ બાંધી બેભાન થયો ત્યાં સુધી પટ્ટે ને પટ્ટે ફટકાર્યો, ખેડા પોલીસે આરોપીને દબોચ્યો

(એજન્સી) અમદાવાદ । તા.06

સોશિયલ મીડિયામાં એક શખ્સ એક ટ્રક ડ્રાઈવરને હાથ બાંધી અને અર્ધ નગ્ન કરી ચામડાના પટ્ટાથી માર મારતો હોવાનો વીડિયો વાઈરલ થયો છે. આ વીડિયો અમદાવાદ ગ્રામ્યના અસલાલી વિસ્તારનો હોવાનું જાણવા મળ્યું છે. ટ્રકમાલિક દ્વારા ચોરીનો આરોપ મૂકી અને ડ્રાઈવરને બેરહેમીપૂર્વક માર મારવામાં આવતા તે બેભાન થઈ જમીન પર ઢળી પડ્યો હતો. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાંની સાથે જ કોઈ ટ્રાન્સપોર્ટ અગ્રણી દ્વારા માર મારનાર વ્યક્તિને ફોન કરી ધમકાવ્યો હોવાનું અને ગૃહમંત્રીને આ બાબતે ફરિયાદ કરવામાં આવશે તેમ જણાવ્યું હોવાની ઓડિયો ક્લિપ પણ સામે આવી છે. આ અંગે અમદાવાદ જિલ્લા ડીએસપીનો સંપર્ક કરતા જાણવા મળ્યું હતું કે, આ વીડિયો ખેડા જિલ્લાની હદનો છે. જ્યારે ખેડા જિલ્લા ડીએસપી રાજેશ ગઢિયાએ જણાવ્યું હતું કે, આ વીડિયો અમારા ધ્યાનમાં આવ્યો છે. અમે ભોગ બનનારનો સંપર્ક કર્યો છે, તે ફરિયાદ નોંધાવશે તો કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.



### 'શેઠ આવું ના કરો' કહ્યું છતાં ટ્રક માલિક ના માન્યો

આ વીડિયો વાઈરલ બાબતે ખેડા ટાઉન પીઆઈ એચ.વી. શીશારાએ જણાવ્યું કે, આ વીડિયો વાઈરલ થતાં અમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો, જેમાં આઈસર ટેમ્પાની બાજુમાં એક ઈસમ બીજાને માર મારતો હોવાનું જણાઈ આવ્યું હતું. જે વીડિયોની તપાસ કરતા ખેડાના કનેરા ગામના બળવંત ખિલસિસ રાજપૂત નામના વ્યક્તિને પોલીસ સ્ટેશને લાવવામાં આવ્યા હતા અને તેની અટકાયત કરવામાં આવી છે. તપાસ દરમિયાન એવી વિગતો જાણવા મળેલી કે, આ વીડિયો 10 ઓક્ટોબર 2024ના રોજનો છે.

### 'તમારી હવે વાટ લાગી ગઈ છે તમે કેમ પોલીસને કે તંત્રને જાણ ના કરી?'

માર મારનારી વ્યક્તિનું નામ બલવંતસિંહ હોવાનું સામે આવ્યું છે. જેની પાસે 20થી વધારે ટ્રક છે. સોશિયલ મીડિયામાં વીડિયો વાઈરલ થયા બાદ ભાજપના ગાંધીનગર કાર્યાલયથી ટ્રાન્સપોર્ટ અગ્રણી અને રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકેની ઓળખ આપી એક વ્યક્તિએ માર મારનાર બલવંતસિંહને ફોન કરી ધમકાવ્યો હતો. તમારી ઓફિસ ક્યાં છે અને તમે ડ્રાઈવરને માર માર્યો છે ત્યારે બલવંતસિંહે કહ્યું હતું કે, ગાડી ચોરી કરીને ભાગતો હતો તેનો વીડિયો પણ છે. તો સામે ટ્રાન્સપોર્ટ અગ્રણીએ કહ્યું કે, તમારી હવે વાટ લાગી ગઈ છે તમે કેમ પોલીસને કે તંત્રને જાણ ના કરી?

# નાગરિકોને ભારે હાલાકી: ચેનપુર રેલવે અંડરબ્રિજની કામગીરી સમયસર પૂરી ન થઈ

### રોજ હજારો લોકોને બે કિલોમીટર ફરીને એસજી હાઈવે જવું પડે છે

(એજન્સી) અમદાવાદ । તા.06

શહેરના ચેનપુર વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી રેલવે અંડરબ્રિજની કામગીરી ચાલી રહી છે. છેલ્લા ચાર મહિનાથી ન્યુ રાણીપ, રાણીપથી એસજી હાઈવે તરફ જવા માટેનો રોડ બંધ કરવામાં આવ્યો છે. દિવાળી પહેલા રેલવે અંડરબ્રિજની કામગીરી પૂર્ણ થવાની હતી. પરંતુ હજી સુધી આ અંડરબ્રિજની કામગીરી પૂર્ણ થઈ નથી. ઓક્ટોબર મહિનામાં કામગીરી પૂર્ણ થવાની હતી. પરંતુ હજી સુધી કામગીરી પૂર્ણ થઈ નથી અને હજી એક મહિના સુધી આ કામગીરી પૂર્ણ થશે નહીં. રેલવે અંડરબ્રિજ બનાવવાની કામગીરી હાલ બંધ હોવાના કારણે હજી પણ ન્યુ રાણીપ અને જગતપુર થઈને જનારા લોકોને બે કિલોમીટર જેટલું ફરીને જવું પડશે. કોન્ટ્રાક્ટર અને અન્ય કારણોસર આ કામગીરી પૂર્ણ થઈ શકી



નહોતી ફાટકમુક્ત અભિયાન અંતર્ગત શહેરમાં વિવિધ જગ્યાએ આવેલા ફાટકો પર રેલવે અને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સંયુક્ત રીતે મળી અંડરબ્રિજ બનાવવાની કામગીરી કરવામાં આવે છે. શહેરના ચેનપુર વિસ્તારમાં મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા ત્રણ વર્ષ પહેલા રેલવે અંડરબ્રિજ બનાવી દેવામાં આવ્યો હતો.